ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૨ જાન્યુઆરી-૨૦૧૮ અંક-૧

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્ર : એક દૃષ્ટિબિંદુ | પ્રા. રમણીક ચુડાસમા | ૩ |
| ૨. | ડૉ. ઍડવીન મસિહી : કર્મઠ અધ્યાપક અને સંશોધક | પ્રો. નલિની કિશોર ત્રિવેદી | ૮ |
| ૩. | ગુજરાતમાં પાણી અને સ્વચ્છતા - જેન્ડર અભિગમ | ડૉ. ચંદ્રિકા રાવલ | ૧૨ |
| ૪. | સામાજિક ન્યાય વિશે ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોની પ્રસ્તુતતા | ડૉ. શૈલજા ધ્રુવ | ૧૯ |
| ૫. | ભારતમાં ‘વંચિત’ની વિભાવના - વ્યક્તિ અને રાજ્ય | પરેશકુમાર વી. ચૌહાણ | ૨૪ |
| ૬. | શિપ બ્રેકિંગ યાર્ડ અલંગના સ્થળાંતરિતો પર થયેલ સાંસ્કૃતિક અસરો એક સવાલ | ડૉ. બાદર કુરેશી | ૩૮ |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

સંપાદન :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

વ્યવસ્થા :
**નલિની કિશોર ત્રિવેદી**

પરામર્શન :
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**



લેખ મોકલવાનું માટેનું સરનામું:
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩
email : bjbrahmbhatt1@yahoo.co.in



વાર્ષિક લવાજમઃ રૂ. ૧૦૦-૦૦


**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવા મંડળનાં ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત ભારત તેમજ વિશ્વનાં જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતાં અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તક પરિચય, ગ્રંથાવલોકન, સમાજ પરિવર્તનનાં પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ વિજ્ઞાનોનાં શોધ સમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભ સૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોન નંબર તેમજ Email ID તેમજ શક્ય હોય તો સમાજ સેવા મંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેથી તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સમાજસેવા મંડળનું સભ્યપદ ધરાવનારને સમાજકારણ પહોંચાડવામાં આવે છે, ક્વચિત ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯.

(૧૧) જાન્યુઆરીના અંકમાં લેખ પ્રકાશિત કરવા ઑક્ટોબર અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો-સમાચાર - પ્રવૃત્તિ નોંધ મોકલી દેવા વિનંતી છે.


**મુદ્રક : અર્થ કૉમ્પ્યુટર :**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪

## સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્ર : એક દષ્ટિબિંદુ

– પ્રા. રમણીક ચુડાસમા*

પ્રા. વિદ્યુતભાઈ જોશીના એકથી વધુ ટેલિફોનિક આમંત્રણને વશ વર્તીને સમાજશાસ્ત્રના એક અભ્યાસી અને વિદ્યાર્થી તરીકે મારી કેટલીક હકીકતો તથા ઉદ્‌ભવેલાં નિરીક્ષણોને આ લેખમાં શબ્દબદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. હું ૧૯૩૫માં અમરેલી જિલ્લાના બગસરામાં જન્મ્યો હતો. મેં મારું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બગસરાની શાળાઓમાં જ પૂર્ણ કરેલ છે. મેટ્રિકના છેલ્લા વર્ષ દરમિયાન અમે કેટલાક મિત્રો દરરોજ મળતા અને સાંજે ફરવા જતા. આ સમય દરમિયાન મારું બૌદ્ધિક બંધારણ ઘડાતું જતું હતું.

હું જ્યારે મેટ્રિકમાં હતો ત્યારે હાઈસ્કૂલમાં રજનીભાઈ વ્યાસ નામના નવા શિક્ષક આવેલા. સમાજશાસ્ત્રમાં મારામાં રસ અને અભ્યાસનો પાયો નાખવામાં રજનીભાઈ વ્યાસનો મૂલ્યવાન ફાળો છે. રજનીભાઈના નિવાસસ્થાને અમે મિત્રો મળતા, ત્યારે તેઓ અમારી સાથે જાતજાતના પ્રશ્નોની ચર્ચા કરતા હતા. હું ઘર, કુટુંબ, જ્ઞાતિ, ધર્મ જેવા વિષયો અંગે જેવું વિચારતો હતો. તેવા જ વિચારો અને મંતવ્યો રજનીભાઈની વાતચીતમાં સતત વ્યક્ત થતા હતા. એટલે કે મારી વિચારસરણીને લગતું કોઈ શાસ્ત્ર છે અને તેનું નામ સમાજશાસ્ત્ર છે એવું પહેલીવાર મેં રજનીભાઈ પાસેથી જાણ્યું હતું.

૧૯૫૫માં હું રાજકોટ ધર્મેન્દ્ર કૉલેજના પહેલા વર્ષમાં દાખલ થયો હતો. પણ કૉલેજમાં સમાજશાસ્ત્રની જોગવાઈ ન હોવાથી કૉલેજનું બીજું વર્ષ કરવા હું ભાવનગર ગયો હતો. ઈન્ટર આર્ટ્સના વર્ગમાં અમને સમાજશાસ્ત્ર પ્રા. પ્રફુલભાઈ ઝાલા શીખવતા હતા. તેઓ સમાજશાસ્ત્રના વિષય સાથે એમ.એ. થયા નહિ હોય, પણ વિષયને શીખવવાની આ કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી હશે. કૉલેજના છેલ્લા બે વર્ષનો અભ્યાસ મેં સમાજશાસ્ત્રનો મુખ્ય વિષય રાખીને શામળદાસ કૉલેજમાં કર્યો હતો. શામળદાસ કૉલેજમાં સમાજશાસ્ત્ર અમને પ્રા. કે. રામન ઉન્નીત શીખવતા હતા. તેમને ગુજરાતી આવડતું નહિ. પ્રા. ઉન્નીતના અધ્યાપનથી કમનસીબે મને વિશેષ લાભ થયો ન હતો. બી.એ.ના છેલ્લા સત્રમાં સમાજશાસ્ત્રમાં નવા અધ્યાપક પ્રા. હરિપ્રસાદ અજવાળિયા આવ્યા હતા. પ્રા. અજવાળિયાને કારણે વર્ગનું વાતાવરણ થોડું જીવંત બન્યું હતું. તેઓ મોજીલા સ્વભાવના હતા, પણ તેમના સમાજશાસ્ત્રીય જ્ઞાનનો પણ હું લાભ મેળવી શક્યો ન હતો. આ માટે મારી સાથે એમની પણ થોડી ભૂમિકા હશે કે કેમ? તેની મને ખબર નથી.

મારો બી.એ.નો અભ્યાસ પુરો થયા પછી સંજોગોવશાત હું મારા વતન બગસરાની હાઈસ્કૂલમાં બે વર્ષ સુધી નોકરીમાં રહ્યો હતો, પણ ૧૯૬૨ થી ૧૯૬૩ હું અમદાવાદ સમાજશાસ્ત્ર સાથે એમ.એ.નો અભ્યાસ કરવા સમાજવિદ્યા ભવનમાં દાખલ થયો હતો. ભવનમાં આ વખતે પ્રા. તારાબહેન પટેલ અધ્યક્ષ હતાં અને પ્રા. બી.વી.શાહ અને પ્રા. આર.ડી. પરીખ અધ્યાપકો હતા. ભવનના સમયપત્રકમાં દરરોજ છેલ્લો પિરિયડ સેમીનારનો હતો જે મને ખૂબ ગમતો. સેમીનારમાં થતી ચર્ચામાં હું રસભેર ભાગ લેતો અને અનુકૂળતા અનુસાર પેપર રીડીંગ પણ કરતો.

મારા સમય દરમિયાન એક પ્રશ્નપત્ર શોધનિબંધનું હતું અને તે ફરજિયાત સ્વરૂપનું હતું. મારા શોધનિબંધનો વિષય 'કુટુંબ અને જ્ઞાતિ સંબંધી હાઈસ્કૂલના સ્નાતક શિક્ષકોનાં વલણો' હતો અને તેના માર્ગદર્શક પ્રા. બી.વી.શાહ હતા. મને શોધનિબંધના પ્રશ્નપત્રમાં સારા માર્કસ મળેલા. મેં એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો પછી થોડાં વર્ષોમાં જાણેલું કે મારા શોધનિબંધના બાહ્ય પરીક્ષક ડૉ. કે. એમ. કાપડિયા હતા અને તેમણે પોતાના એમ.એ.ના વર્ગમાં મારા શોધનિબંધનો એકથી વધુ વાર ઉલ્લેખ કરેલો.

એટલું જ નહિ પણ પોતાના પુસ્તક 'Marraiage and Family in India' પુસ્તકની એક સંશોધિત આવૃત્તિમાં એક પ્રકરણમાં મારા નામનો ઘણીવાર ઉલ્લેખ પણ કરેલો છે. આથી મને સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં વિદ્યાકીય ઓળખ અને સ્વીકૃતિ મળી હોવાનું મારું માનવું છે. અમદાવાદના અભ્યાસ દરમિયાન ભવનના અધ્યાપકો પાસેથી મને જેમ જ્ઞાન મળ્યું છે તેમ ગુજરાત

* નિવૃત્ત પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ.

યુનિ.ના ગ્રંથાયલયના વાંચન થકી પણ ઘણું જ્ઞાન મળ્યું હોવાનું માનું છું. હૉસ્ટેલમાં રહેતો હોવાથી યુનિ. ગ્રંથાલય ખૂબ નજીક હતું. એટલે મેં તેનો શક્ય તેટલો મહત્તમ ઉપયોગ કર્યો હતો.

એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યા પછી પરીક્ષાનું પરિણામ આવે તે પહેલા ૧૯૬૩માં સમાજશાસ્ત્રના લેક્ચરર તરીકે મને સોમનાથ કૉલેજ, વેરાવળમાં નિમણૂક મળી હતી, પણ વિષમ હવામાનને લીધે એ નોકરીમાંથી એક વર્ષ પૂરું થતાં છૂટો થઈ ૧૯૬૪માં હું ધ્રાંગધ્રાની એસ.પી.જૈન કૉલેજમાં જોડાયો હતો. ત્યાં પણ વર્ષ પૂરું થતાં ૧૯૬૫માં રાજકોટમાં નવી ખૂલેલી વિરાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં જોડાયો હતો. આ જ કૉલેજમાં ૩ વર્ષની નોકરી પૂરી થતાં ૧૯૬૮માં મને પ્રોફેસર તરીકે બઢતી આપવામાં આવી હતી.

૧૯૭૨થી રાજકોટમાં જ કુંડલિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ તરીકે મને નિમણૂંક મળી હતી. કુંડલિયા કૉલેજમાં લગભગ ૧૨ વર્ષની નોકરી પૂરી કર્યા પછી હું ૧૯૮૩માં સૌરાષ્ટ્ર યુનિ.ના સમાજશાસ્ત્ર ભવનમાં લેક્ચરર તરીકે જોડાયો હતો. ભવનમાં એ વખતે પ્રા. પી.એસ.જેઠવા અધ્યક્ષ હતા અને પ્રા. હરિભાઈ પટેલ લેક્ચરર હતા. જેમને પાછળથી રીડર પદે બઢતી પણ મળી હતી. યુનિ. ભવનની દર વર્ષની નોકરી દરમિયાન વિભાગમાં અન્ય અધ્યાપકોની આવનજાવન થતી હતી.

હું જ્યારે રાજકોટની કૉલેજ કક્ષાએ નોકરી કરતો હતો ત્યારે સૌરાષ્ટ્ર યુનિ. અને કૉલેજના સમાજશાસ્ત્રના તમામ અધ્યાપકોનું એક મંડળ રચાયું હતું. આ મંડળના પહેલા પ્રમુખ બનવાનું મને બહુમાન મળ્યું હતું. ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું રાજકોટમાં જ્યારે પહેલીવાર અધિવેશન મળ્યું હતું, ત્યારે તેના યજમાન પદે આ મંડળ હતું, પણ આ હકીકતનો પરિષદના કોઈ પ્રકાશનમાં કે મંત્રીના અહેવાલોમાં ઉલ્લેખ થતો નથી. એને બદલે યજમાન તરીકે સૌરાષ્ટ્ર યુનિ.નો જ ઉલ્લેખ થયા કરે છે.

હું રાજકોટની કૉલેજમાં હતો ત્યારે અમદાવાદના પ્રા. અરવિંદ શાહ સાથે એક સહલેખક રહીને સમાજશાસ્ત્રનાં કૉલેજ કક્ષાનાં કેટલાંક પાઠ્યપુસ્તકો અમે પ્રકાશિત કર્યા હતાં. આ પુસ્તકોનો છેક મુંબઈ સુધી સંદર્ભ તરીકે કેટલાક વિદ્યાર્થીઓએ ઉપયોગ કર્યો હતો.

સૌરાષ્ટ્રમાં કૉલેજ કક્ષાએ સમાજશાસ્ત્રનો વિષય સૌપ્રથમ ભાવનગરમાં શીખવવામાં આવતો હતો એમ મનાય છે. મારા અભ્યાસકાળ દરમિયાન ભાવનગરમાં પ્રા. ઉન્નત, પ્રા. અજવાળિયા અને પ્રા. ભટ્ટીનાં નામો જાણીતાં હતા. જ્યારે રાજકોટમાં પ્રા. સારાબહેન વૉરા અને પ્રા. પ્રજ્ઞાબહેન ઝવેરીનાં નામો જાણીતાં હતાં. આ ઉપરાંત અનેક અન્ય અધ્યાપકો પણ કૉલેજોમાં કાર્યરત હતા.

સૌરાષ્ટ્ર યુનિ.માં એમ.ફીલ અને પીએચ.ડી. કક્ષાએ બહુ મોટી સંખ્યામાં શોધનિબંધો થયા છે. આ શોધનિબંધોનો વિશિષ્ટ રીતે અભ્યાસ કરીને પ્રજ્ઞા ચુડાસમા નામની વિદ્યાર્થીનીએ શોધનિબંધની પદવી મેળવી છે તથા પ્રા. હેમીક્ષારાવે પણ આવો જ અભ્યાસ કરીને એક સ્વતંત્ર પુસ્તક પ્રકાશિત કર્યું છે. જે બધા શોધનિબંધો થયા છે તે પૈકીના મોટા ભાગના શોધનિબંધોમાં કુટુંબ, જ્ઞાતિ અને લગ્નના અભ્યાસો થયા છે. કેટલાક શોધનિબંધોમાં પુરોગામી અભ્યાસોના પ્રભાવ કે પ્રતિબિંબ પડતાં હોવાનું પણ કહેવાય છે.

સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્ર શીખવતી કૉલેજોની સંખ્યા ઘણી થોડી છે. એ પૈકીની મોટાભાગની કૉલેજો જૂનાગઢ જિલ્લાની છે. પણ જૂનાગઢમાં હવે નવી યુનિ. કાર્યરત થતાં આ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની તે યુનિ.માં તબદિલી થશે. આની સૌરાષ્ટ્ર યુનિ. ઉપર અસરો થશે. જો કે આજે પણ સૌરાષ્ટ્ર યુનિ.ની જે કૉલેજોમાં સમાજશાસ્ત્ર શીખવવાય છે તેની સંખ્યા અલબત્ત થોડી હોવા છતાં તેમાં વિષયને પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા બહુ નોંધપાત્ર હોય છે. સૌરાષ્ટ્ર યુનિ.ના સમાજશાસ્ત્ર ભવનમાં વિદ્યાર્થીઓની સંખ્યા અગાઉના વર્ષોની સરખામણીએ ઠીક-ઠીક ઘટી છે.

વિદ્યાર્થીઓ વિષયને પસંદ કરતી વખતે તેમની પસંદગીમાં અનેક પરિબળો કામ કરતા હોય છે, પણ એમાં એક પરિબળ વિષયને શીખવતા અધ્યાપકોની સંનિષ્ઠા અને સજ્જતાનું પણ હોય છે. સમાજશાસ્ત્રના સર્વ અધ્યાપકો આ પરિબળથી હંમેશા જાગૃત રહે એ તેમના તેમ જ વિષયના હિતમાં ગણાય. સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રના થતા સંશોધન અને અધ્યાપન અંગે બહારના સમાજશાસ્ત્રના અધ્યાપકોના અભિપ્રાયો ઉત્સાહવર્ધક નથી હોતા.

સૌરાષ્ટ્રના પ્રા. હેમીક્ષા રાવ, પ્રા. હરિભાઈ પટેલ

અને પ્રા. રમણીક ભટ્ટી સિવાય અન્ય અધ્યાપકોનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રદાન બહુ જાણીતું નથી. સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્ર વિષયનું બહુ લાંબાં વર્ષો સુધી નેતૃત્વ કરનાર પ્રા. પી.એસ.જેઠવાની સ્મૃતિને ચીરંજીવરૂપ મળે એવી કોઈ યોજના નક્કર પ્રમાણમાં અસ્તિત્વમાં આવી નથી. પ્રા. જેઠવાના સમાજશાસ્ત્રીય પ્રદાનનું વસ્તુલક્ષી મૂલ્યાંકન કરવાનો પણ કોઈએ આજ સુધીમાં પ્રયત્ન કર્યો હોય એવી જાણ નથી.

સમાજશાસ્ત્રના અધ્યાપકોની વિષય પરત્વેની સમર્પિતતા અને પ્રતિબદ્ધતાનો પરિચય મેળવવાનો એક માપદંડ રીસર્ચ પ્રોજેક્ટ ગણાય છે. યુજીસીના કેટલા માઈનોર અને મેજર રીસર્ચ પ્રોજેક્ટ સૌરાષ્ટ્રના સમાજશાસ્ત્રના અધ્યાપકોએ પરિપૂર્ણ કર્યા છે, તેની આ લખનારને માહિતી નથી. તેવી જ રીતે કેટલા અધ્યાપકોએ સીમલાના ગ્રંથાલયનો અને સુરતના સેન્ટરના ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં ભાગ લીધો છે. તેની પણ અધિકૃત માહિતી ઉપલબ્ધ નથી.

આનો અર્થ એમ થાય કે સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રના વિકાસ માટે અત્યારે જેટલું થયું છે તેના કરતાં ખૂબ વધારે કામ કરવાનું બાકી છે. સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રનો સંખ્યાત્મક દૃષ્ટિએ કદાચ પર્યાપ્ત વિકાસ થયો હશે, પણ ગુણાત્મક વિકાસ માટે તો ભરપુર કામગીરી કરવાની આવશ્યકતા છે. સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રની જે સમકાલીન દશા અને દિશા છે તે નિરાશાજનક ન હોય તો પણ વધુ ઉજ્જવળ અને આશાજનક બનાવવાની ક્ષમતા અપેક્ષે છે. વિદ્યુતભાઈએ આ નિસ્બતને એક દૃષ્ટિબિંદુઓથી બોલકી બનાવવાનો અવસર પ્રદાન કર્યો તે માટે ગુણ સ્વીકારું છું.

સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસોનો અપવાદ સિવાય, કોઈ સળંગસૂત્રી અને સાતત્યપૂર્ણ અભ્યાસ થયો નથી. આવા અભ્યાસના અભાવે આ વિશે નિરીક્ષણો પ્રસ્તુત કરવાં એ થોડું નાજુક કાર્ય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રીય સંશોધનની વિચારણા કરવાનું ફલક ઘણું મર્યાદીત છે કારણ કે માત્ર સામાજિક સંશોધનને જ વરેલી હોય એવી સૌરાષ્ટ્રમાં કોઈ સરકારી, અર્ધસરકારી કે બિનસરકારી સંસ્થા અસ્તિત્વમાં નથી. તેવી જ રીતે સરકારના કે કોઈ કોર્પોરેટ સંગઠનની ફરમાઈશથી સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રીય સ્વરૂપનું સંશોધન થયું નથી. તેમ જ તેનો અહેવાલ પ્રકાશિત થયો નથી.

સૌરાષ્ટ્રમાં સ્ત્રીઓની આત્મહત્યા અંગે પુષ્પાબહેન સમિતિએ કરેલ અભ્યાસ એકથી વધુ અર્થમાં અપવાદરૂપ છે. આથી સૌરાષ્ટ્રમાં જે મોટાભાગનાં સમાજશાસ્ત્રીય સંશોધનો થયા છે તે યુનિ. કક્ષાએ થયેલાં છે. આવા અભ્યાસો અભ્યાસક્રમ અને પદવીની જરૂરિયાતરૂપે થયા છે. સૌરાષ્ટ્રમાં કૉલેજ કક્ષાએ થયેલા આવા અભ્યાસોનું પ્રમાણ ઓછું છે. સૌરાષ્ટ્રમાં એમ.ફીલ. અને પીએચ.ડી. કક્ષાએ સમાજશાસ્ત્રીય અભ્યાસો વર્ષોથી થાય છે. આ ઉપરાંત યુનિ. કક્ષાના અમુક અધ્યાપકોએ પણ વ્યક્તિગત કક્ષાએ સંશોધન અભ્યાસો કર્યા છે. અલબત્ત આવા અભ્યાસો ઓછા થયા છે.

સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્ર વિષયમાં થયેલા સંશોધન અભ્યાસોનું નિરપેક્ષ રીતે તેમ જ તુલનાત્મક રીતે પણ પ્રમાણ નોંધપાત્ર છે. પ્રા. પી.એસ.જેઠવાના માર્ગદર્શન હેઠળ થયેલા અભ્યાસોનું પ્રમાણ એક વખતે સૌથી વધું હતું. જો કે જે બધા સંશોધન અભ્યાસો થયા છે તે સંખ્યાની દૃષ્ટિએ વિપુલ હોવા છતાં ગુણવત્તાની દૃષ્ટિએ એટલા ઉત્કૃષ્ટ છે કે નહિ એ અંગે અભિપ્રાય ભેદ પ્રવર્તે છે. કેમ કે આવા સંશોધન અભ્યાસો વિદ્યાકીય માપદંડોથી પરિપૂર્ણ કદાચ ન પણ હોઈ શકે. થોડાક સંશોધન અભ્યાસો ગુણવત્તાની દૃષ્ટિએ નિઃશંક અપવાદરૂપ પણ છે.

સંશોધન અભ્યાસોમાં વિષયની પસંદગી, અભ્યાસીની સજ્જતા, માર્ગદર્શકની ભૂમિકા, બાહ્ય પરીક્ષકોનું મૂલ્યાંકન જેવી અનેક બાબતો સંશોધન અભ્યાસ સાથે જોડાયેલી હોય છે. જે બધા અભ્યાસો થયા છે તેમાં મોટાભાગના અભ્યાસોમાં નિદર્શ તરીકે ૧૦૦નો આંક જ પસંદ કરવામાં આવે છે. ગાણિતિક રજૂઆતમાં સરળતા રહે તેટલા માટે પણ કદાચ આમ કરવામાં આવતું હશે. કોઈ એક સંશોધન અભ્યાસને તેના જેવા બીજા સંશોધન અભ્યાસ સાથે રાખીને જોવામાં આવે તો તેમાં ભિન્નતા કરતાં સમાનતાનાં તત્ત્વો વધુ પણ જોવા મળે એવું પણ બની શકે. આવી બધી બાબતો સંશોધન અભ્યાસોની મૌલિકતાને જોખમાવતી હોય છે.

સંશોધન અભ્યાસોમાં ઉલ્લેખવામાં આવતા સંદર્ભ સાહિત્યની સૂચિ અભ્યાસની શોભામાં અવશ્ય વૃદ્ધિ કરતી હોય છે, પણ સંશોધકે ઉલ્લેખિત સંદર્ભ સાહિત્ય વાંચ્યું

હશે કે નહિ અથવા તો જોયું પણ હશે કે નહિ એ અંગે સૌનો જવાબ એક જ હોય એવું ન પણ બને. ક્યારેક તો સંશોધન અભ્યાસ કરનાર અને તેને રજુ કરનાર વ્યક્તિ એક જ હોય એવું બધા કિસ્સામાં બેધડક રીતે કહી શકાય એમ હોતું નથી. આમ, સંશોધન અભ્યાસના સિક્કાની જે બીજી બાજુ છે તે વિષે પણ બિનઆધારભુત અફવાઓ ઉઠતી હોય છે.

સૌરાષ્ટ્રનો ભાતીગળ સમાજ છે. જુદા જુદા સમુદાયોના રીતરિવાજ અને જીવનશૈલી એક સમાન નથી. સામાજિક મૂલ્યપ્રથા અને વર્તનશૈલીમાં પણ વિવિધતા પ્રવર્તે છે. સૌરાષ્ટ્રમાં જે સમુદાયો કે જ્ઞાતિઓના સમાજશાસ્ત્રીય અભ્યાસો થયા છે તેના કરતાં જેમનો હજુ સુધી અભ્યાસ થયો ન હોય તેવા અનેક સમુદાયો અને જ્ઞાતિઓ બાકી છે. જેટલો નગરીય પશ્ચાદભૂનો થયો છે એટલો ગ્રામીણ પશ્ચાદભૂનો નથી.

અમુક કિસ્સામાં સંશોધક પોતે જે જ્ઞાતિ, પ્રદેશ, ધર્મ કે જાતિ (રેસ)ના હોય તેના વિષે અભ્યાસ કરવાનું વધારે વલણ ધરાવતા હોય છે. આના જેમ ફાયદા છે તેમ કેટલીક મર્યાદાઓ પણ છે. આમ થવાથી અમુક બિનપ્રમાણભૂત માન્યતા અને માહિતીનું અભ્યાસમાં અજાણતા સ્થાન મળી જાય છે. સૌરાષ્ટ્રનાં ગામડાંઓની સ્થિતિ બદતર થતી જાય છે. રાજકીય પક્ષાપક્ષીએ ગામની શાંતિ અને સામાજિક સંવાદીતાને કલુષિત કરી નાખી છે. ખોટા રીતરિવાજો અને હાનિકારક વ્યસનોએ ગ્રામીણ પ્રજાની દુર્દશામાં ઘણો વધારો કર્યો છે. ગ્રામીણ વસ્તીનું શહેરોમાં સ્થળાંતર ઝડપી બન્યું છે. ખેતી ઉપર જીવન જીવતા સમુદાયો ખેતીની પ્રવૃત્તિથી અલગ થઈ રહ્યા છે.

પણ આ બધી બાબતોને સૌરાષ્ટ્રના સમાજશાસ્ત્રીય સંશોધનમાં હજુ સુધી પર્યાપ્ત પ્રતિનિધિત્વ મળ્યું નથી. તેવી જ રીતે સૌરાષ્ટ્રના મોટાં અને મધ્યમ કદનાં શહેરો ઝડપથી વિકસી રહ્યાં છે. પણ આ વિકાસે શહેરોમાં અનેક નવા પ્રશ્નોને જન્મ આપ્યો છે. આ પ્રશ્નો રોજગારીના છે, રહેઠાણના છે, કેળવણીના છે, કુટુંબના છે અને જાતીય સંબંધોના પણ છે. પરંતુ સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસોમાં તેને આવશ્યક સ્થાન મળ્યું નથી.

સૌરાષ્ટ્રના દૈનિક વર્તમાનપત્રોમાં કુટુંબમાંથી પોતાના સંતાનોના ધોરણભંગ વર્તન માટે તેમની સાથેના સંબંધોનો કાયમ માટે અંત આવે છે એવી જાહેરખબરો અવારનવાર પ્રકાશિત થાય છે. આવાં કુટુંબોનો તેમ જ ધોરણભંગ કરનાર સંતાનોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવાનો મહત્ત્વનો મુદ્દો છે, પણ આ વિષયના અભ્યાસ તરફ અભ્યાસીઓનું લક્ષ્ય ખેંચાયું નથી.

સૌરાષ્ટ્રના સાગર કિનારાના ખારવા સમુદાયો અને ગીરના માલધારી સમુદાયોની સમાજવ્યવસ્થા અને શહેરીકરણની અસરો વિષે પણ સંશોધન કરવાની અનેક તકો છે. સૌરાષ્ટ્રના શહેરી વિસ્તારોમાં રોજગારીના ક્ષેત્રે યુવતીઓની સંખ્યા ઠીક પ્રમાણમાં દૃશ્યમાન થવા લાગી છે. નોકરી કરતી યુવતીઓની વિવિધ સમસ્યાઓ અંગે પણ પુરતા અભ્યાસો થઈ શકે તેમ છે.

તેવી જ રીતે યુવા સભ્યોને તેમની આવડત અને અભ્યાસને અનુરૂપ રોજગારી મળતી નથી. તેમનું કયા ક્ષેત્રમાં કેવું શોષણ થાય છે અને તેના સંભવીત ઉપાયો શું હોઈ શકે તેવા અભ્યાસો થવા હજુ બાકી છે. સૌરાષ્ટ્રની જુદી જુદી જ્ઞાતિઓમાં વેવિશાળ વિચ્છેદના તેમ જ લગ્ન સંબંધ તૂટવાના કિસ્સાઓ વધતા જાય છે. દલિત જ્ઞાતિ પણ આ સમસ્યાથી બાકાત રહી શકી નથી. કેટલાક કિસ્સામાં તો આ સમસ્યા ફક્ત સામાજિક સ્વરૂપની જ ન રહેતાં કાયદો અને વ્યવસ્થાની પણ બની છે. પણ સૌરાષ્ટ્રના સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસોમાં આ વિષે કશું જાણવા મળતું નથી.

સૌરાષ્ટ્રના યુવા જગતમાં સોશ્યલ મિડિયાનું જબરૂ આકર્ષણ ઉદ્‌ભવ્યું છે. વોટ્સએપ અને ફેસબુક જેવા માધ્યમોએ ફક્ત પરિવારમાં જ નહિ, સમાજમાં પણ સમસ્યા ઉત્પન્ન થવાનો અવકાશ સર્જ્યો છે. પણ આ અંગે થોડા છુટાછવાયા સમાચારો અને લેખો સિવાય પદ્ધતિસરના સંશોધન અભ્યાસો હાથ ધરાયા નથી. તેવી જ રીતે સૌરાષ્ટ્રમાં વૃદ્ધોની સમસ્યા વિકટ બનતી જાય છે. પણ થોડાંક વૃદ્ધાશ્રમોના અભ્યાસ સિવાય અન્ય દૃષ્ટિબિંદુથી આ પ્રશ્નને તપાસવામાં આવ્યો નથી.

સૌરાષ્ટ્રમાં જુદી જુદી જ્ઞાતિઓ પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારી રહી છે. જ્ઞાતિ સંગઠનો અને તેના પેટા મંડળોની સંખ્યા વધતી જાય છે. લગ્ન, મકાન, અનાજ, દવા, શિક્ષણ, પ્રવાસ, મનોરંજનથી માંડીને રસોઈ માટેના મસાલા વિતરણ સુધી જ્ઞાતિએ સેવાનો ન્યાય વધાર્યો છે. હવે તો જુદા જુદા કેન્દ્રોમાં જ્ઞાતિના વોટ્સએપ ગ્રુપ પણ રચાવા લાગ્યા છે. સમૂહલગ્ન અને પરિચયમેળાઓ પણ

નૂતન આવિષ્કારો છે. સમાજશાસ્ત્રમાં આ બધી ઘટનાઓનો અભ્યાસ કરવાની ઉત્તમ તક ગણાય.

ટૂંકમાં, સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસોની જરીપુરાણી શૈલી અને પદ્ધતિ નહિ બદલાય તો સમાજશાસ્ત્રીય જ્ઞાનની ઉપયોગિતા કાલગ્રસ્ત થઈ જશે. સમાજશાસ્ત્રીય જ્ઞાનના વિકાસ અને જીવંતતાની જવાબદારી સમાજશાસ્ત્રના અધ્યાપકોને શીરે છે. સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસોની વર્તમાન અવસ્થા માટે જે બધાં પરિબળો જવાબદાર છે તે પૈકીનું એક પરિબળ સમાજશાસ્ત્રના અધ્યાપકો પોતે છે.

એટલે સૌરાષ્ટ્રના સમાજશાસ્ત્રના અધ્યાપકોનો અભ્યાસ કરવાની પણ એટલી જ જરૂર છે. સૌરાષ્ટ્રના સમાજશાસ્ત્રના અધ્યાપકો વિષયનું ક્યારે અને કેટલું વાંચે કરે છે? વાંચન કરતી વખેત સાથોસાથ નોંધ પણ લખતા જાય છે? સમાજશાસ્ત્રના કયા સામયિકોનું વાર્ષિક કે આજીવન લવાજમ ભરે છે? સેમીનાર, કોન્ફરન્સ અને ટૂંકાગાળાના તાલીમ વર્ગોમાં સહભાગી બને છે? નાના કે મોટા સંશોધન પ્રોજેક્ટ માટે યુજીસીને કેટલીવાર દરખાસ્ત મોકલી છે? સમાજશાસ્ત્રી પરિભાષાનો લેખન અને બોલચાલમાં મહત્તમ ઉપયોગ કરે છે? ગ્રંથાલયમાં નિયમિત જાય છે? આસપાસના જગતમાં બનતી ઘટનાઓનું સમાજશાસ્ત્રીય અર્થઘટન કરી શકે છે? સમાજશાસ્ત્રમાં પોતાના રસ, જિજ્ઞાસા, લગાવ, કમીટમેંટ માટે શું પુરાવા આપી શકે એમ છે?

સમાજશાસ્ત્રના અધ્યાપકોમાં સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસોની બુનિયાદ રહેલી છે. સમાજશાસ્ત્ર એ નવલકથા કે કવિતાનો વિષય નથી. સમાજશાસ્ત્રમાં કલ્પના અને પ્રેરણાને મર્યાદિત મહત્ત્વ છે. સૌપ્રથમ તો સમાજશાસ્ત્રના અધ્યાપકોએ જ આત્મનિરીક્ષણ અને પરીક્ષણ કરવાની જરૂર છે. આવી તપાસ કર્યા પછી તેનાં તારણાંનો સાર્થક રીતે અમલ કરવો જોઈએ. સમાજશાસ્ત્રના અધ્યાપક બનવા ઉપરાંત સમાજશાસ્ત્રી બનવાની પણ આવશ્યકતા રહે છે.

સમાજશાસ્ત્રી બનવા માટે થોડી વિશેષ બૌદ્ધિક સંપદા અપેક્ષિત છે. જો કે આ સંપદા ઈશ્વરદત્ત નથી, તેમ આનુવંશિક પણ નથી. આ સંપદાના ઉદ્ભવ અને વિકાસ માટે જિજ્ઞાસા, નિરીક્ષણ, વાંચન, લેખન અને મનનની મુખ્યત્વે જરૂર રહે છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુ કે પરિપ્રેક્ષ્યનું ઘડતર એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા સમયાંતરે સંવર્ધિત અને સંમાર્જિત થતી રહેતી હોય છે. કોઈ પણ સમાજશાસ્ત્રનો અધ્યાપક આપોઆપ સમાજશાસ્ત્રી બની જતો નથી. સમાજશાસ્ત્રી બનવાની પ્રક્રિયા લાંબી સાતત્યપૂર્ણ અને કષ્ટસાધ્ય હોય છે. સમાજશાસ્ત્રના અધ્યાપકને સમાજશાસ્ત્રી બનવાની ગુરુચાવી હસ્તગત થઈ જાય તો તેની અધ્યાપક તરીકેની કારકિર્દીને તેમજ સંશોધન અભ્યાસોને પણ અનહદ ફાયદો થાય.

●

જે માનવી પોતાના ક્રોધને કાબૂમાં કરી લે છે, તે બીજાના ક્રોધથી બચી જાય છે.

●

પોતાની શક્તિમાં વિનમ્ર અને ઉચિત વિશ્વાસ વિના તમે સફળ કે ખુશ રહી શકતા નથી.

●

પડકારો જ જીવનને રોમાંચક બનાવે છે અને તેનાથી જ તમારા જીવનનું મહત્ત્વ નક્કી થાય છે.

●

ભૂલો કરવામાં પસાર કરેલું જીવન કંઈક કર્યા વગર પસાર કરેલા જીવનથી વધુ સારું છે.

●

જીવો એવી રીતે કે તમે કાલે જ મરવાના છો અને શીખો એવી રીતે કે હંમેશા માટે જીવવાના છો.

●

## ડો. એડવીન મસિહી : કર્મઠ અધ્યાપક અને સંશોધક

– પ્રો. નલિની કિશોર ત્રિવેદી*

સમાજકારણના જાન્યુઆરી અને જુલાઈ-૨૦૧૭ના અંકોમાં આવેલા મસિહી સાહેબના સ્વકથનાત્મક લેખોથી તેમના સરળ વ્યક્તિત્વ અને શિક્ષણ-ક્ષેત્રે તેમજ નિવૃત્તિ પછીની સંશોધન-યાત્રા અંગેની વિગતવાર માહિતી વાચકોએ મેળવી છે. છેલ્લો જુલાઈ ૨૦૧૭નો અંક વાચકોના હાથમાં આવે એ પહેલાં જ તેઓએ ટૂંકી માંદગી પછ અચાનક લીધેલી વિદાય ૮૪ની વયે પણ જાણે કે સમય કરતાં વહેલી જણાઈ હતી; કેમ કે આ વયે પણ તેઓ બે દાયકા નાના હોય તેટલી સ્ફૂર્તિ સાથે કાર્યરત હતા અને છેલ્લા વર્ષ સુધી સાંપ્રત સમાજ માટે પ્રસ્તુત હોય તેવા અભ્યાસપૂર્ણ સંશોધનો આપતા રહ્યા છે.

નિમ્ન મધ્યમ વર્ગના ચુસ્ત ધર્મનિષ્ઠ કુટુંબમાં ઉછરેલા ડૉ. મસિહી સાહેબનો જન્મ જંબુસરમાં થયો અને શાળાકીય શિક્ષણ મ્યુનિસિપલ શાળામાં. ભણવામાં તેજસ્વી મસિહી સાહેબને મેડિકલનાં શિક્ષણ મેળવી ડૉક્ટર થવું હતું, પણ એ શક્ય ન બનતાં વિનયન વિદ્યાશાખા પસંદ કરી અને મિત્રની સલાહથી સમાજશાસ્ત્ર વિષય સાથે વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાંથી બી.એ. અને એમ.એ. થયા. અહીં તેઓને પ્રોફેસર એમ.એન. શ્રીનિવાસ, આઈ.પી.દેસાઈ અને પી. કે. મિશ્રા જેવા વિષય-નિષ્ણાત અધ્યાપકોનો પરિચય થયો. સ્નાતક કક્ષાએ જ ડૉ.આઈ. પી. દેસાઈના સંયુક્ત-કુટુંબના અભ્યાસમાં અન્વેષક તરીકે કામ કરવાની તક મળી. વળી, ડૉ. દેસાઈએ તેમને સંશોધનની સમગ્ર પ્રક્રિયામાં પણ સામેલ કર્યા. એ રીતે વિદ્યાર્થીકાળથી સંશોધન પરત્વેનો રસ જાગૃત થયો અને વાંચનની ટેવના કારણે વિષય સમજમાં ગહનતા આવી.

ડૉ. મસિહીએ સાડા ત્રણ દાયકા સુધી જૂનાગઢ, બરોડા, નવસારી અને ૧૯૬૩થી ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષયનું અધ્યયન-અધ્યાપન અને સંશોધન કર્યું. આ ગાળા દરમિયાન રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાનાં સંશોધનો કરતાં રહેલાં. ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણકાર્ય કરતાં-કરતાં ડૉ. તારાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ 'Trade Union Leadership in India' વિષય પર મહાનિબંધ લખીને ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. મેડિકલમાં ભણીને અસ્સલ ડૉક્ટર ન બની શક્યા, પણ સમાજશાસ્ત્રમાં ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરીને શિક્ષણક્ષેત્રે કારકિર્દી બનાવીને પાદરી પિતાના નર્યા ધાર્મિક કુટુંબમાં તેઓએ નવો ચીલો પાડ્યો. તેઓ સ્વભાવે એથિસ્ટ હોવા છતાં પત્ની અને કુટુંબીજનોનું મન રાખવા ચર્ચમાં પણ જતાં. વળી, યુનિવર્સિટીમાં પોતાના વિદ્યાર્થીઓને બૌદ્ધિક, બિનસાંપ્રદાયિક ને નોનકન્ફર્મિસ્ટ દિશા સૂચવતા રહ્યા.

તેઓના બિનસાંપ્રદાયિક વિચારો અનેક નાની-નાની બાબતોમાં જણાઈ આવતા. જેમ કે સાંપ્રદાયિક પ્રાર્થનાનો તેઓ વિરોધ કરતા. રાજકોટમાં એમ.વી. એમ. કૉલેજમાં કોન્ફરન્સ વખતે ચીલા-ચાલુ પ્રાર્થનાને બદલે કાર્યક્રમની શરૂઆત દેશભક્તિના ગીતથી કરેલી, તેને પ્રશંસા-પૂર્વક યાદ કરતા. તેઓ કહેતા કે જો બાઈબલમાં સૂચિત કર્યા મુજબ ભૂગોળ શીખવવામાં આવે તો ભૂગોળ-શાસ્ત્રીઓ આત્મહત્યા જ કરે. આ રીતે પોતાના વિચારોમાં પૂરા સ્પષ્ટ હોવા સાથે પોતાને સ્હેજ પણ મદદ કરનાર પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી ધરાવતા અને જાહેરમાં અભિવ્યક્ત પણ કરતાં.

૧૯૮૨થી તેઓને પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે માન્યતા મળી હતી. જોકે તેમના માર્ગદર્શન હેઠળ ઘણા ઓછા વિદ્યાર્થીઓએ ડૉક્ટરેટ મેળવી હતી. તેઓ નબળી આર્થિક સ્થિતિવાળા પરિશ્રમી વિદ્યાર્થીને તમામ આધાર પૂરો પાડતા અને વિદ્યાર્થી જેટલો જ પરિશ્રમ પોતે પણ કરતાં, પરંતુ ન તો વિદ્યાર્થીનો પ્રમાદ ચલાવે કે ન ગુણવત્તા સાથે બાંધછોડ કરે. તેઓએ પીએચ.ડી.ના રેફરી તરીકે પણ કામ કર્યું છે. વિદ્યાર્થીનો મહાનિબંધ બરાબર ન લાગે તો યોગ્ય કારણો દર્શાવીને રિજેક્ટ કરવાની હિંમત પણ દર્શાવી છે.

* નિવૃત્ત અધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, એચ.કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને કર્મશીલ 'અવાજ' અમદાવાદ.

ડૉ. મસિહી સાહેબે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું પ્રમુખપદ પણ શોભાવ્યું છે અને અજાતશત્રુ એવા ડૉ. મસિહીએ આ પરિષદ અન્વયે અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો પણ આપ્યાં છે.

ગુજરાત યુનિ.માં ખૂબ સમૃદ્ધ ગ્રંથાલયનો પૂરેપૂરો ઉપયોગ કરતા ડૉ. મસિહીએ ત્યાંના મોકળાશયુક્ત બૌદ્ધિક વાતાવરણમાં કેટલાંક સર્વે સંશોધનો પણ કર્યાં. ખાસ કરીને નર્મદા યોજનાના ભાગરૂપે નડિયાદ-માતર તાલુકાનો બેન્ચમાર્ક સર્વે, - પશ્ચિમ વિભાગની યુનિવર્સિટીઓની હૉસ્ટેલોનો અભ્યાસ, અમદાવાદમાં નશીલા પદાર્થોના સેવન તેમના વ્યસન-મુક્તિ કેન્દ્રોનું સર્વેક્ષણ વગેરે. આ દરેક સર્વેક્ષણમાં સાથી અધ્યાપક ધીરુભાઈ દેસાઈને સાથે રાખેલા. નિવૃત્તિ પહેલાં તેઓએ બંધ મિલોના કારીગરો અંગેનો પ્રોજેક્ટ પણ પૂરો કર્યો હતો. તેમના સંશોધન-લેખો અને અન્ય લેખો Sociological Bulletin અર્થાત્, સમાજકારણ, પર્યાય, વિશેષણ, વિદ્યા વગેરે જેવા વિષયના અને અન્ય સામયિકોમાં અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતા રહ્યા છે. વાસ્તવમાં તેઓ સમાજના હાંસિયામાં ધકેલાયેલા વર્ગો પર પદ્ધતિસરના અભ્યાસમાં વિશેષ રસ ધરાવતા હતા; પછી એ મજૂર હોય કે મહિલા, દલિત હોય કે દારૂનો ભોગ બનનાર હોય.

૧૯૯૩માં ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રોફેસર તરીકે નિવૃત્ત થયા, પણ ખરેખર તો તેઓ જીવનના અંતિમ અઠવાડિયા સુધી સતત કાર્યરત રહ્યા હતા.

નિવૃત્ત પછી તુરત જ તેઓએ નેશનલ એડીક્શન રિસર્ચ સેન્ટર (નાર્ક), મુંબઈ તરફથી સૌરાષ્ટ્રમાં અફીણના સેવનને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસવાના સંશોધન પ્રોજેક્ટનું આમંત્રણ સ્વીકાર્યું. આ પ્રોજેક્ટમાં યુનિ.ના સાથી અધ્યાપક ધીરુભાઈ દેસાઈને સાથે રાખ્યા. આ કામ દરમિયાન નાર્કમાં વ્યાખ્યાનો પણ આપ્યાં અને બેંકોક-થાઈલેન્ડ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં સંશોધક તરીકેની કામગીરી બજાવી. આ પ્રોજેક્ટ પૂર્ણ થયો કે તુરત જ તેના જ અનુસંધાનમાં ગુજરાતમાં વ્યસનમુક્તિ કેન્દ્રોની રચના (structure) અને તેમાં સલાહ માટે આવતા વ્યસનીઓના અભ્યાસ માટે 'નાર્ક' દ્વારા જ મળેલું આમંત્રણ તેઓએ સ્વીકાર્યું અને ૧૯૯૬માં તેનો અહેવાલ પણ આપી દીધો.

આ રીતે નિવૃત્તિ પછી પણ તેઓનું સંશોધન કાર્ય ચાલું રહ્યું. આથી ૧૯૯૬, જાન્યુઆરીમાં તેઓએ Institute of Social Research and Development (ISRD) નામની પોતાની જ સંસ્થા શરૂ કરી. તેઓ વ્યક્તિગત રીતે અને હવે આ સંસ્થા અન્વયે અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા. આ સંસ્થાઓને તેઓ સંશોધન-કાર્યમાં, અહેવાલ-લેખનમાં કે અનુવાદ કરી આપવામાં મદદ કરતા રહ્યા છે. સ્વૈચ્છિક સંસ્થાનાં કેટલાંક સંશોધનો તેઓએ સ્વતંત્ર રીતે તો કેટલાક જે-તે સંસ્થાની સંશોધન-ટીમ સાથે જોડાઈને કર્યાં છે. ક્યારેક તેઓએ સંસ્થાના નિયુક્ત સંશોધકને માર્ગદર્શન પૂરું પાડીને પણ મદદ કરી છે. આ રીતે તેઓએ સમાજશાસ્ત્રના સંનિષ્ઠ પ્રાધ્યાપક અને સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના પ્રખર અભ્યાસુ ઉપરાંત એક 'કર્મશીલ સંશોધક' તરીકેની ઓળખ પણ મેળવી.

ISRD અન્વયે સૌપ્રથમ તેઓએ અગાઉના અભ્યાસને આગળ ધપાવવા 'અમદાવાદના સ્લમ વિસ્તારના નશીલા દ્રવ્યોનું સેવન કરનાર વ્યક્તિઓની કુટુંબ પર થતી અસર' અંગેનો અભ્યાસ સમાજશાસ્ત્રના અન્ય પ્રાધ્યાપકોને સાથે રાખીને ૧૯૯૭માં પૂરો કર્યો. ત્યારબાદ ૧૯૯૭માં જે અમદાવાદના પૂર્વ-વિસ્તારના કેટલાક સ્લમ્સ અને મીલની ચાલીઓમાં રહેતા બંધ મીલના કારીગરો, બાળમજૂરો તથા રખડતાં બાળકો અંગેનો સર્વેક્ષણ આધારિત અભ્યાસ, ૧૯૯૮માં કિશોરીઓની રિપ્રોડક્ટીવ હેલ્થની સમસ્યાઓનો અભ્યાસ, ૧૯૯૯માં મધ્યપ્રદેશના ઝાંબુઆ જિલ્લાના સ્વાસ્થ્ય કર્મચારીઓને ટેલિવિઝન પ્રોગ્રામ દ્વારા આપવામાં આવતી તાલીમથી મળતા જ્ઞાનને ચકાસવા અંગેનો અભ્યાસ, ૨૦૦૦-૨૦૦૧માં ગુજરાતની લઘુમતિ કોમની શિક્ષણ સંસ્થાઓની સમસ્યા અંગેનો સંશોધન-અભ્યાસ ઉપરાંત ડૉ. મસિહી અન્ય અનેક નાના-મોટા સંશોધનો અને સર્વેક્ષણો કરતા રહ્યા. જેમ કે નાર્ક સંસ્થા અન્વયે નશીલા દ્રવ્યોના સેવનને

લગતો એક ઝડપી સર્વે (રેપીડ-એસેસમેન્ટ સર્વે); ૨૦૦૧માં જ 'મહિલા પેચવર્ક' નામની મુસ્લિમ સંસ્થામાં જોડાયેલી મહિલાઓનો સર્વે-રિપોર્ટ વગેરે...

૨૦૦૧ના ધરતીકંપ પછી ધરતી-કંપની અસરો અને અસર-ગ્રસ્તોને મળેલી સહાયને અનુલક્ષીને સર્વેક્ષણ અને સંશોધન કરવાની વધારાની તક તેઓને મળી અને તેઓએ કચ્છ અને સૌરાષ્ટ્રનાં ગામડાઓમાં ધરતીકંપના અસર ગ્રસ્તોનો સર્વે, ૨૦૦૨માં કચ્છના માળિયા તાલુકાનો અભ્યાસ, ૨૦૦૩માં સૌરાષ્ટ્ર-કચ્છના પાંચ તાલુકાઓના ભૂકંપ-ગ્રસ્તોનો અભ્યાસ વગેરે પૂર્ણ કર્યા.

૨૦૦૨માં ગુજરાતમાં પહેલા ગોધરા અને ત્યારબાદ ગુજરાતભરમાં કોમી તોફાનો થયાં. તેને અનુલક્ષીને ઊભી કરવામાં આવેલી રાહત-છાવણીઓના આશ્રિતોનો સર્વે કર્યો. એ પછી આંતરરાષ્ટ્રીય સંસ્થા 'કેર-ઈન્ડિયા' દ્વારા 'અવાજ' (અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ)ના સહયોગથી ગુજરાતના પાંચ શહેરોના જાગૃત નાગરિકોની કોમી રમખાણો જેવી સંવેદનશીલ સમસ્યા અંગેની નિસ્બતને અનુલક્ષીને 'નાગરિક-સમાજો બૌદ્ધિકોની નિસ્બત' અંગેનો સંશોધન અભ્યાસ કર્યો. જે અહેવાલ 'અવાજે' પુસ્તક સ્વરૂપે પણ પ્રકાશિત કર્યો. આ ઉપરાંત રાહત છાવણીઓના આશ્રિતોનો અભ્યાસ, ૨૦૦૫માં સ્લમ વિસ્તારમાં શિક્ષણ, વ્યવસાય અને સગવડો અંગે એકઠી કરેલી માહિતીનું વિશ્લેષણ, ૨૦૦૫માં જ કચ્છના રાપર વિસ્તારની બહેનોને અનુલક્ષીને 'બોન્ડઝ ઑવ સબસર્વિયન્સ ઑવ વિમેન ઑવ વિકર સેક્સન ઑફ રાપર' નામે અહેવાલ, ૨૦૦૭માં કુષ્ટ રોગીઓ અને તેમનાં કુટુંબીજનોનો અભ્યાસ, તેમ જ સંવાદના મજૂર-વિસ્તારના કારીગરોના કુટુંબોમાંથી શાળાએથી ઊઠી જતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કર્યો. તદ્ ઉપરાંત 'અવાજ' સંસ્થા અન્વયે જ સ્ત્રીઓમાં આત્મહત્યાનાં કારણો અંગેનો અભ્યાસ અન્ય સંશોધકોને સાથે રાખીને કર્યો. જે અહેવાલ 'લાઈફ સ્નફડ આઉટ' શીર્ષક હેઠળ અંગ્રેજીમાં અને 'ઓલવાયેલા દીવા' શીર્ષકથી ગુજરાતીમાં પુસ્તક સ્વરૂપે પણ પ્રકાશિત થયો છે. છેલ્લે અમદાવાદની મિલોમાં લવાદની પદ્ધતિના ઉપયોગ અને ગુજરાતના ઔદ્યોગિક કારીગરોની પ્રાપ્ત માહિતીને આધારે એક 'મોનોગ્રાફ' પણ તૈયાર કર્યો છે. આ 'મોનોગ્રાફ'ના પ્રકાશનની રાહ છે.

આ ઉપરાંત જુદા જુદા સામયિકોમાં સાંપ્રત-પ્રવાહોને અનુલક્ષીને તેઓના લેખો અને મંતવ્યો છપાતા રહ્યા છે. દૃષ્ટિ અને નિરીક્ષકમાં રજૂ કરેલા નખશીખ બૌદ્ધિક, તટસ્થ અને ક્યારેક વિવાદાસ્પદ લાગે તેવાં સાચુકલાં મંતવ્યો આપવાની તેઓની નિર્ભિકતા દાદ માંગી લે તેવી હતી.

એક અદના સંશોધક, સંશોધક-માર્ગદર્શક અને અહેવાલ લેખક તરીકે તેઓ નિવૃત્તિ પછી વધારે કાર્યરત રહ્યા. તેઓ સ્વભાવે શિક્ષક અને વાચનમાં વિદ્યાર્થી જેવી તલપ ધરાવતા હોવાથી પોતે તો સંશોધન કરતા રહ્યા. સાથે-સાથે સંશોધન વાંચ્છુઓ, વિદ્યાર્થીઓ અને નવ્ય અધ્યાપકોને માર્ગદર્શન પણ આપતા રહ્યાં. તેઓની ખૂબી એ હતી કે તેઓ યુવા-સંશોધકો કે વિદ્યાર્થીની કક્ષા મુજબ માર્ગદર્શન, પ્રોત્સાહન કે જરૂર પડ્યે પૂરતો સમય પણ આપતા. તેઓએ અધ્યાપન-કાર્ય એટલું ગંભીરતાપૂર્વક અને વિદ્યાર્થીઓને અઘરા વિષયમાં પણ રસ જાગૃત થાય એ રીતે કર્યું કે એ દરમિયાન તેઓ પુસ્તકો લખી શક્યા નથી, પરંતુ અનેક અધ્યાપકોને તૈયાર કરવામાં તેઓનો ફાળો ઘણો રહ્યો છે. ગુજરાતની જુદી-જુદી યુનિવર્સિટીઓના પીએચ.ડી. કે એમ.ફીલ.ના કેટલાક વિદ્યાર્થીઓ પણ માર્ગદર્શન માટે તેઓ પાસે આવતા. મહત્ત્વનું એ હતું કે તેઓના નિયુક્ત માર્ગદર્શક પ્રોફેસરો પણ 'ડૉ. મસિહી પાસેથી ઘણું શીખી શકાશે' એવું કહી તેઓ પ્રત્યે આદર વ્યક્ત કરતા અને પોતાના વિદ્યાર્થીને પરોક્ષ રીતે મસિહી સાહેબને જ સોંપી દેતા ને પોતે કંઈક અંશે નિશ્ચિત થઈ જતા. કેમ કે ડૉ. મસિહી વિદ્યાર્થીની આળસ કે બેદરકારી ચલાવી ન લેતા. વિદ્યાર્થીએ પોતાના પ્રશ્નની સ્પષ્ટતા અને કઠોર પરિશ્રમ કરવાની તૈયારી રાખવી પડતી. સાંપ્રત સમયમાં યુવા સંશોધકો કે વિદ્યાર્થીઓમાં પુરુષાર્થના સંસ્કારો સિંચનારા અધ્યાપકો કે માર્ગદર્શકો ઘણા ઓછા જોવા મળે છે, તેવા સંજોગોમાં મસિહી-સાહેબની અનંતયાત્રાથી સાંપ્રત સમાજને મોટી ખોટ પડી છે તેવું હું સમજું છું.

ડૉ. મસિહી હંમેશા (લો પ્રોફાઈલ) કામ કરતા રહ્યા છે. પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી લેવાની કે લોકો વચ્ચે છવાઈ જવાની એષણા તેઓનામાં ક્યારેય જોવા મળી નથી. આજના કપરા સમયમાં પણ તેઓએ પોતાનું આંતરિક સત્ત્વ જાળવી રાખ્યું. 'સાદુ જીવન અને ઉચ્ચ વિચાર'ને ચરિતાર્થ કર્યું. તેમના જેવા મૂલ્યનિષ્ઠ માણસો આજે ઘણા ઓછા છે, બાકી અંગ્રેજી ભાષા પરની પક્કડ અને સામાજિક સંશોધન અંગેની ઊંડી સમજણ ધરાવતા હોવાથી તેઓએ ધાર્યું હોત તો ઘણું આર્થિક ઉપાર્જન કરી શક્યા હોત, પણ વધારે કમાણી કરી લેવાની પળોજણમાં પડ્યા વગર પોતાની સંસ્થાના બેનર હઠળ, પોતે નક્કી કરેલા સિદ્ધાંતો અને મૂલ્યોમાં બાંધછોડ કર્યા વગર સામાજિક સંશોધનનાં કાર્યો કરતા-કરાવતા રહ્યાં. જીવનના અંતિમ સમય સુધી તેઓ પ્રખર-પ્રામાણિક પરિશ્રમ સાથે કાર્યરત રહ્યા અને સંશોધકો, અધ્યાપકો કે વિદ્યાર્થીઓને મદદ કરતા રહ્યા. તેમની છેલ્લી માંદગી સમયે તેમના વિદ્યાર્થીઓ જ સતત તેમની સાથે રહ્યા હતા.

તેઓની કુટુંબ-વત્સલતા પણ અનેરી હતી. તેઓ મોટેભાગે શનિવારે બપોર પછી ઑફિસમાં એક પણ કામ કે મુલાકાત ન ગોઠવતા. શનિવાર તેમના આંશિક દૃષ્ટિ ધરાવતા દીકરા માટે અનામત રહેતો અને રવિવારે સમગ્ર કુટુંબ માટે. આ તબક્કે તેમનાં પત્ની, પુત્ર અને પુત્રવધૂને પણ યાદ કરું છું. તેઓને ઈશ આવી પડેલી આપત્તિને સહન કરવાની શક્તિ આપે એ પ્રાર્થના છે.

સાદગી, સાલસતા, સ્વાશ્રય, સમયપાલન અને સમયદાન એ ડૉ. મસિહીના જીવન-મંત્રો હતા. સાંપ્રત સમયનો સમાજશાસ્ત્રના અધ્યાપકો બધા અધ્યાપક માત્ર આ મંત્રોને વધતે-ઓછે અંશે પણ અપનાવશે તો વિદ્યાર્થી-આલમ શિક્ષણ-સંસ્થામાં સ્વર્ગીય આનંદ મેળવતા થશે અને એ જ સદ્ગતને સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

●

મહત્ત્વ એ વાતનું નથી કે તમે કેટલા સારા છો, મહત્ત્વ એ વાતનું છે કે તમે કેટલા સારા બનવા માંગો છો.

●

આત્મવિશ્વાસ હંમેશા સાચા હોવાથી નથી આવતો પરંતુ ખોટા હોવાનો ડર ન હોવાથી આવે છે.

●

પોતાનો હાથ આગળ કરતાં ક્યારેય ખચકાશો નહીં, બીજાઓના આગળ વધેલા હાથ પકડવાથી ખચકાશો નહીં.

●

સફળતા એ નથી કે તમે કેટલી ઊંચાઈ સુધી જાવ છો, સફળતા એ છે કે અન્યોના જીવનમાં તમે કેટલું સકારાત્મક પરિવર્તન લાવો છો.

●

જો આપણામાં સતત પ્રયત્ન કરવાનું સાહસ ન હોય તો જીવનનો કોઈ અર્થ રહેતો નથી.

●

આપણને સુખ મળી શકતું નથી, જો આપણે વિશ્વાસ કોઈ વસ્તુમાં કરીએ અને અમલ અન્ય કોઈ વસ્તુ પર કરીએ.

●

જ્યારે તમે તમારા મિત્રની પસંદગી કરો છો ત્યારે વ્યક્તિત્વના સ્થાને ચરિત્રને પસંદ કરો.

●

# ગુજરાતમાં પાણી અને સ્વચ્છતા - જેન્ડર અભિગમ

– ડૉ. ચંદ્રિકા રાવલ*

**સારસંક્ષેપ :**

પાણી અને સ્વચ્છતાનો મુદ્દો સમાજના માળખા સાથે સુસંગત છે. સ્વચ્છ ભારત 'અભિયાનના પ્રારંભ બાદ દેશના જુદા જુદા વિભાગમાં આ અંગે જાગૃતિ વધતાં લોક અભિયાન શરૂ થયા છે. ગુજરાતના ગ્રામીણ સમુદાયમાં પાણીની વહેંચણી માટે સમાજનાં શક્તિશાળી જૂથો (જ્ઞાતિ, વર્ગ અને જેન્ડર), જે સમાજની સ્તર રચના સાથે સંકળાયેલ છે. ગુજરાતના ગ્રામીણ સમુદાયમાં પાણી અને સ્વચ્છતાના મુદ્દાને જેન્ડર અભિગમથી જોઈએ તો પાણીના વપરાશ અને આયોજનમાં જેન્ડર તફાવત જોવા મળે છે. મીલેનીયમ ડેવલપમેન્ટના ત્રણ નંબરના ગોલમાં જેન્ડર ઈક્વાલીટીની રજૂઆત છે, પરંતુ પાણીના વપરાશ અંગેના નિર્ણયમાં સ્ત્રીઓની ભાગીદારી ઓછી હોવાનું નોંધાયું છે. એ જ રીતે સ્વચ્છતાના સંદર્ભમાં સામાજિક અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી જોઈએ તો આ જવાબદારી મહદ્અંશે મહિલાઓ જ ઉઠાવી રહી છે. શિક્ષણમાં પણ પાણી અને સ્વચ્છતાની સમસ્યા જેન્ડર અભ્યાસોને સ્પર્શે છે.

ગૌણ માહિતી આધારિત આ સંશોધન પેપરનો મુખ્ય હેતુ ગ્રામીણ ગુજરાતમાં પાણી અને સ્વચ્છતાને જેન્ડરના અભિગમથી સમજવાનો છે. પ્રસ્તુત પેપર મુખ્ય ત્રણ વિભાગમાં રજૂ કરવામાં આવ્યું છે. પ્રારંભમાં જેન્ડર, સ્વચ્છતા વગેરેના ખ્યાલની સમજૂતી આપવામાં આવી છે. બીજા ભાગમાં પાણી અને સ્વચ્છતાના મુદ્દાને જેન્ડરના અભિગમથી તપાસ્યા છે. ત્રીજા ભાગમાં નિષ્કર્ષ અને સૂચનો દર્શાવ્યાં છે.

વિવિધ માહિતી પરથી ફલિત થાય છે કે પાણી સૌની જીવાદોરી છે. સ્વચ્છતા અને પાણી બંને એકબીજા સાથે સંબંધિત છે, પરંતુ અનેકવિધ સામાજિક અને સાંસ્કૃતિક સામાજિક કારણોસર એ બંનેમાં જેન્ડર તફાવત જોવા મળે છે. આ માટે જેન્ડર મેઈનસ્ટ્રીમીંગ જરૂરી છે, તે માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થા, લોકભાગીદારી વગેરેના સહિયારા પ્રયત્નો આવશ્યક છે.

**ચાવીરૂપ શબ્દો :** જેન્ડર, પાણી, સ્વચ્છતા

## I

**પ્રસ્તાવના :**

હવા, પાણી અને ખોરાક માનવસમાજની ત્રણ મૂળભૂત જરૂરિયાત છે. જે પર્યાવરણ સાથે અભિન્ન નાતો ધરાવે છે. સમાજશાસ્ત્રમાં પર્યાવરણીય સમાજશાસ્ત્ર નવી શાખા છે, પરંતુ પર્યાવરણ અને સમાજ વચ્ચેનો સંબંધ માનવસમાજની ઉત્પત્તિ સાથે જોવા મળે છે. કેટોન અને ડનલપના મતે 'પર્યાવરણીય સમાજશાસ્ત્ર', 'સામાજિક પર્યાવરણીય આંતરક્રિયા' કે પર્યાવરણ અને સમાજ વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરે છે. એ સર્વવિદિત છે કે પર્યાવરણ અને સમાજ પારસ્પારિક અસરો નીપજાવે છે.

પર્યાવરણ કુદરતી સંશાધનો (જળ, હવા, અવકાશ, જમીન, પ્રકાશ) વગેરે સાથે સંકળાયેલ છે. માનવસમાજ સ્ત્રી અને પુરુષ બંને સાથે સંકળાયેલ છે ને એટલું જ નહીં, સ્ત્રી અને પુરુષ બંનેનાં સમાજીકરણમાં પર્યાવરણની ગાઢ અસર જોવા મળે છે.

સ્ત્રી અને પુરુષ જૈવકીય દૃષ્ટિએ તો ભિન્ન છે, પરંતુ સમાજના સામાજિક અને સાંસ્કૃતિક પાસાની દૃષ્ટિએ 'જેન્ડર'ની વિભાવનામાં સમાવિષ્ટ છે.

જેન્ડર એટલે સ્ત્રીત્વ અને પુરુષત્વને સૂચિત કરતી સામાજિક વિભાવના છે. જેનો અસરકારક ખ્યાલ Gaule Rubin એ આપ્યો. તેમના મતે જેન્ડર એટલે 'A socially imposed division of sexes and is a producrt of the social relations of sexuality (Rubin : 1975:179).' સમાજના બંધારણ અને સંસ્કૃતિમાં સ્ત્રી અને પુરુષની જવાબદારી અને વર્તનની લાક્ષણિકતા સાથે જેન્ડરની વિભાવના સંકળાયેલી છે. સત્તાના સંબંધો એમાં મહત્ત્વના છે.

જેન્ડર સાથે સંબંધિત વિવિધ ખ્યાલ કે વિભાવના જેવા કે જેન્ડર રોલ, જેન્ડર સ્ટીરીયોટાઈપ, જેન્ડર, ન્યાય, જેન્ડર મેઈનસ્ટ્રીમ વગેરે સમાજની સામાજિક અને સાંસ્કૃતિક બાબતોમાંથી આવે છે. જેમાં પુરુષ-પ્રધાનતાવાળા સમાજમાં સત્તા અને તાબેદારીના સંબંધો

* પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.



* 'અવાજ' સ્ત્રીઓ માટે કાર્યરત એક સ્વૈચ્છિક સંસ્થા છે.

જોવા મળે છે. પાણી અને સ્વચ્છતા જેવા મુદ્દાને જેન્ડરના અભિગમથી જોવાનો દૃષ્ટિકોણ હવે ધીમે ધીમે સ્વીકૃત થતો જાય છે.

વર્ષ ૨૦૦૮માં સેનીટેશન વર્ષની ઉજવણી થઈ ત્યારે સ્વચ્છતા, પાણી વગેરેની ચર્ચા થયેલી સ્વચ્છતા માનવ આરોગ્યની સુખાકારી સાથે સંકળાયેલો ખ્યાલ છે. માનવ આરોગ્યમાં સ્ત્રી અને પુરુષ બંને સમાવિષ્ટ છે.

**અભ્યાસ પદ્ધતિ :**

પ્રસ્તુત લેખ પાણી, સ્વચ્છતા અને જેન્ડરને સાંકળે છે. ગૌણ માહિતી દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પાણી, સ્વચ્છતા અને જેન્ડર જેમાં ખાસ કરીને સ્ત્રીઓને સાંકળવાનો પ્રયત્ન કર્યો છે.

**આ સંશોધન પેપરનો હેતુ**

- ગુજરાતમાં પાણી અને સ્વચ્છતાની પરિસ્થિતિ જાણી એનો ગ્રામીણ સ્ત્રીઓ કઈ રીતે ઉપયોગ કરે છે તે જાણવાનો.
- પાણી અને સ્વચ્છતામાં જેન્ડર સંબંધો, જેન્ડર સ્ટીરીયોટાઈપ પરિસ્થિતિ જાણવાનો.
- ગ્રામીણ સ્ત્રીઓને રોજિંદા જીવનમાં પાણી અને સ્વચ્છતા માટે પડતી મુશ્કેલીઓનો.

આવા મર્યાદિત હેતુથી અનુભવ અને નિરીક્ષણને આધારે ગૌણ માહિતી પર આધારિત આ સંશોધન લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

## II

**સ્વચ્છતા, પાણી અને જેન્ડર**

આજે વિશ્વની સાથે ભારતમાં પાણી અને સ્વચ્છતાના મુદ્દાને આરોગ્ય વિકાસ અને રાષ્ટ્ર વિકાસના સંદર્ભમાં સાંકળવામાં આવે છે. વૈશ્વિક કક્ષાએ જેન્ડરના મુદ્દાને કઈ રીતે 'પાણી અને સ્વચ્છતા'ને સાંકળવામાં આવ્યા એની રજૂઆત જોઈએ તો,

- ૧૯૭૭માં યુનાઈટેડ નેશન્સ વોટર કોન્ફરન્સ મળી, તેમાં અને ૧૯૮૧-૧૯૯૦માં ઈન્ટરનેશનલ ડ્રીકીંગ વૉટર અને સેનીટેશનનો દાયકો - એ બંનેમાં સ્ત્રીઓ અને પુરુષો બંનેએ પાણી અને સ્વચ્છતાને મહત્ત્વ આપી એમાં સામેલ થવા પર ભાર મૂક્યો.
- ૧૯૯૨માં Dublin માં ઈન્ટરનેશલન કોન્ફરન્સ ઓન વૉટર એન્ડ એન્વાયમેન્ટ યોજાઈ, જેમાં પાણીના ટકાઉ વ્યવસ્થાપનમાં જેન્ડર મેઈનસ્ટ્રીમ પર ભાર મૂકવામાં આવ્યો.
- વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૫ સુધી 'Water for life' પ્રોજેક્ટ અંતર્ગત વૈશ્વિક કક્ષાએ પાણી સંબંધિત વિકાસ કાર્યક્રમોમાં સ્ત્રીઓને સાંકળવા પર ભાર મૂકવામાં આવ્યો.
- ૧૯૯૨માં મીલેનીયમ ડેવલપ ગોલમાં જેન્ડર ઈક્વાલીટી અને સ્ત્રીસશક્તિકરણ પર ભાર મૂકવામાં આવ્યો.
- ૨૦૧૦માં (ઠરાવ ૬૪/૨૯૨)માં યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં સ્વચ્છ પાણીનો ઉપયોગ અને સ્વચ્છતા ઉપલબ્ધ માનવ અધિકાર છે એવું જણાવવામાં આવ્યું.
- ૨૦૧૨માં ગ્રામીણ સ્ત્રીઓના સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવ્યો. (Rio+20)

આ ઉપરાંત પાણી અને સ્વચ્છતાને લક્ષમાં રાખી જેન્ડર સમાનતા અને પર્યાવરણની વૃદ્ધિ માટે દેશવિદેશમાં અનેક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા. જેમકે (SIDA - Swedish International Development Co-operation Agency). (WASH-Water, Sanitaion and Hygiene). (IWRM - Integrated Water Resources Management) approach.

જેન્ડર અને પાણી તથા સ્વચ્છતાના સંદર્ભે કેટલાક અભ્યાસ લેખ અને પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે. જેમ કે પાણી અને સ્વચ્છતામાં જેન્ડર - વિશ્વ બેંક પાણી અને સ્વચ્છતા કાર્યક્રમ - નવેમ્બર, ૨૦૧૦ના આ વર્કિંગ પેપરમાં પાણી અને સ્વચ્છતા ક્ષેત્રમાં જેન્ડર અસમાનતાના નિવારણના અભિગમો પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અંગે વધુમાં તેઓએ જણાવ્યું છે કે, 'વિવિધ તબક્કામાં વિચારણા કરવામાં જેન્ડર અભિગમ દાખવવો જોઈએ.'

- પાણી અને સ્વચ્છતા અને જેન્ડર અંગે નિષ્ણાતોનો એક અહેવાલ ૨૦૦૯માં યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ દ્વારા રજૂ થયો, જેનો મુખ્ય હેતુ પ્રવર્તમાન

માળખામાં જળ અને સ્વચ્છતાના ક્ષેત્રોમાં જેન્ડર ઈક્વિટી વધારવાના પ્રયત્નોને ટેકો આપવાનો હતો.

- વિશ્વની મહિલા - ૨૦૧૦ પ્રવાહો અને આંકડા - યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક એન્ડ સોશિયલ અફેર્સ આ પ્રકાશનના સાતમા પ્રકરણમાં જેન્ડર અને પર્યાવરણના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે.
- ભાવના ઉપાધ્યાય દ્વારા Gender Roles and Multiple uses of Water in North Gujarat એ વિષય પરના વર્કિંગ પેપરમાં બનાસકાંઠા જિલ્લાના વિવિધ ગામમાં પાણીના વિવિધ ઉપયોગ સાથે સ્ત્રીઓની ભૂમિકાની ચર્ચા કરી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં રહેતી બહેનોને આર્થિક પ્રવૃત્તિ, નિર્ણયની પ્રક્રિયા વગેરેમાં સામેલ કરી કેવી રીતે સશક્ત બનાવી શકાય એની ચર્ચા કરવામાં આવી છે.
- Gender and Water in Mongolia ક્લર્ક યુનિવર્સિટીના Roborta Hawkins અને બેન્ટલે Joni Seagerના એક સંશોધનલેખમાં હાઉસ હોલ્ડ સર્વે કરી મોંગોલિયાના ગ્રામીણ વિસ્તારમાં પાણી અને જેન્ડરનો સામાજિક સંદર્ભ આલેખવાનો પ્રયત્ન થયો છે.
- અનિલ ગુપ્તાએ ગ્રામીણ સમુદાયના નેતાઓ અને સંશોધકોને મળી ગ્રામીણ ગુજરાતમાં વૃદ્ધ મહિલાઓ એમના જીવનમાં પાણીની બચતમાં કેટલો ફાળો આપે છે એની ચર્ચા કરી છે.

**પાણી અને સ્ત્રીઓની બહુવિધ ભૂમિકા**

મોટા ભાગના સમાજોમાં પાણી, સ્વચ્છતા અને સ્વાસ્થ્યની જવાબદારી મહિલાઓની હોય છે. પાણી માત્ર પીવા માટે જ નહીં, પરંતુ ખોરાકના ઉત્પાદન, રાંધવા માટે તેમજ ઘરમાં ન્હાવા, કપડાં, વાસણ તથા કચરા-પોતા અને સફાઈ માટે સ્ત્રીઓ વાપરે છે. ગ્રામીણ સમુદાયમાં પશુઓની કાળજી માટે પણ પાણીનો વપરાશ થાય છે. આથી જળસંશાધન અને એનું જ્ઞાન તથા વ્યવસ્થાપન સ્ત્રીઓના રોજિંદા જીવન સાથે સંકળાયેલ છે.

કોઈપણ સ્ત્રી પોતાના ગૃહસંચાલનમાં પાણીનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરે અને સ્વચ્છતા જાળવે તો આરોગ્યની સુવિધા આપોઆપ ઊભી થાય છે, પરંતુ ગુજરાતના ગ્રામીણ સમુદાયમાં જ્યાં ઘરે પાણીની સુવિધા નથી ત્યાં સ્ત્રીઓને પાણી માટે ઘણો સમય આપવો પડે છે. ગુજરાતનાં સૌરાષ્ટ્રનાં કેટલાંય ગામ એવાં છે કે જ્યાં આજે પણ સ્ત્રીઓએ પાણી માટે કલાકોનો સમય ગાળવો પડે છે. જેની અસર એની મનો-સામાજિક ભૂમિકા પર પડે છે.

સમાજશાસ્ત્રમાં 'સમાજીકરણ'ની પ્રક્રિયા મહત્ત્વની છે. સ્વચ્છતાની પ્રક્રિયામાં પણ જેન્ડર સમાજીકરણમાં તફાવત જોવા મળે છે.

**જેન્ડર આધારિત શ્રમવિભાજન :**

ગ્રામીણ સમુદાયમાં સ્વચ્છતાનું કાર્યવિભાજન જ્ઞાતિ અને લિંગ આધારિત જોવા મળે છે. વર્તમાન સમયમાં કાયદાકીય અને સામાજિક જાગૃત્તિ આવવાથી એમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ આજે પણ કચરો અને સફાઈ સ્ત્રીઓને માથે છે. જ્યાં ખેતી અને પશુપાલન છે ત્યાં છાણ-વાસીદું વગેરે સ્ત્રીઓએ કરવું પડે છે. ઘરમાં પણ જો શૌચાલય હોય તો એની સફાઈની જવાબદારી સ્ત્રીઓની હોય છે. વળી, આ બધી સ્વચ્છતા પણ મર્યાદિત પાણીમાં જાળવવાની હોય છે. શૌચાલયનાં નિર્માણ કાર્યમાં કે પશુઓની ખરીદી કે ખેતીના કાર્યમાં નિર્ણયની પ્રક્રિયામાં સ્ત્રીઓને બહુ ઓછી સામેલ કરવામાં આવે છે. આથી સ્ત્રીઓ પાસે કોઈ રીસોર્સીસ-સંશોધનો ન હોવાથી સત્તા પુરુષોના હાથમાં રહે છે. આવા સંજોગોમાં ગરીબીમાં રહેતી સ્ત્રી, વધુ ગરીબ બને છે જેને આપણે ગરીબીનું નારીકરણ 'Feminisam of Poverty' તરીકે ઓળખીએ છીએ. સ્વચ્છતાની ભાગીદારી સમાજના બધા લોકોની હોઈ શકે, પરંતુ ભારતનો ઇતિહાસ તપાસીએ તો જ્ઞાતિવ્યવસ્થા આધારિત આ સફાઈ કામદારો વાલ્મિકી જ્ઞાતિના હતા અને એને અનેક દુઃખ અને યાતનાઓ સહન કરવી પડતી. જો કે હવે એમાં નવી અર્થવ્યવસ્થા આવતાં સફાઈ કામદારોના સામાજિક દરજ્જામાં પરિવર્તન આવ્યું છે.

વર્લ્ડ વોટર ફોરમ-૪ દરમિયાન મેક્સીકો સીટીમાં વર્ષ ૨૦૦૬માં આર્મેનિયા, બલ્ગેરિયા, રોમાનિયા, યુક્રેન

અને મેક્સિકોમાં પાણી અને સ્વચ્છતામાં લૈંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવી, એમાં એવું દર્શાવ્યું કે સિવિલ સોસાયટી જૂથો, ખાસ કરીને મહિલાઓ અને લઘુમતી જૂથો સેનીટેશન અને ગંદાપાણી વ્યવસ્થાપન અંગેના નિર્ણયોના સેક્ટરમાં સફળતા પ્રાપ્ત કરવી જરૂરી છે. (WECF N.Y.)

જેન્ડર અને પાણીના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં કાર્ય અને પ્રવૃત્તિ નોંધનીય છે. ૧૯૯૦ પહેલાં (UN-1990. Fong Walkman and Bhusan -1996 : Rathgeber 1990) જેન્ડર અને પાણીના એજન્ડાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન આપ્યું. એ પછી જેન્ડર એજન્ડાને પાણીની નીતિ સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મળ્યું. દા.ત. ૧૯૯૨માં ડબ્લીનના સિદ્ધાંતોમાં સ્પષ્ટ પણ નિર્દેશ કરવામાં આવ્યો. 'Women Play a central Part in the provision, management and Safegurding of Water (UN-1992)' એટલું જ નહીં તાજેતરમાં યુનિસેફ (૨૦૦૮માં) વૈશ્વિક મીલીનેયમ ડેવલપમેન્ટ ગોલમાં પાણી અને સ્વચ્છતાના સંદર્ભમાં જણાવવામાં આવ્યું કે 'Cannot be met without the full participation of women-as care - givers, workers, beneficiaries of services and decision makers in home, communities and at national levels and without addressing the inequities sufered by girls.'

આમ, જેન્ડર આધારિત શ્રમવિભાજનમાં પાણી અને સ્વચ્છતાના સંદર્ભમાં સ્ત્રી પુરુષ બંનેને સમાન તક મળવી આવશ્યક છે, પરંતુ જ્યારે એ અંગેના નિર્ણયો લેવામાં આવે છે ત્યારે એમાં ભેદભાવ જોવા મળે છે. વાસ્તવિકતા એ છે કે ઘરની પ્રવૃત્તિઓમાં પાણીનો ઉપયોગ અને મેનેજમેન્ટ વધુ સારી રીતે સ્ત્રીઓ કરે છે. (White, Bradley and White, 1973 : Rogers; 1980; Ward 1997 etc) એટલું જ નહીં ગ્રામીણ સમુદાયમાં સ્ત્રીઓને ખભે પાણી સંગ્રહની ખૂબ મોટી જવાબદારી હોય છે. સફાઈના સંદર્ભમાં ગટર, નાળા કે કચરાપેટી સાફ કરવામાં પુરુષો અને રસ્તાની સફાઈ સ્ત્રીઓ કરે છે.

**ગુજરાતના ગ્રામીણ સમુદાયમાં શાળા અને સ્વચ્છતામાં જેન્ડર :**

ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલીક શાળામાં જાતિગત ભેદભાવ જોવા મળે છે. એમાં જેન્ડર અભિગમ ઘણો જ મહત્ત્વનો છે. સરકારના પ્રયત્નો દ્વારા એમાં શૌચાલય, સ્વચ્છ પાણી વગેરે મળી રહે એવો પ્રયાસ પણ થાય છે. પરંતુ નિરીક્ષણ અને અનુભવના આધારે એવું ચોક્કસ જોવા મળે છે કે ગ્રામ્ય વિસ્તારની કેટલીક શાળામાં છોકરા-છોકરીઓનું માનવ ગૌરવ જળવાય એવી સ્થિતિ હોતી નથી.

ગ્રામ્ય વિસ્તારોની કેટલીક શાળાઓમાં શૌચાલયોની મરામત બરાબર થતી નથી. પાણીનો અભાવ કે પૂરતા પ્રમાણમાં પાણી હોતું નથી. ખાસ કરીને છોકરીઓ માસિક સ્રાવ વખતેની ગેરહાજરીનું વધુ પ્રમાણ રહે છે. આવા સમયે વિદ્યાર્થિનીઓની ગોપનીયતા જળવાય એ જરૂરી છે. વળી, આ માટે જરૂરી સુવિધા ન મળવાથી છોકરીઓમાં મૂંઝવણ ઊભી થાય છે.

ગ્રામીણ તાજિકિસ્તાનની ૨૦ શાળાના અભ્યાસનો સર્વે દર્શાવે છે કે, ગ્રામીણ વિસ્તારમાં ઇકોલોજીકલ સેનીટેશન (પેશાબ અને મળનો ઉપયોગ) વ્યવસ્થિત રીતે થવો જરૂરી છે. શાળામાં આ અંગે વ્યવસ્થિત પ્રયોગ થાય અને એ માટે ખાતર ઊભું કરી એનો સદ્‌ઉપયોગ થાય એ જરૂરી છે. આ માટે શાળામાં છોકરા અને છોકરીઓના અલગ લેટરીન હોય એટલું જ જરૂરી નથી, બંનેની ડિઝાઈન જુદા પ્રકારની થવી જોઈએ અને છોકરીઓના સેનેટરી નેપકીનની અને એના વપરાશ તથા નિકાલની વ્યવસ્થાનો પૂરતો વિચાર કરવો આવશ્યક છે.

**ગુજરાતમાં પાણી અને સ્વચ્છતાના સંદર્ભમાં કેટલાક પ્રશ્નો :**

ગ્રામીણ સમુદાયમાં શૌચાલય વ્યવસ્થાનો પ્રશ્ન ગંભીર છે. કેટલીક ગ્રામીણ સ્ત્રીઓને ઘરમાં શૌચાલયની વ્યવસ્થા હોતી નથી. ખાસ કરીને ગરીબ સ્ત્રીને સ્વચ્છતા અને સ્વાસ્થ્યનો પ્રશ્ન ઊભો થાય છે. એની કિંમત પણ સ્ત્રીને ચૂકવવી પડે છે. રાત્રે કે વહેલી સવારે શૌચક્રિયા પતાવવી પડે છે. આને લીધે કબજિયાત જેવા પ્રશ્નો

ઊભા થાય છે. અંધારામાં કોઈ જીવજંતુ કરડવાનો ભય પણ રહે છે. જાતીય સતામણીનો ભય સતત રહે છે. ઓછા પાણીને લીધે સ્વચ્છતાનો અભાવ જણાય છે. માનસિક તાણ અનુભવાય છે. ખાસ કરીને ગર્ભવતી સ્ત્રીઓને અને જેઓને બેસવા-ઉઠવાની તકલીફ હોય એવી સ્ત્રીઓને વધુ અગવડ પડે છે. તેમના સ્વાસ્થ્યની સમસ્યા એમાંથી સર્જાય છે.

ખાસ કરીને માસિક સ્રાવ સમયે સ્ત્રીઓની ગોપનીયતા રહેતી નથી. આ માટે પૂરતું પાણી ન હોય અને ખાનગી શૌચાલયો ન હોય ત્યારે સ્ત્રીઓના ગૌરવની લાગણી અનુભવાય તે સ્વાભાવિક છે. વળી, કેટલાક સમૂહોમાં ધાર્મિક અને સાંસ્કૃતિક કારણોસર આ સમયે સ્ત્રીઓએ કેટલાક નિષેધોનું પાલન કરવું પડે છે. એવા સંજોગોમાં પાણી અને સ્વચ્છતાના અભાવે સ્વાસ્થ્ય જોખમાય છે. ક્યારેક યુરીન ઇન્ફેક્શન થઈ જાય છે. કુટુંબમાં સ્ત્રી અને પુરુષના સમાજીકરણમાં જેન્ડર સ્ટીરીયોટાઈપ સમાજીકરણ થાય છે. કચરા-પોતા અને ઘરની સફાઈ તો સ્ત્રીઓએ કરવાની હોય છે જ, પરંતુ નાનું બાળક જો પેશાબ કે મળ કરે તો એની સફાઈ પણ સ્ત્રીએ જ કરવાની હોય છે. આ સમયે પોતાના પતિ હાજર હોય કે કોઈ કામ ન કરતો હોય કે જાગતો હોય તો પણ એ જવાબદારી સ્ત્રીએ જ નિભાવવી એવું વલણ જોવા મળે છે. જેમાં સ્ત્રીઓ ઘણી વાર સ્વચ્છતા જાળવવાનું ચૂકે છે. આ બાબતમાં પશ્ચિમના દેશોમાં તફાવત જોવા મળે છે. ત્યાં બાળકનું ડાયપર બદલવાનું કામ પુરુષો બહુ સહજતાથી કરે છે.

ગુજરાતના ગ્રામીણ સમુદાયમાં પાણીનો પ્રશ્ન જેન્ડર આધારિત દૃષ્ટિકોણની સાથે વર્ગ આધારિત પણ છે. જેઓ આર્થિક રીતે સદ્ધર છે એવાં કુટુંબો પોતાનો બોર નાંખી શકે છે. એટલું જ નહીં તેઓની પાસે ટ્રેક્ટર જેવા સાધનો હોવાથી ખેતરમાંથી મોટાં સાધનોમાં પાણી લાવી શકે છે. તો કેટલાક પોતાને ત્યાં હેન્ડપંપ પણ નાંખે છે અને મીનરલ વૉટર પણ લાવી શકે છે. એવા આર્થિક રીતે સદ્ધર સમૂદાયનાં કુટુંબો ક્યારેક પૈસા આપીને ગરીબ સ્ત્રીઓ પાસે પાણીના બેડાં પણ મંગાવી શકે છે. એમની પાસે વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા પણ હોય છે. આવા સમૂહની સ્ત્રીઓને ઘરમાં ટોયલેટની વ્યવસ્થાનો લાભ પણ મળે છે. આમ, પાણી અને સ્વચ્છતાનો લાભ મળવાથી એમની ગતિશીલતામાં વધારો થાય છે, પરંતુ જેઓ ગરીબ છે તેઓની પાસે આ પ્રકારની વ્યવસ્થા ન હોવાથી તેઓના સમય અને શક્તિનો વ્યય થાય છે. કેટલાંક જોખમો પણ ઊભાં થાય છે. પૂરતા પાણીના અભાવે સ્વચ્છતા ન જળવાતા અનેક પ્રકારના રોગનો પણ સામનો કરવો કરે છે. આમ, પાણી અને સ્વચ્છતાનો મુદ્દો વર્ગ આધારિત છે એવું કહી શકાય.

- પાણી અને સ્વચ્છતાના સંદર્ભમાં ગ્રામીણ સમુદાયમાં જમીનની માલિકી પુરુષો પાસે હોવાથી સત્તા અને તાબેદારીના સંબંધો જોવા મળે છે. નિર્ણયની પ્રક્રિયામાં સ્ત્રીઓને ઓછી સામેલ કરવામાં આવે છે. એમનો જ્ઞાન અને અનુભવનો લાભ ન લેવાથી ગ્રામ વિકાસમાં અવરોધ ઊભો થાય છે.
- સ્ત્રીઓની પાણી અને સ્વચ્છતા અંગેની માંગણીની ઝુંબેશ જેટલી ઝડપથી થવી જોઈએ એટલી થતી નથી. એમાં ઘણા સામાજિક અને સાંસ્કૃતિક પાસાનો સમાવેશ થાય છે. જે એમની ભાગીદારી પર અસર પહોંચાડે છે.
- ગ્રામીણ સ્વચ્છતા અને પાણીના યોગ્ય સંચાલન માટે જે નાણાંકીય બજેટ ફાળવવામાં આવે છે તે પૂરતું હોતું નથી. વિશેષમાં એમાં નીતિવિષયક ઘડવૈયા અને એનો અમલ કરનારું તંત્ર તથા લોકભાગીદારી વચ્ચેનું યોગ્ય રીતે સંયોજન કરવામાં આવતું નથી.
- પાણીનો યોગ્ય ઉપયોગ કરવાને બદલે પાણીનું વ્યવસાયીકરણ થવાથી એની અસર સ્વચ્છતા પર પડે છે.

## III

**સૂચનો :**

- કુટુંબમાં સમાજીકરણમાં જેન્ડર ભેદભાવ ન રાખવો જોઈએ.
- ગ્રામીણ વિસ્તારમાં પાણીના સદ્ઉપયોગ અને સ્વચ્છતાની જાળવણી માટે વધુ ને વધુ જાગૃતિ-

વિષયક કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

- સ્વચ્છતા અને પાણીનો વ્યવસ્થિત ઉપયોગ અને અમલ થાય તે માટે સતત મોનીટરીંગ હોવું જરૂરી છે. જરૂર પડે તો વિજીલન્સની વ્યવસ્થા પણ કરવી જોઈએ.
- જેન્ડર આધારિત યોજનાઓના અમલીકરણમાં પારદર્શિકતા હોવી આવશ્યક છે.
- ગ્રામીણ શાળાઓમાં આ અંગેના સ્ટેક હોલ્ડરની એક કમિટી બનાવી વખતોવખત એનું મૂલ્યાંકન થવું જોઈએ.
- વધુને વધુ લોકભાગીદારી વધારી સ્વચ્છતા ઝુંબેશને આગળ વધારવી જોઈએ.
- સ્વચ્છતા અને પાણીનું જેન્ડર આધારિત સામાજિક ઑડિટ થવું જોઈએ.
- જે તે ગ્રામ્ય સમુદાય અને શાળાને સ્વચ્છતા અને પાણીની સુવિધાની ગુણવત્તા વધે એ માટેના કરેલા પ્રયત્નનું યથાયોગ્ય મૂલ્યાંકર કરી તેઓના પ્રયત્નોને જાહેરમાં બિરદાવવા જોઈએ. આ અંગે સ્પર્ધા પણ યોજી શકાય.
- ગ્રામીણ સમુદાયમાં સ્ત્રી અને પુરુષ બંનેને ઘનકચરો, પુનઃઉત્પાદન થઈ શકે એવો કચરો, ભીનો કચરો વગેરેની વૈજ્ઞાનિક સમજ આપવી જોઈએ. વળી, પાણીનો યોગ્ય સંગ્રહ, પાણીની ગુણવત્તા સુધારણા વગેરે પર ભાર મૂકવો જોઈએ.
- નિર્મલગ્રામ પુરસ્કાર જેવી યોજનાને વધુને વધુ સક્રિય બનાવવી જોઈએ. આ માટે ગ્રામ પંચાયતે લોકસહભાગીદારી નોંધાવવી જોઈએ.
- નિવૃત્ત વ્યક્તિઓએ ગ્રામીણ સફાઈના માળખાને કાર્યાન્વત બનાવવા વધુ ને વધુ સહયોગ આપવો જોઈએ.
- સ્વચ્છતા અને પાણીને જેન્ડરના અભિગમથી સમજવા વધુ ને વધુ સંશોધન થવાં જોઈએ. એનું ઉત્પાદન, કિંમત, જગ્યા વગેરે પાસાને લક્ષમાં લઈ એની ગ્રાહકલક્ષી માંગ ઊભી કરવી જોઈએ, એમાં સમાજ ઉપયોગી ઇચ્છિત પરિવર્તન માટેના પ્રયત્નો હાથ ધરવા જોઈએ.
- પાણીની અછતવાળા ગ્રામીણ વિસ્તારોને શોધી, એમાં એવું વ્યવસ્થાતંત્ર અને સ્ટ્રેટેજી ગોઠવવી જોઈએ કે ઓછા પાણીમાં ટોયલેટ બનાવી શકાય. સ્વચ્છતા જાળવી શકાય.
- જળવ્યવસ્થાપન અને સ્વચ્છતા માટે ગ્રામીણ સમુદાયમાં યોગ્ય પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ. આ માટે વિવિધ ચાર્ટ, ચોપાનિયા, રેડિયો, ભવાઈ, લોકડાયરો વગેરેનો બહોળો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.
- સ્વચ્છતા માટેના આગ્રહને પહોંચી વળવા અને જેન્ડર સમાનતા સર્જાય એ માટે બહોળા પ્રમાણમાં યંત્રવિજ્ઞાનનાં સાધનો વસાવવાં જોઈએ, જેથી ઓછા સમયમાં મર્યાદિત ખર્ચમાં યોગ્ય પરિણામ લાવી શકાય.
- ગ્રામીણ વિસ્તારમાં આવેલી સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓને એમાં સાંકળી લોકમાનસ અને વર્તનમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગ્રામીણ સમાજમાં આરોગ્ય માટે પાણી અને સ્વચ્છતા બંને મહત્ત્વના છે, એવું એમના માનસમાં સમજાવવું જોઈએ.
- પાણી અને સ્વચ્છતાના સંચાલન અને સંભાળ માટેના નિર્ણયની પ્રક્રિયામાં સ્ત્રી અને પુરુષ બંને સાંકળવા જોઈએ. આ માટેના રિસોર્સ સ્રોત અને સલામતી માટે સ્ત્રી અને પુરુષ બંનેનો સહિયારો પ્રયાસ નોંધનીય છે.
- સ્વચ્છતા જાળવવામાં સ્ત્રીઓને નડતાં સામાજિક અને સાંસ્કૃતિક બંધનોને દૂર કરી વૈજ્ઞાનિક રીતે આરોગ્યની જાળવણીમાં સ્વચ્છતાના મહત્ત્વને સ્થાન આપવું જોઈએ. આ માટે તેમની સાથે થતો ભેદભાવ દૂર કરી આરોગ્યવર્ધક સ્વચ્છતાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જોઈએ.
- અશુદ્ધ પાણીથી સર્જાતી સમસ્યાઓ વિશે લોકોને જાગૃત કરી, સ્વચ્છ પાણીની ઉપલબ્ધિનું જ્ઞાન આપવું જોઈએ. શાળામાં પાણી વિના વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીના નિવારણ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

- ગ્રામીણ સમુદાયમાં પાણી અને સ્વચ્છતા સમિતિ બનાવી શકાય. પાણીના વપરાશ પર બિલની વ્યવસ્થા પણ કરી શકાય. આરોગ્યની સુખાકારી માટેના પ્રગતિકારક ઉપાયો જરૂરી છે. આ માટે પરંપરાગતની સાથે આધુનિક મૂલ્યો અને આધુનિક સાધનોનો ઉપયોગ કરી શકાય. પીવાનું પાણી અને વાસણ, કપડાં ધોવાનું પાણી એવા વિભાગો પાડી શકાય.

**ઉપસંહાર :**

ટૂંકમાં, પાણીની ઉપલબ્ધિ, ઉપયોગ અને સ્વચ્છતા તથા આરોગ્યને જેન્ડર સાથે સંબંધ છે. પાણી અને સ્વચ્છતા દ્વારા આરોગ્યની જાળવણી એ માનવ અધિકાર છે. માનવ હોવાને નાતે એ અધિકારમાં ભેદભાવ સંભવી શકે નહીં, પરંતુ બીજી બાજુ જેન્ડર આધારિત શ્રમવિભાજન સમુદાય, સંસ્કૃતિ, વર્ગ વગેરે જેવા પાસા એની સાથે સંકળાયેલા છે. સમાજશાસ્ત્રીઓએ જેન્ડર આધારિત વિવિધ મુદ્દાઓને લક્ષમાં રાખી અભ્યાસો કરવા જોઈએ. સ્વચ્છતાના સમાજશાસ્ત્રમાં જેન્ડરનો અભિગમ દાખવવો જોઈએ. આ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન વધારી પાણી અને સ્વચ્છતાના મુદ્દે નિર્ણયની પ્રક્રિયામાં સ્ત્રીઓને સામેલ કરવામાં આવે તો તેઓનું સશક્તિકરણ થઈ શકે તેમ છે.

**સંદર્ભસૂચિ :**


- Agrawal, B. 1997. A field of one's own : Gender and land right in South Asia, Cambridge University Press.
- Gol (Government of India), 1999. Integrated Water Resource Development : A Plan for Development. New Delhi : Ministry of Water Resources.
- ECOSOC (Editor) (1997) : Mainstreaming the gender perspective into all policies and agendas in the United Nations system. New York : United Nations Economic and Social Council (UN ECOSOC).
- UN (Editor) (2007) : The Milennium Development Goals Report. New York : United Nations (UN). URL (ACCESSED : 26-08-2010.) PDF.
- UNICEF (Editor) (2008) : Water, Environment and Sanitation. 10 Key Points of check for Gender Equity; a checklist for managers of water and sanitation programs. New York : United Nation's.
- Upadhyay Bhawana - (2004) : Gender Roles and Multiple uses of Water in North Gujarat. Working paper-70 International Water Management Institute. Colombo. Sri Lanka.
- www.un.org./Waterforlifedecade/gender. (date-7-5-2017)
- Gender aspects of water and sanitation www.wateriad.org/documents/plugin_documents/micropsoft_word_gender_aspects. pdf
- A gender approach to sanitaion, for empowerment of women, men and children www.Genderand Water Alliance. JokeMuylwijk2006.for SACOSAN.
- Gender in Water and Sanitation www.unhabitat.org/content.asp?typeid=19&catid=303&cid=6847.
- Gender, Water and Sanitation www.waterforheages.org/gender-water-sanitation-faq#2.
- Meiyoshi Acabal Masgon ad Robert Gensch-water, sanitation and Gender Available at www.sswm; info/content/water-sanitation-and gender-(11-8-2016).
- Wallance, T., coles-A (2005), Water, Gender and Development : introduction
- Roberta Hawkins, Joni Seager (2010) Gender and Water in Mongolia-Tay/Taylor & Francis Group. LIC.


•

# સામાજિક ન્યાય વિશે ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોની પ્રસ્તુતતા

– ડૉ. શૈલજા ધ્રુવ*

**સાર સંક્ષેપ :**

રાષ્ટ્રવાદ અને ન્યાયની સમાનતાના અગ્રણી ડૉ. બાબાસાહેબ આંબેડકરના સામાજિક ન્યાયના વિચારોની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા એ વિશે આ પેપરમાં રજૂઆત કરી છે.

પ્રસ્તુત સંશોધન પેપર ગૌણ માહિતી આધારિત છે.

સ્વાભિમાન, સ્વાવલંબન એ આત્મોદ્ધારના સંદર્ભમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો મહત્ત્વના છે. એ સમયે સમાજમાં જોવા મળતી અસમાનતાને દૂર કરવા ડૉ. બાબાસાહેબ આંબેડકરે રજૂ કરેલા વિચારો અને કર્મશીલ તરીકે ભજવેલી ભૂમિકા નોંધનીય છે.

પ્રસ્તુત સંશોધન પેપર મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચ્યું છે. પ્રથમ વિભાગમાં સમાજશાસ્ત્રની દૃષ્ટિએ સામાજિક ન્યાયની રજૂઆત કરી છે. બીજા વિભાગમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે સામાજિક ન્યાય માટે કરેલાં કાર્યો અને વિચારોને રજૂ કર્યા છે. આ ઉપરાંત દલિત વર્ગ માટે સામાજિક ન્યાય અપાવવા કરેલાં કાર્યોની નોંધ લઈ, વર્તમાન સમયમાં તે કેટલે અંશે જોવા મળે છે, તેની ચર્ચા કરી છે. સ્વાભિમાન અને સ્વાવલંબન માટે એમણે રજૂ કરેલા વિચારોની વર્તમાન સમયમાં જોવા મળતી પ્રસ્તુતા રજૂ કરી છે.

ત્રીજા વિભાગમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોનું વર્તમાન સમયના સંદર્ભમાં ટીકાત્મક પરીક્ષણ કર્યું છે.

બંધારણના ઘડવૈયા સમાજચિંતક ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનમાંથી પ્રેરણા લઈ વર્તમાન સમયમાં રાષ્ટ્ર, સ્વૈચ્છિક સંસ્થા તથા સમાજશાસ્ત્રના અધ્યાપકોની શું ભૂમિકા હોઈ શકે તેનો નિદર્શ કર્યો છે.

**ચાવીરૂપ શબ્દો :** સામાજિક ન્યાય, અસ્પૃશ્યતા, આત્મોદ્ધાર.

## I

ભારતીય બંધારણના ઘડવૈયા અને દેશની એકતા અને અખંડિતતાના સાચા હિમાયતી ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો સમાનતા, સ્વતંત્રતા, બંધુતા અને ન્યાય પર આધારિત છે. પ્રસ્તુત પેપરમાં એમના સામાજિક ન્યાય વિશેના વિચારોની આજના સંદર્ભમાં શું પ્રસ્તુતતા છે એની રજૂઆત કરી છે.

### (૧) ભારતીય બંધારણમાં સામાજિક ન્યાય :

ભારતનું બંધારણ, નબળા વર્ગોનો વિકાસ અને સામાજિક ન્યાય અંગે વિચારણા કરવાનો સીધો સાધો અર્થ એ જ થાય કે શું આપણો દેશ આઝાદ થયો ત્યારે સ્વ-રાજ્યની જે કલ્પના કરવામાં આવેલી તેની સ્થાપના થઈ છે ખરી? સ્વ-રાજ્યની આ કલ્પના એટલે ભારતના લોકો માટે શાંતિ, સલામતી અને તે માટેની એવી વ્યવસ્થા કે દરેક - પ્રત્યેક ભારતવાસીનો વ્યક્તિગત વિકાસ થાય.

વ્યક્તિગત વિકાસ ત્યારે જ શક્ય બને કે જ્યારે એવી શાસન વ્યવસ્થા હોય કે પ્રત્યેકને સમાન ન્યાય મળે, સમાન ન્યાય વ્યવસ્થા માટે નબળા વર્ગોના ઉત્થાનની યોજના કરવી પડે અને તેમ બને તો જ સામાજિક ન્યાય થઈ શકે. આ શક્ય બનાવવા માટે ભારતનું બંધારણ પાયાનો આધાર છે. આથી જ લોકશાહી રાજ્યવ્યવસ્થા, સંસદીય પ્રણાલી, મૂળભૂત હક્કો, બિન-સાંપ્રદાયિકતા, ન્યાયિક સ્વતંત્રતા અને મુખ્યત્વે સ્વાયત્ત એવું તંત્રનો ખ્યાલ કરી બંધારણ ઘડવામાં આવ્યું.

સામાજિક ન્યાયનો અર્થ એ છે કે એવી ન્યાય વ્યવસ્થા ન હોવી જોઈએ કે 'જેનું જોર તેનો હક્ક.'

કાયદા સમક્ષ સમાનતાનો ખ્યાલ ઉત્તમ છે, પરંતુ તે કાયદાનો લાભ લઈ શકાય એવી વ્યવસ્થા ન હોય અને તેની કાર્યવાહી કરવાની ક્ષમતા ન હોય તો સમાનતા ન રહી શકે. આ માટે જરૂરી બને છે સમાન તક. સમાન તક ત્યારે જ મળી શકે, હક્ક પ્રાપ્ત કરવા સુલભ હોય. આથી જ ન્યાય મેળવવા કોઈ આર્થિક મૂંઝવણને કારણે વંચિત ન રહી જાય; માટે બંધારણની કલમ ૩૯-એ હેઠળ સમાન ન્યાય અને સમાન તક મળી રહે તે માટે વ્યવસ્થા કરવાની બંધારણીય ફરજ ગણવામાં આવી છે.

* એસો. પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, એસ.એલ.યુ. કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.

## II

ડૉ. આંબેડકર પોતાના જાનદાર વ્યક્તિત્વ, વિદ્વતા, ધ્યેય અને સમાજ પરિવર્તન માટે આવશ્યક ઘણી ધીરજ જેવા ગુણોને આધારે દલિત વર્ગમાં આત્મવિશ્વાસ કેળવી, સંગઠિત કરી શકતા હતા. તેમનાં ત્રણ સૂત્રો હતાં- સ્વાભિમાન, સ્વાવલંબન અને આત્મોદ્ધાર.

ડૉ. બાબાસાહેબે દલિત વર્ગની સામાજિક અને રાજકીય મુશ્કેલીઓ દૂર કરવા અને તે અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવા ૨૦ જુલાઈ, ૧૯૨૪ના રોજ 'બહિષ્કૃત હિતકારિણી સભા' નામની મધ્યસ્થ સંસ્થાની સ્થાપના કરી. આ સભાના ધ્યેય અને ઉદ્દેશ હતા :

(૧) છાત્રાલયો દ્વારા અથવા અન્ય સાધનો દ્વારા બહિષ્કૃત સમાજમાં શિક્ષણનો પ્રચાર કરવો.

(૨) બહિષ્કૃત સમાજમાં ઉચ્ચ સંસ્કારની વૃદ્ધિ કરવા ઠેકઠેકાણે વાચનાલય, શૈક્ષણિક વર્ગ અથવા સ્વાધ્યાય મંડળ બનાવવાં.

(૩) બહિષ્કૃત સમાજની આર્થિક સ્થિતિ સુધારવા ઔદ્યોગિક અને કૃષિવિષયક શાળા ચલાવવી.

(૪) બહિષ્કૃત સમાજ તરફ થતી ખોટી ફરિયાદો /બહિષ્કૃત સમાજની મુશ્કેલીઓની રજૂઆત સરકાર સમક્ષ કરવી.

આમ, દલિત વર્ગને અન્યાયી પરિસ્થિતિમાંથી બહાર લાવી, ભારતીય સમાજના અન્ય લોકો સાથે સામાજિક અને રાજકીય સમાનતાના ધોરણે લાવવા તથા તેમની આર્થિક ઉન્નતિ માટે 'બહિષ્કૃત હિતકારિણી સભા' નામની મધ્યસ્થ સંસ્થા કાર્યરત બની.

આ સંસ્થા સ્થાપવા પાછળનો ડૉ. આંબેડકરનો હેતુ સ્પષ્ટ હતો કે, હિંદુ સમાજની સમાનતાના ધોરણે પુનર્ઘટના નહીં થાય ત્યાં સુધી પ્રગતિ થશે નહીં. તે સમયે દલિતોની ઉન્નતિ માટે કેટલીક સંસ્થાઓ હતી. કેટલીક સંસ્થાઓનો ઉદ્દેશ સમાજસુધારણાનો હતો. જો કે સમાજસુધારણાની પરિષદ/સંસ્થા ઉચ્ચ વર્ગના હિંદુઓની બનેલી હતી. દા.ત. મહાદેવ ગોવિંદ રાનડે દ્વારા સંચાલિત સંસ્થામાં વિધવાનું પુનર્લગ્ન, સ્ત્રીઓનો વારસા હક્ક, સ્ત્રી-શિક્ષણ, બાળલગ્ન પૂરતો મર્યાદિત હતો. આવી સંસ્થાઓનું મૂળભૂત રીતે જ્ઞાતિભેદ નાબૂદ કરવાની કાં તો જરૂર જણાઈ ન હતી અથવા આ પ્રચંડ મુશ્કેલ કાર્ય પૂરું કરવાની તેમનામાં હિંમત ન હતી. ડૉ. આંબેડકરના મતે સમાજસુધારણાના હેતુથી સ્થાપિત સંસ્થાઓ હિંદુ સમાજનાં અનિષ્ટો દૂર કરવા અને તેની પુનઃરચના માટે પ્રયાસ કરી રહી હતી. પણ આ કાર્ય તેઓ મૂળમાંથી નહીં પણ ઉપર ઉપરથી કાર્યો કરતાં.

ડૉ. આંબેડકરના મતે એ સમયે અસ્પૃશ્યોને પાસે બોલાવવા, તેમને સ્વચ્છતા શીખવાડવી, તેમની સાથે પ્રીતીભોજન કરવું, તેમની રહેણીકરણી, વર્તન, પહેરવેશ સુધારવા વગેરે બાબતોમાં પ્રયત્નો થયા, પણ દલિતોના હૃદયમાં આત્મોન્નતિ/આત્મોદ્ધારનો પ્રકાશ કોઈ લાવી શક્યું નહીં. પરાવલંબન, અસહાયતા, આશ્રિત ભાવના દલિતોના મનમાં ઊંડાં મૂળ રોપીને બેઠી છે તે સુધારકો જાણતા હતા. પણ સહાય અને સ્વાવલંબન વચ્ચેનો સ્પષ્ટભેદ વ્યક્ત કરી શકતા ન હતા. સ્વાવલંબન જ સાચી સહાય છે આ મૂળભૂત મંત્રની દલિતોને જરૂર હતી.

બીજી તરફ સ્વાતંત્ર્ય ચળવળની શરૂઆત થઈ ગઈ હતી, આથી મોટાભાગના સક્રિય અને દેશભક્ત હિંદુ સભાના નેતાઓ સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાવા લાગ્યા હતા. અસ્પૃશ્યતા નિવારણના કામમાં લાગેલા કેટલાક અગ્રગણ્ય હિંદુ નેતાઓ મનથી સંપૂર્ણ સનાતનની વૃત્તિ ધરાવતા હોવાને લીધે એમનું કામ ઉપરછલ્લું હતું. તેમને હિંદુ સમાજનું સંગઠન કરવું હતું પણ હિંદુ સમાજમાં સમાનતા આધારિત સમાજની પુનઃરચના નહોતી કરવી. આ જ કારણથી ડૉ. આંબેડકર સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા ન હતા.

આ બધી પરિસ્થિતિને લક્ષમાં રાખીને બહિષ્કૃત હિતકારિણી સભાએ આંદોલન નહીં પણ દલિતોમાં જ્ઞાન પ્રસારને પ્રાધાન્ય આપ્યું. આ સભાના નેજા હેઠળ અનેક પ્રવૃત્તિ હાથ ધરાઈ; જેમ કે, સોલાપુરનું છાત્રાલય, મુંબઈમાં વાચનાલય, મહાર હોકી ક્લબની સ્થાપના

વગેરેને લીધે અસ્પૃશ્યોમાં સ્વાભિમાનની જાગૃતિ થઈ જેના થકી તેમણે પોતાની કામગીરી વડે દુનિયામાં અધિકાર પ્રાપ્ત કરવાની દિશા બતાવી. ડૉ. બાબાસાહેબે દલિત વર્ગમાં જાગૃતિ અને પરિવર્તન લાવી સરકારી નોકરીઓ મેળવવા ઉચ્ચ શિક્ષણ પણ ભાર મૂક્યો.

**સમાનતા :**

ડૉ. બાબાસાહેબ આંબેડકરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સમાજમાં ઊંચ-નીચના ભેદભાવ ન હોવા જોઈએ. હિંદુ ધર્મમાં મનુષ્યને ઈશ્વરનું સ્વરૂપ ગણવામાં આવ્યું છે. હિંદુઓએ ચાતુર્વર્ણ્ય નાબૂદ કરી એક વર્ણ પર આધારિત સમાજ રચવો જોઈએ. અસ્પૃશ્યો માટે સેવાતા દુર્લક્ષને ત્યજી સમાનતાના અધિકારને સ્થાપિત કરવાનું પગલું એમને ઉચિત લાગ્યું. આ માટે એમણે ઘણાં પગલાં લીધાં. ડૉ. બાબાસાહેબ આંબેડકરે જણાવ્યું કે, દલિતોને મંદિરમાં દેવદર્શનનો અધિકાર જરૂર છે, એકતા માટે મંદિર આવશ્યક છે, પરંતુ મંદિર ન હોય તો કશું અટકી જવાનું નથી. ખરેખર તો સમાજમાં સમાન અધિકારોની વધુ જરૂર છે.

**સામાજિક ન્યાય સંબંધી ડૉ. બાબાસાહેબના વિચારો :**

મુંબઈ વિધાનસભાના સભ્ય બન્યા પછીના ડૉ. આંબેડકરે સામાજિક ન્યાય સંબંધી કેટલીક બાબતો રજૂ કરી હતી.

- **મહેસૂલ પદ્ધતિ :**
  મહેસૂલ પદ્ધતિ ખાતરીલાયક હોવી જોઈએ. પ્રસ્તુત અંદાજપત્ર અન્યાયી છે. આવક ઉપરનો કર અને જમીન મહેસૂલની નીતિને લીધે ગરીબ ખેડૂતોને ખૂબ જ અન્યાય થાય. જમીન નાની હોય કે મોટી, પાક આવે કે ન આવે ખેડૂતે નક્કી કરેલો કર ભરવો જ પડે છે. જે આવકવેરો ભરનારામાં જોવા મળતો નથી. આવક મુજબ કરમાં તફાવત હોય છે. આમ, ખેડૂતો પર લદાતો કર અન્યાયી છે.
- **દારૂબંધી :**
  દારૂબંધીની યોજના ઘડવા કરતાં જો લોકોને મફત શિક્ષણ, દવાની મફત સવલત અને જીવનોપયોગી વસ્તુઓ સરળતાથી મળી શકે તો લોકો દારૂના વ્યસનમાંથી મુક્ત થશે.
- **શિક્ષણ :**
  સામાન્ય માણસ માટે શિક્ષણ સુલભ બને એવી વ્યવસ્થા કરવી જોઈએ. નીચલા વર્ગ માટે ઉચ્ચ શિક્ષણ ખર્ચાળ હોવું જોઈએ નહીં. એટલું જ નહીં નીચલા વર્ગોને ઉપલા વર્ગોની સમકક્ષ લાવવા માટે તેમને સવલતો આપવી જોઈએ.

શિક્ષણ એ એક પવિત્ર સંસ્થા છે, નિશાળમાં મન સુસંસ્કૃત થાય છે. શાળા એ નાગરિકો તૈયાર કરવાનું પવિત્ર ક્ષેત્ર છે. નાગરિકો તૈયાર કરવાનું કાર્ય એ એક રાષ્ટ્રીયતાનું, માનવતાનું અને અજ્ઞાન દૂર કરવાનું ઉદાત્ત કાર્ય છે. શાળાના શિક્ષકો સમબુદ્ધિના, ઉદાત્ત, નિષ્પક્ષ અને વિશાળ હૃદયના હોવા જોઈએ. શિક્ષક આ રાષ્ટ્રરથનો સારથિ છે. કારણ કે તેના હાથમાં શિક્ષણની નાડ છે.

સમાજસુધારણાની દૃષ્ટિએ શિક્ષણ સંદર્ભમાં આંબેડકર જણાવે છે કે બ્રાહ્મણો શિક્ષણમાં પોતાની સર્વોપરિતા રાખે, અસ્પૃશ્યો પ્રત્યે તિરસ્કાર કરી તેમને શિક્ષણથી વંચિત રાખે તો તો બ્રાહ્મણોને જ સૌપ્રથમ શિક્ષિત બનાવવા જોઈએ.

આમ, ડૉ. આંબેડકરે આંતરિક એકતા, સમાનતાના પાયા પર પોતાના સામાજિક ન્યાયના વિચારોને દર્શાવ્યા છે.

દલિતોના બેલી ડૉ. બાબાસાહેબના સામાજિક ન્યાય અંગેના વિચારોમાં રાષ્ટ્રીય ઐક્યની ભાવના દૃષ્ટિગોચર થાય છે.

## III

ડૉ. બી. આર. આંબેડકરના વિચારોની પ્રસ્તુતતા આજના સંદર્ભમાં જોવી જરૂરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે એક સૂત્ર આપેલું કે 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો,' એ સૂત્ર સમગ્ર ભારતના શોષિત પીડિત સમાજ માટે વેદવાક્ય સમાન છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર સામાજિક ન્યાય માટે લડ્યા, તેમણે સ્વાભિમાન અને સ્વાવલંબનનાં મૂલ્યોની ભેટ આપી, આત્મોદ્ધાર માટે પ્રયત્નો કર્યા. વર્તમાન સમયમાં આ મૂલ્યનું ઘણું જ મહત્ત્વ છે. જેઓએ સ્વાવલંબનના ગુણોને પોતાના જીવનમાં ઉતાર્યા છે. તેઓ આજે વૈશ્વિકરણના વાતાવરણમાં અનુકૂલન સાધી શકે છે. પોતાના કૌશલ્ય દ્વારા આત્મોદ્ધાર કરવા કટિબદ્ધ બને છે. આજે અન્યાય અને શોષણ સામે ઝઝૂમનાર વ્યક્તિઓ રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપી, રાષ્ટ્ર ઐક્યમાં નોંધપાત્ર ભૂમિકા ભજવતા દૃષ્ટિગોચર થાય છે.

- ડૉ. આંબેડકરના મતે, ભારત એક અખંડ રાષ્ટ્ર બને એ માટે નાત-જાત-વર્ણના ભેદભાવ ભૂલી સંગઠિત થાય તો જ રાષ્ટ્રની તાકાત વધે. આજે ભારતના પડોશી રાષ્ટ્ર જેવા કે પાકિસ્તાન, ચીન, નેપાળ વગેરે આપણા રાષ્ટ્રની અખંડિતતા તોડવાનો પ્રયાસ કરે ત્યારે રાષ્ટ્રની અખંડિતતા જાળવવા બી.આર. આંબેડકરના ઉપર્યુક્ત વિચારોનો અમલ થાય એ ખૂબ જરૂરી છે.
- ભારત આજે જુદા જુદા ધર્મ, પંથ કે સંપ્રદાયમાં ડૂબેલો છે. જેમાં ધર્મ વિભૂતી કે વ્યક્તિ પૂજા લોકોને ભ્રામક નશામાં રાખી પ્રજા સામે ખતરો ઊભો કરી રહી છે ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરે દર્શાવ્યા મુજબ, વ્યક્તિ કે મૂર્તિ પૂજાનો વિરોધ કરી, સામાજિક ન્યાયની હિમાયત કરવી વધુ હિતાવહ છે તે બાબત યથાર્થ જણાય છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પોતાનું સમગ્ર જીવન સમાજસેવા માટે ન્યોછાવર કર્યું. એમની વિરાટ પ્રતિભા દલિતો માટે જ નહીં પણ સમગ્ર સમાજ માટે Role Model બની રહી છે. આજે તેમાંથી જ પ્રેરણા લઈને કેટલાક સમાજસેવકો ઍવોર્ડ માટે નહીં પણ ખરા અર્થમાં સમાજ માટે કાર્ય કરી રહ્યા છે.

વિશ્વમાં ભારતની લોકશાહી સૌથી મોટી અને બંધારણ પણ લાંબો લેખિત દસ્તાવેજ છે. આજે માનવહક્ક, સામાજિક ન્યાય વગેરે વિશેની ચર્ચા વૈશ્વિક ફલક પર થાય છે ત્યારે બંધારણસભાની સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકરે રાત-દિવસ મહેનત કરી વિશ્વને પ્રેરણારૂપ બને એવું બંધારણ ઘડ્યું, જેમાં સામાજિક ન્યાયની અસરકારક રજૂઆત કરી. માનવ અધિકારનો ખ્યાલ હજુ વિશ્વમાં સંપૂર્ણપણે વિકસીત બન્યો ન હતો ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતોના માનવ અધિકાર અને ન્યાય માટે મહાડ સત્યાગ્રહ કર્યો. તળાવના પાણીનો ઉપયોગ, મંદિર પ્રવેશની લડત આ બધામાં એમની દીર્ઘદૃષ્ટિ દૃષ્ટિગોચર થાય છે.

પ્રવર્તમાન સમયમાં માનવ અધિકારોનું હનન ન થાય એ માટે ખાસ કરીને ભારતના નાગરિકો અન્યાયી લડતો સામે બંડ પોકારવા સંગઠિત બનતા જાય છે.

- ડૉ. બી.આર. આંબેડકરના અક્ષરદેહના પ્રથમ ખંડનું પ્રકરણ હિંદુમાં જ્ઞાતિઓ, તેમની રચના, મૂળ અને વિકાસ પરનો નિબંધ કોલંબિયા યુનવર્સિટીમાં રજૂ થયો હતો. એમં એમણે જે આલોચના કરી હતી તે વર્તમાન સમયમાં જ્ઞાતિ સમાનતા માટે મહત્ત્વની પૂરવાર થાય છે.

જ્ઞાતિપ્રથાના સંદર્ભમાં જોઈએ તો, આજે પણ જ્ઞાતિપ્રથા ટકી રહી છે. આંતરજ્ઞાતીય લગ્નને આજે પણ સહજ સ્વીકૃતિ મળી નથી. જ્ઞાતિ-પેટાજ્ઞાતિના વાડા દૂર થયા નથી. ઊંચનીચના ભેદભાવ દૂર થયા નથી. જો કે જ્ઞાતિનું પરંપરાગત માળખું બદલાયું છે. જ્ઞાતિ સંબંધોનાં ક્ષેત્રો અને કાર્યો બદલાયાં છે. જ્ઞાતિના પરંપરાગત વ્યવસાય અને જીવનશૈલી બદલાયા છે. પરંતુ ગ્રામીણ સમાજમાં નિમ્ન સમાજના લોકો પ્રત્યેનાં વલણોમાં હજુ પરિવર્તન આવવું જોઈએ એવું આવ્યું નથી.

વર્તમાન રાજકારણીઓએ જાતિ નિર્મૂલનના એજન્ડા આગળ વધારવાની જરૂર છે, પરંતુ એમનાં સ્થાપિત હીતોને લીધે એ દૂર થઈ શકતા નથી.

- ડૉ. બાબાસાહેબ આંબેડકરનું આર્થિક ચિંતન સામાજિક ન્યાય અને માનવ અધિકારોની આસપાસ ગૂંથાયેલું છે. તેઓ સામ્યવાદના હિમાયતી હતા.

તેઓ અસમાનતા અને અન્યાય દૂર કરવા પર ભાર મૂકતા હતા. આ માટે આર્થિક સ્વાવલંબન પર ભાર મૂક્યો, જેને આજે સમર્થન મળ્યું છે.

**ઉપસંહાર :**

વર્તમાન સમયમાં માનવીય મૂલ્યોનું હનન થતું જણાય છે ત્યારે ડૉ. આંબેડકરનાં માનવીય મૂલ્યો, અધિકારો, હક્કોની જાળવણી, સમતાવાદી વિચારો એ બધામાં ન્યાયિક અને સમાન સમાજની સમર્થતાનો સૂર જોવા મળે છે. એ દૃષ્ટિએ વર્તમાન સમાજના બધા લોકોને સમાન હક્ક મળે તે તાતી જરૂરિયાત છે.

**સંદર્ભસૂચિ :**


- ડૉ. પી. જી. જ્યોતિકર (૧૯૯૮) : આર્ષદૃષ્ટા : ડૉ. બાબાસાહેબ આંબેડકર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- રમેશચંદ્ર પરમાર (૧૯૯૬) : કાનૂનદાતા આંબેડકર; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.
- ડૉ. શૈલજા ધ્રુવ (૨૦૧૪) : ભારતનો સામાજિક ઇતિહાસ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
- એસ. એલ. દોષી (૨૦૧૦) : ભારતીય સામાજિક વિચારક; રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી).
- M. H. Makwana (ed.) (2004) : Dr. Babasaheb Ambedkar's Vision and Social Justice, Dr. babasaheb Ambedkar chair; Gujarat University, Ahmedabad.
- M. G. Chitkara (2002) : Dr. Ambedkar & Social Justice APH Publishing Corporation, New Delhi.
- ....(2013) : અભિદૃષ્ટિ, ડૉ. આંબેડકર વિશેષાંક; અંક-૬૬-૬૭, વર્ષ-૭, મે-જૂન, ૨૦૧૩.


●

ઈશ્વર એક દરવાજો બંધ કરતા પહેલાં બીજો ખોલી દે છે, પ્રયત્ન કરતાં રહેવું જોઈએ.

●

નિષ્ફળતાની સ્થિતિ ત્યારે જ સર્જાય છે જ્યારે તમે પ્રયાસ કરવાનું બંધ કરી દો છો.

●

આપણે એ જાણીએ છીએ કે આપણે શું છીએ પણ એ નથી જાણતા કે આપણે શું બની શકીએ છીએ.

●

માનવતા પ્રકાશની એ નદી છે જે સીમિતથી અસીમ તરફ વહે છે.

●

આશા એ શક્તિ છે જે એવી પરિસ્થિતિઓમાં પણ આપણને ખુશ રાખે છે. જેના વિશે આપણે સમજીએ છીએ કે તે ખરાબ છે.

●

જે માતૃભાષાનું અપમાન કરે છે તે દેશભક્ત કહેવાને લાયક નથી.

●

# ભારતમાં 'વંચિત'ની વિભાવના - વ્યક્તિ અને રાજ્ય

– પરેશકુમાર વી. ચૌહાણ*

આજકાલ વિવિધ માધ્યમોમાં 'વંચિત' શબ્દનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થતો જોવા મળે છે. લેખકો, વિદ્વાનો, સંશોધકો, રાજનેતાઓ, સંસ્થાઓ, સરકાર વગેરે દ્વારા વંચિત શબ્દનો વારંવાર ઉલ્લેખ થાય છે. વિવિધ ભાષાઓના માધ્યમો, છાપાઓ અને સામયિકો દ્વારા વંચિતોના ઉત્થાન માટે કામ કરતા કર્મશીલો માટે જુદા-જુદા શબ્દો વપરાતા થયા છે જેવા કે ગુજરાતીમાં વંચિતોના બેલી, મુઠ્ઠી ઊંચેરો માનવી, વંચિતોના વાણોતર વગેરે શબ્દો જાણીતા છે. ગુજરાતમાં 'નયામાર્ગ' સામયિક વંચિતલક્ષી વિકાસ પ્રવૃત્તિ, વૈજ્ઞાનિક અભિગમ અને શોષણવિહીન સમાજ રચના માટે પ્રતિબદ્ધ એકમાત્ર પાક્ષિક છે. 'નિરીક્ષક' સામયિક પણ વંચિતોની ચર્ચા કરવાની સાથે સાથે તેનું સ્વરૂપ વિચારપત્રનું છે. પરંતુ આ શબ્દનો અર્થ કે વ્યાખ્યા કોઈ જગ્યાએ જોવા મળતી નથી. ગુજરાતી વિશ્વકોષમાં પણ આ શબ્દનો સમાવેશ થયો નથી. તેથી હું અહીં 'વંચિત' વિશે ચર્ચા કરવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું. બની શકે છે કે વાચકોને એ કેટલેક અંશે અધૂરો કે અવૈજ્ઞાનિક લાગે તેથી જ તેમાં ચર્ચા માટે પણ અવકાશ છે.

વંચિતો માટે અંગ્રેજીમાં 'deprived' શબ્દ વપરાય છે. આ શબ્દનો ઉદ્ભવ ૧૨૭૫થી ૧૩૨૫ દરમિયાન ફ્રેન્ચ અને લેટિન ભાષામાં જુદાં જુદાં ઉચ્ચારણો સાથે થયો હતો અને ૧૪મી સદીમાં તેનો સૌપ્રથમ ઉપયોગ થયો. આ વંચિતોને જો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સમજવા હોય તો તેમને મારી દૃષ્ટિએ વિશ્વના જે તે ભૌગોલિક પ્રદેશના સમય અને સ્થળ (Time and Space) અને આ બંનેને અસર કરતા પરિબળોના સંદર્ભમાં સમજી શકાય છે. સમયની દૃષ્ટિએ આજ સુધીના સમયને વિકાસના વિવિધ તબક્કાઓ જેવા કે આધુનિકતા પૂર્વેનો તબક્કો, આધુનિકતાનો પ્રવેશ અને વિકાસનો તબક્કો અને અનુ-આધુનિક અને તે પછીના તબક્કામાં વહેંચીને વિચાર કરી શકાય. એવી જ રીતે સ્થળને, ભૌગોલિક વિસ્તારોમાં વિશ્વને વહેંચીને વિવિધ પ્રાદેશિક વિસ્તારોના વંચિત વિષે સમજી શકાય છે. આની સાથે સાથે દરેક સમાજમાં આ જુદા જુદા સમય અને ભૌગોલિક વિસ્તારમાં રહેતી માનવ વસતિને અસર કરતી કેટલીક બીજી બાબતો હોય છે, જેવી કે સમાજનું સામાજિક માળખું, સામાજિક મૂલ્યો, સત્તાનું સ્વરૂપ, સંઘર્ષ, પરિવર્તન, ત્યાંની સામાજિક સમસ્યાઓ વગેરે કે જે સામાજિક વર્ગોના ઘડતરમાં ફાળો આપે છે. આવી બાબતો માનવસમાજની વસતિને વિવિધ વર્ગોમાં વિભાજિત કરે છે. આ વિવિધ વર્ગો વચ્ચે જોવા મળતી આર્થિક અસમાનતામાં કેટલાંક જૂથો એ નબળા, પછાત, ગરીબ, ઉપેક્ષિત, શોષિત, દલિત એટલે કે વંચિતો તરીકે સમાજના બીજા વર્ગોથી જુદા પડે છે.

**૧. આધુનિકતા-સમાજશાસ્ત્રીય સ્થાપકો અને વંચિતો :**

સોળમી સદીના અંતમાં અમેરિકા અને ભારત જેવા નવા ભૌગોલિક વિસ્તારો શોધાયા. આંતરરાષ્ટ્રીય બજારનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. ગૃહઉદ્યોગક્ષેત્રે થતું ઉત્પાદન વધતી જતી માંગને પહોંચી વળવા અસમર્થ હતું. એટલે તેનું સ્થાન કારખાના પદ્ધતિએ લીધું. કારખાનામાં મોટી સંખ્યામાં કામદારોને એક જ સ્થળે ભેગા કરી તેમની વચ્ચે શ્રમનું વિભાજન કરી ઉત્પાદનમાં વધારો કરવામાં આવ્યો. એટલે કારખાનાના ઉદયની સાથે સમંતશાહી સમાજની ભીતર મૂડીવાદનો આરંભ થયો. અત્યાર સુધીના માનવ સમાજથી જે કાંઈ સિદ્ધ થયું તે મૂડીવાદે એક બે સદીઓમાં હાંસલ કરી બતાવ્યું. અહીં મૂડીવાદવર્ગ અને કામદાર વર્ગ અસ્તિત્વમાં આવ્યો.

સોળમી સદીથી ઓગણીસમી સદી દરમિયાન અનેક અર્થશાસ્ત્રીઓ, રાજ્યશાસ્ત્રીઓ, જીવશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓએ કોઈને કોઈ સ્વરૂપે સંઘર્ષને જોવાનો પ્રયાસ કર્યો છે. ઓગણીસમી સદીમાં કાર્લમાર્ક્સે અને ફ્રેડરિક એંગલ્સે પોતાના પુસ્તક 'The Communist Manifesto' માં અમીર અને સામાન્ય માનવી, ઉમરાવ

* પીએચ.ડી. વિદ્યાર્થી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી અને પૂર્વ વ્યાખ્યાતા તાલીમ રિસર્ચ ફાઉન્ડેશન, બોપલ, અમદાવાદ.

અને ખેત ગુલામ, મહાજનનો માલિક અને કારીગર વગેરે સમાજના વિવિધ વર્ગો અને વર્ગ-સંઘર્ષની ચર્ચા કરી છે. કાર્લ માર્કસે પશ્ચિમના ઇતિહાસને છ મુખ્ય કાલખંડો (epochs)માં વિભાજિત કર્યા છેઃ આદિમ-સામ્યવાદ (Primitive-Communism), ગુલામવાદી સમાજ (Slavery), સામંતવાદ (Feudalism), મૂડીવાદ (Capitalism), સમાજવાદ (Socialism) અને સામ્યવાદ (Communism). જેમાંથી ગુલામવાદી સમાજ, સામંતશાહી સમાજ અને મૂડીવાદી સમાજમાં જેમની પાસે છે (have) અને જેમની પાસે નથી (have not)નો વિચાર કરીએ તો ક્રમશઃ સામાન્ય માનવી (plebean), ખેતગુલામ અને કામદાર વર્ગ વંચિત હતા. પરંતુ તે વખતે કાર્લ માર્કસે તેમના માટે વંચિત શબ્દ વાપર્યો નહોતો. તેમ છતાં, વંચિત જૂથો વિશે વિચાર કરનારા લોકોમાં કાર્લ માર્કસે એ સર્વપ્રથમ હતા તેમ કહી શકાય છે.

આમ તો વંચિત શબ્દ આધુનિક યુગમાં જાણીતો બનેલો છે એટલે કે વંચિતનો સંબંધ આધુનિક યુગમાં શરૂ થયેલી આધુનિકતા કે આધુનિકીકરણની પ્રક્રિયાની સાથે છે. આધુનિકતા કે આધુનિકીકરણ એક એવા પ્રકારની સામાજિક, આર્થિક અને રાજનીતિક વ્યવસ્થામાં પરિવર્તનની પ્રક્રિયા છે જે સત્તરમીથી ઓગણીસમી સદીમાં પશ્ચિમી યૂરોપ અને ઉત્તરી અમેરિકામાં વિકસીત થઈ.

આ જ યુગમાં પૂર્નજાગરણ થયું અને વીસમી સદી સુધી દક્ષિણી અમેરિકા, એશિયાઈ અને આફ્રિકાના દેશોમાં વિકસિત થઈ. આજ યુગમાં વરાળ એંજિનની શોધ થઈ, ઉત્પાદનમાં મશીનોનો પ્રયોગ શરૂ થયો, જેણે ઔદ્યોગિકીકરણને જન્મ આપ્યો. જેથી ઉત્પાદન મોટા પાયે અને ઝડપથી થવા લાગ્યું. નવા નવા દ્વિપો અને મહાદ્વિપોની શોધ થઈ. વેપાર અને વાણિજ્યના ક્ષેત્રોમાં વધારો થયો. બેંકો, પેઢીઓ, નાણાની સગવડો વધી. વાહનવ્યવહાર અને સંચારનાં સાધનોનો વિકાસ થયો. દર્શન, શિક્ષા અને બૌદ્ધિક ક્ષેત્રે તાર્કિકતાનો વિકાસ થયો, શાસનમાં લોકતંત્ર અને તેનાં મૂલ્યોનો સ્વીકાર કરવામાં આવ્યો. આધુનિકતાની વ્યાખ્યા પ્રાચીન વ્યવસ્થાના સંદર્ભમાં કરવામાં આવી. આધુનિકતાના સંબંધને પૂનર્જાગરણ સાથે સાંકળવામાં આવ્યો. આ રીતે પૂનર્જાગરણની સાથે યુરોપમાં આધુનિકતાનું આગમન થયું.

આ આધુનિકતાની વ્યાખ્યા સમાજશાસ્ત્રીય સ્થાપક વિચારકોથી લઈને આજ સુધીના સમાજશાસ્ત્રીઓએ કરી છે. દુર્ખાઈમના સમયમાં યૂરોપમાં આધુનિકીકરણ આવી ગયું હતું. ૧૮મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ ગઈ હતી. યાંત્રિક સમાજ પરિવર્તન પામી જૈવિક સમાજ બની રહ્યો હતો. ગૃહઉદ્યોગો અને હસ્તકલા કારીગરી (Handicraft) બંધ થવાની સ્થિતિમાં હતા. આવી અવસ્થામાં દુર્ખાઈમે આધુનિકીકરણની વ્યાખ્યા કરી. તેમણે કહ્યું કે યાંત્રિક સમાજનું જૈવિક સમાજ બનવું જ આધુનિકીકરણ છે. બીજા શબ્દોમાં જ્યારે સ્તરીકરણ વધી જાય છે ત્યારે આધુનિકીકરણ આવી જાય છે અથવા આધુનિકીકરણ સમાજમાં સ્તરીકરણ લાવે છે એટલે કે દુર્ખાઈમના મતે આધુનિકતા એ સમાજમાં વધતું જતું સ્તરીકરણ છે. ટાલકોટ પારસંસ એ દુર્ખાઈમના જ શબ્દોમાં આધુનિકતાને રચનાતંત્રીય વિભેદીકરણ (Structural Differentiation)ની સાથે સાંકળે છે. વેબર આધુનિકતાને વિવેક કે તર્કશક્તિ (Rationality) સાથે સાંકળે છે. (દોષી : ૨૦૦૨, ૨૮-૨૯).

આ સિવાય કેટલાક બિન ભારતીય અને ભારતીય વિદ્વાનો જેવા કે મેરિયન જે. લેવી, ડેનિયલ લર્નર, દુબે, શ્રીનિવાસ, બી.વી.શાહ, એ. આર. દેસાઈ વગેરેએ આધુનિકતા કે આધુનિકીકરણ ઉપર લખ્યું છે અને તેની ખાસિયતો જણાવી છે. શ્રીનિવાસે શરૂઆતમાં સામાજિક કે સાંસ્કૃતિક ગતિશીલતાનું વિશ્લેષણ કરવા માટે પશ્ચિમીકરણનો ખ્યાલ આપ્યો હતો. તેઓ પશ્ચિમીકરણ અંતર્ગત માનવવાદ અને તર્કશક્તિ (Rationality) ઉપર વધુ ભાર મૂકે છે. અંગ્રેજી શાસનને પરિણામે આપણા દેશમાં વિજ્ઞાનનો વિકાસ થયો, ઉદ્યોગીકરણ આગળ વધ્યું, શિક્ષણની સંસ્થાઓ સ્થપાઈ, રાષ્ટ્રીયતાનો વિકાસ થયો અને એક નવા પ્રકારની રાજકીય સંસ્કૃતિ ઉદ્‌ભવી, આ બધું પશ્ચિમીકરણ છે. આગળ જતાં શ્રીનિવાસે પોતાના પુસ્તક ‘Social change in Modern India, 1966’માં પશ્ચિમીકરણને સાથે આધુનિકીકરણનો પ્રયોગ

કર્યો છે. શ્રીનિવાસ આધુનિકરણ શબ્દનો પ્રયોગ કરતા હોવા છતાં પણ તેમની પસંદગી પશ્ચિમીકરણની છે. તેઓ કહે છે કે પશ્ચિમીકરણનો ભારત સાથે ઐતિહાસિક સંબંધ છે. આપણા માટે તો અંગ્રેજી શાસનનો પ્રભાવ ઐતિહાસિક છે. બીજું, પશ્ચિમીકરણના ખ્યાલમાં માનવવાદ અને તર્કશક્તિ હોય છે જે આધુનિકીકરણમાં નથી.

યોગેન્દ્રસિંહ મૂલ્યો ઉપર વધુ ભાર મૂકે છે. એ મૂલ્યો માનવ અધિકાર, સમાનતા, સામાજિક ન્યાય, વિકાસનો અધિકાર, નાગરિક અધિકાર વગેરેની સાથે જોડાયેલા છે (દોષી : ૨૦૦૩, ૪૫૫). ભારતમાં આ મૂલ્યોના વપરાશ પછી વિવિધ વંચિત જૂથો વધુ ખુલ્લા પડતાં જાય છે.

પરંતુ બીજા કેટલાક વિદ્વાનો આધુનિકતાને જુદી રીતે જુવે છે જેમ કે કેલિનિકોજ આધુનિકતાને માત્ર મૂડીવાદી આધુનિકતા (Capitalist Modernity) તરીકે ઓળખાવે છે. જ્યારે ચાર્લ્સ લેમર્ટ (૧૯૯૩) એવું જણાવે છે કે આધુનિકતાએ સમાજના નબળા અને દલિત વર્ગોની ઉપેક્ષા કરી છે જેને ભવિષ્યમાં સહન કરી શકાશે નહીં. અનુ આધુનિકતા (૧૯૭૦ પછીનો સમય) એ સમાજના પછાત, દલિત, ગરીબ અને ઉપેક્ષિત લોકસમુદાયનો યુગ હશે. લગભગ આ પ્રકારના જ વિચારો ફ્રાંસના અનુસંરચનાવાદીઓએ વ્યક્ત કર્યા છે અને તેમનો રસ પણ સમાજના ઉપેક્ષિત અને દલિત લોકોમાં જ રહ્યો છે.

સમાજશાસ્ત્રમાં જ્યોર્જ સી. હોમન્સનું પુસ્તક ‘The Human Group (૧૯૫૦)’ નાના જૂથોના અભ્યાસનું વાસ્તવિક પ્રતિનિધિત્વ ધરાવે છે. આમાં તેમણે વ્યવસ્થા (system)ના અમૂર્ત ખ્યાલ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ પુસ્તક પાછળ તેમનો હેતુ નાનાં જૂથોની રચના, પ્રક્રિયા, કાર્યો, બંધારણ અને સંચાલન તપાસવાનો હતો. આ પુસ્તકને સમાજશાસ્ત્રમાં કાર્યાત્મકવાદના જાણીતા ગ્રંથ તરીકે આવકાર મળ્યો છે.

હોમન્સે પોતાના વિનિમયના સિદ્ધાંતમાં નાનાં જૂથોના અભ્યાસોમાં વંચિતતા-પરિતૃપ્તિ (deprivation -satiation) અને સાપેક્ષ વંચિતતા (relative deprivation) અથવા સાપેક્ષ લાભો (Relative advantages)ની વાત કરી છે. હોમન્સ પોતાના સિદ્ધાંતોને સમજાવવા પાંચ મૂળભૂત વિધાનો (The Propositions) રજૂ કરે છે, જે પરસ્પર સંકળાયેલા છે અને તે બી.એફ. સ્કીનરના માનસશાસ્ત્રમાંથી લેવામાં આવ્યા છે. આ વિધાનોમાં સફળતા (success), ઉદ્દીપક (stimulus), મૂલ્ય (value), વંચિતતા-પરિતૃપ્તિ (deprivation-satiation) અને સંમતિ-આક્રમણ (approval aggression)નો સમાવેશ થાય છે. આ વિધાનો દ્વારા હોમન્સ સામાજિક વર્તન વિશેની ચર્ચા કરી છે.

હોમન્સ વંચિતતા અને પરિતૃપ્તિના વિધાન (The Deprivation-Satiation Proposition) વિશે ચર્ચા કરતા કહે છે કે ‘જો કોઈ વ્યક્તિ નજીકના ભૂતકાળમાં અવારનવાર અમુક બદલો (reward) બીજા તરફથી મેળવતો જાય તેમ તે બદલાના એકમનું મૂલ્ય ઓછુ થતું જશે.’ હોમન્સનું આ વિધાન જેટલું અટપટુ છે તેટલું જ સ્પષ્ટ છે. હોમન્સના અભિપ્રાય મુજબ બદલાથી વ્યક્તિને વંચિતતા (deprivation) અથવા પરિતૃપ્તિ (satiation) થશે. સમાજના લોકો વચ્ચે સંબંધો અને દરજ્જાની ન્યાયી વહેંચણી થવી જોઈએ. લોકો પોતાના ખર્ચના પ્રમાણમાં બદલાની અપેક્ષા રાખે છે. જ્યારે બદલાની વહેંચણી ન્યાયીક રીતે થતી નથી ત્યારે આપણી સમક્ષ અન્યાયની પરિસ્થિતિ અથવા બદલાની વહેંચણીમાં ખામી હોય તેવો ખ્યાલ ઊભો થાય છે.

અહીં નોંધવું જરૂરી છે કે વિનિમયની સાથે સંતોષ સાપેક્ષ છે. આથી જ આપણે અહીં સાપેક્ષ વંચિતતા અથવા સાપેક્ષ લાભોની વાત કરી શકીએ છીએ. વિનિમય ન્યાયી અથવા સંતોષકારક છે તેનો આધાર વ્યક્તિ પોતાની કયા જૂથ સાથે સરખામણી કરે છે તેની ઉપર છે. જો લોકોની અપેક્ષાઓ ન સંતોષાય તો તેઓ આક્રમક બનશે અને સંતોષાશે તો આનંદ અનુભવશે. સવાલ એ છે કે આ અપેક્ષાઓનાં મૂળ ક્યાં છે? તેનાં મૂળ સમાજિક ધોરણો અને રિવાજોમાં છે. શું થવું જોઈએ? શું સાચું છે અને ન્યાયી છે? વ્યક્તિનું વર્તન કેવું હોવું

જોઈએ? આ સવાલો સામાજિક ધોરણો સાથે જોડાયેલા છે. (પરમાર : ૧૯૯૪)

આમ, આધુનિક યુગના સમાજના આ નબળા, પછાત, ગરીબ, ઉપેક્ષિત, દલિત વર્ગો એ વંચિત જૂથો હતાં. યંત્રવૈજ્ઞાનિક ક્રાંતિ, ઔદ્યોગીકરણ, નગરીકરણ, શ્રમવિભાજન, નવા વર્ગોનો ઉદ્ભવ-વિકાસ અને આધુનિક યુગમાં આવેલા નવા ખ્યાલો-માનવસમાજ, માનવ અધિકાર, સમાનતા અને સામાજિક ન્યાય, લોકશાહી, વિકાસનો અધિકાર, નાગરિક અધિકારો વગેરેને લઈને અને આધુનિકતાથી સમાજમાં ઉદ્ભવેલા નવા સ્તરીકરણ બદલાની વહેંચણી, વિનીમય, સાપેક્ષ વંચીતતા અથવા સાપેક્ષ લાભો વગેરે ખ્યાલોને કારણે હવે સમાજનાં અસંખ્ય જૂથો વંચિત જૂથો તરીકે ઓળખાતાં થયાં છે. તેથી હવે અનુ-આધુનિકયુગથી આ વંચિત જૂથો વચ્ચે ખુલ્લાં અને ઓળખી શકાય તેવાં બન્યાં છે.

**(૨) વંચિતતાનું સ્વરૂપ, પ્રકાર, માપ અને અભ્યાસ**

વિજ્ઞાનમાં ઉપયોગમાં લેવાતા ખ્યાલો, વ્યાખ્યાઓ, પરિભાષાઓ, ઉપકલ્પનાઓ, કથનો, સિદ્ધાંતો વગેરે અમૂર્ત છે, મૂર્ત નથી. એટલે કે આ ખ્યાલો, વ્યાખ્યાઓ વગેરે સમજી શકાય તેવા હોય છે. નક્કર ઘટના તરીકે તે જોઈ શકાતી નથી. દા.ત. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત, સંદર્ભ જૂથ, દરજ્જો કે ભૂમિકા જેવા ખ્યાલો અમૂર્ત છે. વિજ્ઞાન વધુ ને વધુ અમૂર્ત બનવા પ્રયાસ કરે છે. અમૂર્ત ખ્યાલ રજૂ કરતા શબ્દોને જેવા કે રાજ્ય, સંસ્કૃતિ, ક્રાંતિ વગેરેને ઘણીવાર વિવિધ ક્ષેત્રોમાં છૂટથી વાપરવામાં આવે છે. વંચિતનો ખ્યાલ પણ અમૂર્ત છે અને તેનો સમાજ દ્વારા વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. વંચિત એ વ્યક્તિ કે જૂથના નિમ્ન સામાજિક દરજ્જાનો નિર્દેશ કરતો શબ્દ છે. વંચિત વ્યક્તિ કે જૂથને તેની વંચિતતાના સંદર્ભમાં જ સમજી શકાય છે. વંચિતતા એ વંચિતની વિશેષતા હોય છે. આમ, વંચિત સાથે વંચિતતા સંકળાયેલી હોવાથી વંચિત અને વંચિતતા એક સંકલિત વિભાવના (Compiled concept) કહી શકાય છે.

દેશમાં વંચિત જૂથોની નબળી સ્થિતિનું એક કારણ ગરીબી છે. વંચિત જૂથોના મોટાભાગના લોકો આ ગરીબીમાં સપડાયેલા છે. આ ગરીબીથી તેમની વંચિતતાનું સ્વરૂપ વધુ સ્પષ્ટ દેખાય છે. આવા વંચિતો પાસે પોતાનું ઘર કે સંપત્તિ નથી હોતી. કોઈ બચત, ઓજાર, શિક્ષણ નથી હોતું. આવા લોકો વહેમ, અંધશ્રદ્ધા, ખોટા ખર્ચા અને દેવાને કારણે શોષણના શિકાર બને છે. તેઓ દબાયેલા, કચડાયેલા હોવાથી સત્તાવિહોણા રહે છે. તેઓ ઉપેક્ષિત હોવાથી એકલા-અટૂલા પડી જાય છે. આ વંચિતો કુપોષણ, અતિશ્રમ અને વ્યસનોથી માંદલા રહે છે. તેઓ અશક્ત અને બિમાર હોવાથી તેમની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. આથી તેઓ ઓછી પેદાશ અને ઓછી આવક મેળવે છે. તેથી ખોરાક અને પોષણ પૂરતા પ્રમાણમાં મેળવી શકતા નથી. આવા વંચિતોની સ્થિતિ ખૂબ જ દુ:ખદ, અસહ્ય અને વ્યથિત કરે તેવી હોય છે.

ભારતમાં વંચિત જૂથો મોટેભાગે લઘુમતી જૂથો છે. લઘુમતી હોવું તે વંચિત બનવા માટેનો પાયો પણ છે. દા.ત. જાપાન જેવા દેશોમાં માછીમારી કરનારાઓનું પ્રમાણ મોટું છે, જ્યારે ભારતમાં માછીમારોની સંખ્યા ઓછી હોવાને કારણે એટલે કે લઘુમતી હોવાને કારણે તેઓ આર્થિક સદ્ધરતા કે વિકાસથી વંચિત રહે છે અને તેથી માછીમારી વ્યવસાયને વિકસાવવાની જવાબદારી માછીમારોની પોતાની બની જાય છે. આમ, સંખ્યા ઓછી હોવાને કારણે તેઓ ભારતમાં વંચિત બને છે, જ્યારે જાપાનમાં તેઓ વંચિત નથી (ચૌહાણ : ૨૦૦૭, ૪૯-૫૫).

તેમ છતાં કેટલાંક જૂથો એવાં છે કે જે લઘુમતી છે, પરંતુ તે વંચિત નથી. જેમ કે ભારતમાં પારસીઓ લઘુમતી છે. 'દુનિયાભરમાં પારસી સમાજની વસતી માંડ એક લાખની કહેવાય છે અને વળી તેમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ નાનકડા સમાજે રાજકારણ, અર્થકારણ, હુન્નર ઉદ્યોગ, કાયદો, સખાવત, સમાજસુધારો, રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ, સંગીત, સાહિત્ય, પત્રકારત્વ, રંગભૂમિ વગેરે વિવિધક્ષેત્રમાં નોંધનીય કાર્ય કર્યું છે અને ગુજરાતની અસ્મિતા ઘડવામાં અનુપમ અર્પણ કર્યું છે (કરંજીયા : ૨૦૦૮)' તે વંચિત નથી.

એવી જ રીતે કોઈ જૂથ લઘુમતીમાં હોય અને

સમાજમાં પ્રભુત્વ ધરાવતા જૂથમાં ન આવતો હોય તો તે જૂથ વંચિત બને છે. જેમકે દલિતો પ્રભુત્વ ધરાવતા વર્ગમાં નથી આવતા, તેથી લઘુમતી અને પ્રભુત્વ ન ધરાવતા હોવાથી વંચિત છે. આપણા દેશમાં બધાં લઘુમતી જૂથો આ કારણે પણ વંચિત જૂથ છે. આમ, આપણા દેશમાં લઘુમતી હોવું તે વંચિતતાનું કારણ છે અને તેનો આધાર સામાજિક મૂલ્યો છે.

વંચિતતા અંગે એક બાબત એ મહત્ત્વની છે કે એક જૂથના વંચિત બનવા પાછળના જે આધારો છે એ બીજા વંચિત જૂથના વંચિત બનવાના આધારો નથી. એટલે કે દરેક વંચિત જૂથના વંચિત બનવાના આધારો જુદા જુદા છે. જેમકે સ્ત્રીઓની વંચિતતાના જે આધારો છે તે બાળકો, દલિતો, આદિવાસીઓની વંચિતતાના આધારો નથી. આમ, વંચિતતાનો ખ્યાલ જે તે જૂથના જૂથ સંબંધિત સામાજિક મૂલ્યો, દરજ્જાના સંદર્ભમાં કરવો પડે.

સાથે સાથે વંચિતનો ખ્યાલ સાપેક્ષ પણ છે. અમુક જૂથ કોઈ સમાજમાં વંચિત ગણાતું હોય છે તો અન્ય સમાજમાં તે જ જૂથ વંચિત જૂથ તરીકે ન પણ ગણાતું હોય. જેમકે માછીમારો ભારતમાં, બાંગ્લાદેશમાં વંચિત છે; જ્યારે જાપાન, રશિયા, ચીનમાં તેઓ વંચિત સમૂહ નથી. આમ, વંચિતતાનો ખ્યાલ સાપેક્ષ છે.

આ વંચિત જૂથોને સમજવામાં વંચિતતા એક મહત્ત્વનું કારણ, વિશેષતા કે પરિવર્ત્ય છે. આ વંચિતતાના વિવિધ પ્રકારો કે સ્વરૂપો છે. વંચિતતા આવશ્યકતાઓની અપેક્ષા તથા તેને પ્રાપ્ત કરવા માટેની ક્ષમતા વચ્ચેનો તફાવત છે. જયંતિ પટેલે (૧૯૮૬ : ૭૭-૮૧). વંચિતતાના ત્રણ પ્રકારો દર્શાવ્યા છે :

(૧) **ઘટપ્રેરિત (Decremental) વંચિતતા :** જેમાં જૂથની આવશ્યકતા—અપેક્ષા પ્રમાણમાં સ્થિર રહે છે. જ્યારે, તેમને લાગે છે કે તેમની પ્રાપ્તિ ક્ષમતામાં ઘટાડો થઈ રહ્યો છે. આ પ્રકારની વંચિતતાને પરમ (absolute) વંચિતતા પણ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં લોકો પાસે જે હતું તથા ભૂતકાળ સાથે સરખાવતાં જે હોવું જોઈતું હતું, તેના પ્રમાણમાં જણાતી વંચિતતાથી લોકોમાં રોષ પેદા થાય છે.

(૨) **આકાંક્ષાગ્રસ્ત (Aspirational) વંચિતતા :** આ ઢબની વંચિતતામાં ઘટપ્રેરિત વંચિતતા કરતાં ઊલ્ટી સ્થિતિ હોય છે. લોકોના આવશ્યકતા સ્તર કે ગુંજાસમાં વૃદ્ધિ થતી નથી, પરંતુ તેમની અપેક્ષાઓ વૃદ્ધિ પામે છે. આ પ્રકારને વિકાસશીલ દેશોના સંદર્ભમાં વૃદ્ધિ પામતી અપેક્ષાઓના વિસ્ફોટ તરીકે ઓળખાવી શકાય. આ સ્થિતિમાં લોકો પોતાની પાસે હતું તે ગુમાવ્યાથી નહિ, પરંતુ નવી અને તીવ્ર અપેક્ષાઓને પ્રાપ્ત કરવા માટેનાં સાધનો નહીં હોવાથી રોષ અનુભવે છે.

(૩) **પ્રગતિશીલ (Progressive) વંચિતતા :** લોકોની આવશ્યકતા સ્તરમાં દીર્ઘકાળ સુધી સતત સુધારો થતો રહ્યો હોય ત્યારે તેમના મનમાં સતત સુધારાની અપેક્ષા વિકસે છે. પરંતુ, સુધારાના આ સમય પછી આવશ્યકતા ક્ષમતા સ્થગિત થઈ જાય અથવા તેમાં ઘટાડો આવે ત્યારે પ્રગતિશીલ વંચિતતા સર્જાય છે. એક સાથે વૈચારિક અને વ્યવસ્થાગત પરિવર્તનમાંથી પસાર થઈ રહેલા સમાજમાં આ ઢબની વંચિતતા ખાસ કરીને જોવા મળે છે. તદુપરાંત, વિકાસશીલ અર્થવ્યવસ્થામાં મંદીથી તેમજ, અપરિવર્તનક્ષમ વ્યવસ્થા ધરાવતા સમાજમાં આધુનિક વિચારધારાના આગમનથી, આવી અસર જોવા મળે છે. આ પ્રકારની વંચિતતા દરમિયાન લોકોને એવી ચિંતા થવા લાગે છે કે તેઓ પોતાની આવશ્યકતા પરિપૂર્ણ કરી શકશે નહિં અથવા જે પ્રાપ્ત કર્યું છે તે પણ ગુમાવશે. વધુમાં, જ્યારે લોકોને એમ લાગે કે પ્રવર્તમાન શાસન વિકાસ અથવા આવશ્યકતા તૃપ્તિને આડે આવે છે ત્યારે શાસકો સામે વિદ્રોહનું માનસ આકાર પામે છે.

વંચિતતાનાં આ સ્વરૂપો, પ્રકારો સામાન્ય રીતે રાજકીય હિંસા માટેના અનેક સિદ્ધાંતોને આવરી લે છે. ઘટપ્રેરિત વંચિતતા સ્થગિત સમાજમાં વધુ સંભવિત છે, જ્યારે બીજા બે પ્રકારો નોંધપાત્ર સામાજિક-આર્થિક પરિવર્તનમાંથી પસાર થઈ રહેલાં વિકાસશીલ રાષ્ટ્રોમાં

દેખાય તેવી સંભાવના વધુ છે. જો કે દરેક સમાજમાં કોઈ વખત કેટલાંક જૂથ દરેક પ્રકારની વંચિતતા અનુભવતાં હોય કે વિવિધ જૂથ જુદી જુદી આવશ્યકતાના સંદર્ભમાં વિવિધ ઢબની વંચિતતા અનુભવતાં હોય તેવાં ઉદાહરણ વધુ જોવા મળે છે.

સમગ્ર જૂથમાં કે વર્ગમાં વંચિતતાની લાગણી પેદા થાય તેવી ઘટના કે સ્થિતિથી જ સામૂહિક પગલાં માટેની સંભાવના સર્જાય છે. કોઈ રાજકીય પક્ષ પરના પ્રતિબંધ કે પ્રજાના અધિકારો છીનવી લેવા, ભારે ફુગાવો કે અપ્રત્યાશિત ભાવવધારો, જૂથના દરજ્જામાં (તે જે જૂથની સાથે સરખામણી કરતા હોય તેના પ્રમાણમાં) ઘટાડો જેવી ઘટનાઓ કે પરિસ્થિતિને આનાં ઉદાહરણો ગણાવી શકાય. વ્યક્તિગત તથા સામુદાયિક વંચિતતાને અલગ પાડવાનું તથા માપવાનું શક્ય છે. સર્વેક્ષણ (Survey) પદ્ધતિથી માહિતી એકત્ર કરીને કોઈ સમુદાયની વ્યક્તિઓ કયા પ્રકારની આવશ્યકતાઓ બાબત વંચિતતા અનુભવે છે તે જાણી શકાય છે. વંચિતતાની અનુભૂતિ વ્યાપક બનવાની સાથે તે કેટલી ગાઢ છે, ઉગ્ર છે, કેટલો રોષ પેદા કરે છે તેના આધારે તેની તીવ્રતા નક્કી થઈ શકે છે. આમાં લોકો કઈ બાબતમાં વધુ તીવ્ર લાગણી ધરાવે છે તે અગત્યનું છે. વંચિતતાની તીવ્રતાને પણ મુલાકાત અને વિષયવસ્તુ વિશ્લેષણ (Content analysis) પદ્ધતિ દ્વારા માપી શકાય છે.

**(૩) ભારતનાં વંચિત જૂથોનો પરિચય**

ભારતમાં સમાજશાસ્ત્રમાં સામાજિક સમસ્યાની ચર્ચા મુખ્યત્વે ત્રણ રીતે થતી હતી. કેટલાકે ધર્મ, શિક્ષણ, કુટુંબની સમસ્યાઓ એટલે કે સંસ્થાઓની સમસ્યાના મથાળા હેઠળ સમસ્યાઓની ચર્ચા કરી છે. બીજા કેટલાકે જુદા જુદા સમાજની સમસ્યાઓ જેમ કે ગ્રામીણ, શહેરી, આદિવાસી, ઔદ્યોગિક સમાજની સમસ્યાઓ તરીકે ચર્ચા કરી છે અને બીજા કેટલાકે જૂથોની સમસ્યા જેમ કે બાળ ગુનેગાર, અપરિણીત સ્ત્રીઓ, વૃદ્ધો, સેક્સ વર્કરોની સમસ્યાઓની ચર્ચા કરી છે. પરંતુ આ રીતે ચર્ચા કરતાં વંચિત શબ્દ આવતો નહોતો.

હવે વંચિત શિર્ષક આપીને ચર્ચા કરવાની શરૂઆત સમાજશાસ્ત્રમાં થઈ છે અને તેમાં અનેક જૂથોને નવી દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ વંચિત જૂથો વંચિત કેમ છે તે અંગે વંચિત જૂથોની ચર્ચા થતી નથી. એટલે કે માર્જીનાલાઇજ ગ્રૂપ (હાંસિયામાં મૂકાયેલાં જૂથ) તરીકે તેમણે સમજવા પડે. સમાજના જે તે જૂથને સમુદાયના મૂલ્યોના સંદર્ભમાં સમજીને વંચિતની ચર્ચા કરવાની જરૂર છે.

સમાજનાં આ વંચિત જૂથો સમાજની શ્રેણીઓ છે. કુટુંબમાં છોકરીઓની શ્રેણી, સમગ્ર સમાજના સંદર્ભમાં અમુક જ્ઞાતિઓ, સમુદાયો, ઝુંપડપટ્ટી એ તેમની ભૂમિકાને લઈને વંચિત બને છે. આમ, આ વંચિત જૂથો, સમાજની શ્રેણીઓ કે ભૂમિકાઓ છે. આ જૂથો, શ્રેણીઓ કે ભૂમિકા વંચિત કેમ બને છે તે રીતે તેમની ચર્ચા કરવી જોઈએ.

ભારતમાં આ જૂથો, શ્રેણીઓ કે ભૂમિકાઓ વંચિત બનવા પાછળ સમાજના પરંપરાગત ખોટા ખ્યાલો/ મૂલ્યો જવાબદાર છે. જેવાં કે હિંદુ સમાજમાં વ્યક્તિની ઉત્પત્તિનો ખ્યાલ, પરંપરાગત શુદ્ધિ અને અશુદ્ધિનો ખ્યાલ, વ્યવસાયને શુદ્ધ અને અશુદ્ધ માનવાનો ખ્યાલ, વ્યવસાયની ઉચ્ચતા અને નિમ્નતાનો ખ્યાલ, જ્ઞાતિઓમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન કોટિક્રમનો ખ્યાલ, પુત્રજન્મનો ખ્યાલ, ધર્મ, જ્ઞાતિ અને કુટુંબ દ્વારા નક્કી કરવામાં આવતા ખોરાક અંગે શાકાહાર અને માંસાહારનો ખ્યાલ, સ્વર્ગ અને નર્ક, સ્વચ્છતા અને અસ્વચ્છતા, પાપ અને પુણ્ય, પવિત્ર અને અપવિત્રતાનો ખ્યાલ વગેરે છે.

સમાજનાં આવાં પરંપરાગત મૂલ્યો, ખોટા ખ્યાલોને કારણે એક જૂથ, સમાજની અમુક શ્રેણી કે અમુક ભૂમિકા ભજવતી વ્યક્તિ બીજા જૂથ, ભૂમિકા કે શ્રેણીની સરખામણીમાં અન્યાય ભોગવે છે, તેની સાથે ભેદભાવ રખાય, તેની વધુમતી સમાજ દ્વારા ઉપેક્ષા અને બહિષ્કાર થતો હોય, તેને માર ખાવો પડતો હોય, તેની સાથે હિંસાત્મક આચરણ થતું હોય, તે તેના નાગરિક અધિકારો ભોગવી શકતો ન હોય, તેને ઓછું વેતન મળે છે, તેમનું શોષણ થાય છે, તેને સહન કરવું પડતું હોય, તેનું જીવનનિર્વાહનું સાધન તેનાથી લઈ લેવામાં આવે ત્યારે તે જૂથ, શ્રેણી કે ભૂમિકા વંચિત બને છે.

ભારતમાં આવાં વંચિત જૂથો કેટલાં છે તેના આંકડા સંખ્યાત્મક રીતે આપી શકાતા નથી. ભારતમાં 'આદિવાસી વર્ગ તેમના વન્યજીવનને લીધે અને દલિત વર્ગ અસ્પૃશ્યતાના કારણે ધ્યાન ખેંચે છે. વિચરતી જાતિઓ તેના રખડુ જીવનને લઈ વિકાસથી વંચિત રહેલો વર્ગ છે. વિમુક્ત જાતિઓ પણ હડસેલાઈ ગયેલો વર્ગ છે (યોગી : ૨૦૧૦, ૩૧)'. અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે અનામતની જોગવાઈ સ્વતંત્રતા બાદ ઘડાયેલા બંધારણમાં કરી દેવામાં આવી હતી, પરંતુ સામાજિક અને આર્થિક રીતે પછાત જાતિઓ/વર્ગો (SEBCS) માટે કેન્દ્ર સરકારની નોકરીઓમાં ૨૭ ટકા અનામતની જાહેરાત સરકારે ૧૯૯૦માં કરી હતી. આ અનામત જૂથો તે વંચિત જૂથો છે.

આજે સ્ત્રીઓ 'વારંવાર પ્રશ્ન ઉઠ્યા કર્યા કે લગભગ એક સદી સુધી સુધારાની ચળવળ ચાલી હતી અને તેને પરિણામે કાયદા થયા હતા તે સર્વેની અસરો કેમ જણાતી નથી? વીસમી સદીમાં ગાંધીજીના આગમન પછી સ્ત્રીઓ ઘરમાંથી બહાર નીકળીને સ્વતંત્ર થઈ કહેવાઈ હતી તે સ્વતંત્રતા વીસમી સદીના અંત સુધી પહોંચતાં અદૃશ્ય જ થઈ ગઈ? (પાઠક : ૨૦૦૯,૫),' **વિધવાઓ, વેશ્યાઓ, બાળકો, વ્યંઢળો, સફાઈ કામદારો, મુસ્લિમો, માછીમારો** (ગુજરાત પાસે ૧૬૦૦ કિમી. લાંબો દરિયા કિનારો છે. આ દરિયા કિનારે બંદરો નહોતાં ત્યારથી માછીમારી કરતી પ્રજા ત્યાં રહે છે. પરંતુ તેમ છતાં ગુજરાતી વિશ્વકોષમાં આ માછીમાર શબ્દનો ઉલ્લેખ સુધા નથી. તે એક આશ્ચર્યની બાબત છે), **સ્થળાંતરિતો, વિસ્થાપિતો** (એક અહેવાલ મુજબ આઝાદી પછી વિકાસની યોજનાઓ નિમિત્તે કુલ ત્રણ કરોડ લોકો વિસ્થાપિત થયા છે એ પૈકી આશરે બે કરોડ આદિવાસીઓ છે તેમ છતાં હજી સુધી સરકારે રાષ્ટ્રીય પુનર્વશન નીતિ ઘડી નથી.), **નાના અને સિમાંત ખેડૂતો, ખેત મજૂરો, બંધુઆ મજૂર** (સમાજશાસ્ત્રમાં જાન બ્રીમેને ૧૯૭૭માં દક્ષિણ ગુજરાતના બંધુઆ મજૂરોનો અભ્યાસ કર્યો. બારડોલીની આજુબાજુના ગામડાઓમાં આ પ્રથા જાણીતી હતી. આદિવાસીઓ આ પ્રથાને હાલી પ્રથા કહે છે. બ્રીમેને હાલી પ્રથા કે બંધુઆ મજૂરની વ્યાખ્યા આપતા પહેલાં તેમણે એ ખુલાસો કર્યો છે કે ખેતરમાં કામ કરતા મજૂરો (farm labour) અને બંધુઆ મજૂરો એકબીજાથી જુદા છે. ખેતરમાં કામ કરતા મજૂરો એ કામ કરી પોતાનું દાડીયુ લઈને જતા રહે છે, પરંતુ બંધુઆ મજૂરો એ એક અચોક્કસ સમય સુધી કે જ્યાં સુધી તેઓ પોતાનું દેવુ ચૂકતે કરતા નથી ત્યાં સુધી તેઓ પોતાના માલિક કે જમીનદારને ત્યાં ઘરઘાટી તરીકે ઘરનું અને ખેતીનું કામ કરે છે. ઘણી જગ્યાએ બંધુઆ મજૂરનું આખુ કુટુંબ કામ કરે છે અને જો દુર્ભાગ્યવશ બંધુઆ મજૂર મરણ પામે તો તેના કુટુંબના કોઈ પણ વ્યક્તિને જ્યાં સુધી દેવાની ચુકવણી ન થાય ત્યાં સુધી જમીન માલિકને ત્યાં કામ કરવું પડે છે.). **ઝૂપડપટ્ટીવાસીઓ** 'સુરતની ઝૂપડપટ્ટીઓમાં રહેતા રોજગાર કરતા લોકો અનેકવિધ નાનાં નાનાં વ્યાવસાયિક કામો અને ધંધારોજગારમાં વ્યસ્ત હોવા છતાં સામાન્ય રીતે તેમની આર્થિક સ્થિતિ સામાન્યપણે ગરીબ અને તેમના પૈકીના એક વિશાળ સમૂહની તો ખાસ્સી ચિંતાજનક લખી શકાય એવી નિર્બલ છે (દાસ : ૨૦૦૭, ૨૦'), **નાના, મધ્યમ અને મોટા શહેરના લારી અને પાથરણાવાળા, ફૂટપાથ કે રસ્તા ઉપરના નાના વેપારી ભાઈઓ તથા બહેનો, એક ઓરડાના મકાનમાં રહેતા લોકો (ભાડુઆતો પણ), જીવન જરૂરી ચીજવસ્તુઓના અભાવમાં ગુજરાન કરતા લોકો, સેક્સ વર્કસ, એચ.આઈ.વી./એઈડ્ઝના દર્દીઓ** વગેરે વંચિત સમૂહો છે.'

**ગરીબી રેખા હેઠળ (BPL)ના લાભાર્થીઓ** એ પણ વંચિતો છે. એવી જ રીતે **ભાષા, ધર્મ અને પ્રદેશને આધારે પણ કેટલાંક જૂથો** વંચિત છે. હવે **માલધારીઓને** પણ વંચિત માનવામાં આવે છે. આમ, સમાજનાં અમૂક જૂથો કે શ્રેણીઓ કે ભૂમિકાઓને વંચિત ગણવામાં આવે છે. જો કે **વર્તમાન સમયની વધતી મોંઘવારી, સામાજિક-આર્થિક અસમાનતા અને બેકારીને જોતાં વંચિત જૂથોની સંખ્યા બાબતે કલ્પના કરવી મુશ્કેલ છે.**

સમુદાયના દરેક સભ્યો કેટલા પ્રમાણમાં

આવશ્યકતાઓ ધરાવે છે તેના આધારે વંચિતતાનો વ્યાપ માપી શકાય છે. દરેક જૂથમાં કેટલાક સભ્યો તો ઓછાવત્તા પ્રમાણમાં એક કે બીજી આવશ્યકતાથી વંચિત હોય છે, પરંતુ જ્યારે ઘણા સભ્યો એક જ પ્રકારની વસ્તુ બાબતે વંચિતતા અનુભવતા હોય ત્યારે તે સામુદાયિક અસંતોષમાં પરિણમે છે અને તે ક્યારેક સામુદાયિક હિંસાનો સ્રોત બને છે.

**(૪) વંચિતોની વંચિતતા, કારણ અને સમસ્યાઓ**

સામાન્ય રીતે ભારતમાં વંચિત જૂથોની વંચિતતા માટે ઓછી આવક, ગરીબી, ઓછું ભણતર અથવા ભણતરનો અભાવ, સ્થળાંતર, મધ્યસ્થીઓ દ્વારા શોષણ, જાનનું જોખમ, અસલામત જીવન, સમાજ દ્વારા ઉપેક્ષા અને બહિષ્કાર, નવી ઔદ્યોગિક સાહસિકતાનો અભાવ, સંગઠનનો અભાવ, નેતૃત્વનો અભાવ વગેરેમાંથી કોઈ એક કે એકથી વધુ કારણ હોઈ શકે છે.

મોટેભાગે વંચિતતાનું એક કારણ ગરીબી જણાય છે. ભારતની વસ્તીમાં હાલ ૨૫ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવન જીવતા હોવાનો અંદાજ છે. જેમાં ૩૩ ટકા ગ્રામીણ અને ૨૦ ટકા શહેરી વસ્તીનો સમાવેશ થાય છે. આ ગરીબીની વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર ઉપર વિપરીત અસરો પડે છે. આમ, તો ગરીબી આ દેશનું નસીબ રહ્યું છે. ઉપનિવેશકાળમાં ગરીબીનું અર્થઘટન અર્પિત (ascribed) પરિબળો દ્વારા કરવામાં આવતું હતું. એવું કહેવામાં આવતું હતું કે ઈશ્વરની ઈચ્છા સર્વોપરી છે. એવું ઈશ્વરની ઈચ્છાથી જ છે, જે વ્યક્તિને રાજા-મહારાજ અને પ્રજા બનાવે છે. એ ઈશ્વર જ છે જે વ્યક્તિને ગરીબ અને અમીર બનાવે છે. એ પરંપરા જ છે, જે ગરીબો અને અમીરોનું સર્જન કરે છે.

બંધારણના અમલીકરણ પછી દેશમાં અર્જિત (achieved) પરિબળો નવાં મૂલ્યો તરીકે આવ્યાં અને ત્યારે બંધારણ દ્વારા ગરીબી નિવારણ કાર્યક્રમોનો સમાવેશ રાજ્યના નીતિ નિર્ધારક તત્ત્વોમાં થયો. ૧૯૫૦ અને ૧૯૬૦ ના દસકોમાં ગરીબી ઉપર આખા દેશમાં ચર્ચા થઈ અને એ વિશે શોધ થવા લાગી કે એવા કયા કાર્યક્રમો છે જે ગરીબી દૂર કરી શકે છે. ૧૯૭૦માં ગરીબી નાબૂદીકરણને એક રાજકીય મુદ્દાનું સ્થાન મળ્યું. ૧૯૭૦માં ઇંદિરા ગાંધીએ ચૂંટણીનો એકસૂત્રી કાર્યક્રમ 'ગરીબી હટાવો' આપ્યો. આજ દિવસોમાં ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી (EPW)માં વી.એમ.દાંડેકર અને રથ દ્વારા પ્રકાશિત ગરીબીનો થીસીસ સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બન્યો. ૧૯૮૦ના દસકમાં ગરીબોની સંખ્યા થોડી ઘટી, પરંતુ ત્યાર બાદ ગરીબી વધતી જ ગઈ. ૧૯૯૧માં દેશે પોતાની આર્થિક નીતિનું સ્વરૂપ બદલ્યું. આ નવી આર્થિક નીતિમાં ઉદારીકરણનો સમાવેશ થયો. ઉદારીકરણ પછી ગરીબોની સંખ્યામાં મોટી વૃદ્ધિ થઈ. આજે અત્યારે આપણી સમસ્યા આ વધતી ગરીબીને અટકાવવાની છે.

વંચિતો પાસે પોતાની સંપત્તિ નથી હોતી. સંપત્તિમાં અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. જેવી કે ઘર, ઘરવખરી, જમીન, ઘરેણા, વીમા પૉલિસી, ડિપોઝીટ (પોસ્ટ/બેંક શેરની બચત), ફેક્ટરી, દુકાન, મીલ, વાહન, ઓજારો, ખેતીનાં સાધનો, ટ્યુબવેલ, પશુસંપત્તિ (ગાય, ભેંસો, બળદ, ઘેટાં, બકરા, બતક, મરઘાં વગેરે), વન સંપત્તિ (વૃક્ષો, વાડી, બગીચા, ખાણ વગેરે), જૂની થાપણો, ભેટ સોગાદો, મોજશોખનાં સાધનો વગેરે વસ્તુઓ વંચિતો પાસે હોતી નથી. તેથી તેમણે આવી વસ્તુઓના અભાવમાં જીવન ગુજારવું પડે છે. ક્યારેક આવાં કુટુંબો, કુપોષણ, બિમારીનો ભોગ બને છે. કેટલીકવાર આ વસ્તુઓનો અભાવ વ્યક્તિને લાચા બનાવે છે, ગેરમાર્ગે દોરે છે, દેવું કરાવે છે, કુટુંબની સુખશાંતિ ભંગ કરે છે.

આ સંદર્ભમાં બાંગ્લાદેશી નોબલ પારિતોષિક વિજેતા મહંમદ યુનુસને ટાંકવા પડે. ગ્રામીણ બેંક દ્વારા લાખો ગરીબ પરિવારોના જીવનમાં પરિવર્તન લાવનાર 'ગરીબોના બેંકર' ગણાતા મહંમદ યુનુસે ગરીબીને શાંતિ જોખમાવનાર પરિબળ તરીકે ગણાવી છે. તેમનું માનવું છે કે જો દુનિયામાં શાંતિની સ્થાપના કરવી હોય તો ગરીબી નાબૂદ કરવી જરૂરી છે. એટલે કે તેમના મતે વંચિતતાનો એક આધાર ગરીબી છે. જો આ ગરીબી નાબૂદ થઈ જાય તો દુનિયામાં મોટાભાગની વંચિતતાનો

કોઈ સવાલ જ ન રહે.

જયંતિ પટેલે (૧૯૮૬) વંચિતતા વિશે લખ્યું છે કે 'વંચિતતાને કારણે વ્યક્તિ કે વંચિત સમૂહમાં હતાશા આવે છે. આ હતાશાથી ગુસ્સો પેદા થાય છે. ગુસ્સાથી આક્રમકતા આવે છે. આ આક્રમકતા એ હિંસાનું કારણ બને છે.' તેમનું આ વિધાન વંચિતતાના પરિણામના સંદર્ભમાં મહત્ત્વનું છે.

ભૂતકાળમાં વંચિત લોકો સામૂહિક સાંપ્રદાયિક હિંસાના માર્ગે વળ્યા હોય તેવું આપણા દેશમાં અનેક સ્થાને બન્યું છે. તેનું મુખ્ય કારણ સાપેક્ષ વંચિતતા હતી. (સાપેક્ષ વંચિતતાના ખ્યાલનો સર્વપ્રથમ પ્રયોગ સેમ્યુઅલ સ્ટાઉફરે પોતાના પુસ્તક—'દ અમેરિકન સોલ્જર'માં કર્યો. સ્ટાઉફરના મતે એક જ જૂથના સભ્યોને એવું જાણવા મળે છે કે તેના જ જૂથના બીજા સભ્યોને જે લાભ મળી રહ્યો છે તે લાભ તેને નથી મળતો, ત્યારે તે સાપેક્ષ વંચિતતાનો શિકાર બને છે. રોબર્ટ કિંગ મર્ટન આ સાપેક્ષ વંચિતતાને સંદર્ભ સમૂહનો આધાર માને છે. મર્ટન કહે છે કે આ સાપેક્ષ વંચિતતા જ વ્યક્તિને મહત્ત્વાકાંક્ષી અને પ્રગતિશીલ બનાવે છે.) કોઈ સમુદાયના સભ્યોને રાજકીય હિંસા માટે પ્રેરતા સામાજિક અને મનોવૈજ્ઞાનિક પરિબળોના વ્યાપારના વિશ્લેષણ માટેના ખ્યાલો અને ધારણાઓમાં સાપેક્ષ વંચિતતાની વિભાવના અગત્યની છે. સામુદાયિક આવશ્યકતાની પરિતૃપ્તિ માટે 'શું હોવું જોઈએ' અને 'શું છે' તે બે વચ્ચેના તફાવતમાંથી સર્જાતી તંગદિલીને વ્યક્ત કરવા આ ખ્યાલ પ્રયોજાય છે. તેની સાથે આવશ્યકતાઓ, તેના પ્રકારો, તેની અપેક્ષા, તે માટેની ક્ષમતા અને તક જેવા પેટા ખ્યાલ પણ સંકળાયેલા છે. આ સાથે અસંતોષ-હતાશા ઘટક પણ મહત્ત્વનું છે. તે વંચિતતાની તીવ્રતા અને સામુદાયિક રાજકીય હિંસા વચ્ચેના સંબંધને ગતિશીલ બનાવતું માનસિક પરિબળ છે.

સાપેક્ષ વંચિતતાની વિભાવનામાં વ્યક્તિની પોતાની સમજ, નિરીક્ષણ અને લાગણી નિર્ણાયક છે. વ્યક્તિને શું લાગે છે તે જ મહત્ત્વનું છે. વ્યક્તિને જ્યારે લાગે કે તેની અપેક્ષિત આવશ્યકતાઓ અને પ્રાપ્ત કરવાની ક્ષમતા વચ્ચે ખાઈ સર્જાઈ છે ત્યારે તે અસંતુષ્ટ બને છે. વિસંવાદિતા (maladjustment), વિરક્તિ (non-attechment) અને અવચનબદ્ધતા (non-commitment) પણ સાપેક્ષ વંચિતતામાં મહત્ત્વના બને છે. ભૂતકાળમાં ૧૯૭૮માં અલીગઢમાં, ૧૯૭૯માં જમશેદપુરમાં, ૧૯૯૦માં મુરાદાબાદમાં, ૧૯૮૧માં હૈદરાબાદમાં ૧૯૮૨માં અને ૧૯૮૭માં મેરઠમાં, ૧૯૮૪માં ભિવંડી અને દિલ્હીમાં, ૧૯૮૫માં અમદાવાદમાં, ૧૯૯૦માં જયપુરમાં, ૧૯૯૧માં વારાણસી અને ૧૯૯૨માં મુંબઈમાં સામૂહિક સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓ સાપેક્ષિક વંચિતતાને કારણે બની હતી.

અમદાવાદમાં ૧૯૮૫નાં રમખાણોમાં હિંસા વંચિતતાની ભાવનાને કારણે થઈ હતી. મુખ્ય સમસ્યા અનામતની હતી. જેમાં બંને જૂથો (અનામત વિરોધી અને અનામત સમર્થક) વંચિત અને હતાશ હતા. જેનો લાભ રાજકીય પક્ષોએ પોતાના સ્થાપિત હિતની પૂર્તિ માટે અયોગ્ય રીતે ઉઠાવ્યો અને અનામતના મુદ્દાને જાતિ અને ધર્મ સાથે જોડી દેવામાં આવ્યો. અસામાજિક તત્ત્વો કે જેઓ રાજકીય તાકાતને આધારે દારૂનો ધંધો કરતા હતા અને વિસ્તર્યા હતા, તેમનો રાજકીય પક્ષોએ સાંપ્રદાયિક અવિશ્વાસ વધારવામાં ઉપયોગ કર્યો. એક નાનું છમકલુ ટોળાની ભાવનાને ઉશ્કેરવા માટે પૂરતું હતું. કારણે કે તે વખતે ટોળુ બહુ જ ખરાબ રીતે સાંપ્રદાયિક ભાવનાઓમાં સપડાયેલું હતું. આમ, અમદાવાદમાં તે વખતની સામૂહિક સાંપ્રદાયિક હિંસા વંચિતતાને કારણે થઈ હતી (આહુજા : ૨૦૦૦, ૧૪૧-૧૪૨).

સ્વતંત્ર થયા પછી ભારતે બધા જ ધર્મ, જ્ઞાતિ, વર્ગ અને પ્રદેશના લોકોના વિકાસ માટે જે કેટલાંક ચોક્કસ સામૂહિક લક્ષ્યો નક્કી કર્યા હતા તેમાંથી કેટલાંક લક્ષ્યો પૂરાં થયાં છે. પરંતુ તેના કારણે આપણી સમાજવ્યવસ્થામાં કેટલોક વિરોધાભાસ ઊભો થયો છે. જેમ કે - લોકોની આકાંક્ષાઓ વધી છે, પરંતુ તે પ્રાપ્ત કરવાનાં પ્રામાણિક સાધન કાં તો ઉપલબ્ધ નથી અથવા કાં તો તે આકાંક્ષાઓ પૂર્ણ કરી શકાતી નથી. લોકો રાષ્ટ્રીયતાનો ઉપદેશ આપે છે, પરંતુ ધાર્મિક કટ્ટરતા

જ્ઞાતિવાદ, ભાષાવાદ અને સંકુચિતતાને અપનાવે છે. હવે નેતાઓ દ્વારા નાના, નબળા અને પછાતજુથોની ઉપેક્ષા કરી આખા સમાજને 'હિંદુત્વ'ની ચાદર ઓઢાડવાની પ્રયત્ન દરેક ચુંટણીમાં સામાન્ય બાબત બની છે. કેટલાક કાયદાઓ કર્યા છે, પરંતુ એ કાયદાઓમાંથી છટકવાના રસ્તાઓ પણ છે અથવા તેમનું યોગ્ય રીતે અમલીકરણ થતું નથી. આપણે સમાનતાની વાતો કરીએ છીએ, આપણે આદર્શવાદી સંસ્કૃતિની ઇચ્છા ધરાવીએ છીએ, પરંતુ ભેદભાવને અનુસરીએ છીએ. એ આપણી કમનસીબી છે. આ બાબત વંચિતોને અસર કરે છે.

આ વિરોધાભાસોને કારણે લોકોમાં અસંતોષ અને નિરાશાની લાગણી વધી છે અને તેના કારણે યુવા અશાંતિ, જનજાતિ અશાંતિ, ઓદ્યોગિક અશાંતિ, ખેડૂત અશાંતિ, વિદ્યાર્થી અશાંતિ, સ્ત્રીઓ વિરુદ્ધ હિંસા જેવી કેટલીક સામાજિક સમસ્યાઓ ઉદ્ભવી છે. જેથી સમાજમાં આંદોલનો, રમખાણો, બળવાઓ અને આતંકવાદની ઘટનાઓ વધી છે. આવી પરિસ્થિતિમાં વંચિતોની સ્થિતિ વદુ અસહ્ય બને છે. જે સમાજવાદી સમાજરચના અને સુમેળભર્યા સમાજ (Harmonius Society)ની રચનામાં પણ બાધક બને છે.

કેટલાક વંચિત સમૂહની તેમની લાક્ષણિકતાઓ સમાજના બીજા સમૂહના લોકો ઉપર નકારાત્મક ભાવ પેદા કરે છે. આ પ્રકારના નકારાત્મક ભાવની પાછળ સમાજના ખોટા ખ્યાલો (મૂલ્યો) જવાબદાર હોય છે. જેમ કે માછીમારોના સંદર્ભમાં જોઈએ તો હિન્દુ સમાજમાં પરંપરાગત શુદ્ધિ-અશુદ્ધિનો ખ્યાલ છે અને હિન્દુ સમાજની ઉચ્ચજ્ઞાતિઓ દ્વારા માછીમારી વ્યવસાયને અશુદ્ધ વ્યવસાય માનવામાં આવે છે. તેથી માછીમારોને લોકો અશુદ્ધ માને છે અને તેમનો સરકારી અને ખાનગી બસોની અંદર, ટ્રેનોમાં મુસાફર તરીકે અસ્વીકાર કરે છે.

હાલમાં એચ.આઈ.વી./એઈડ્ઝના દર્દીઓ, સેક્સ વર્કરો અને તેમનાં બાળકો સાથે સમાજમાં કુટુંબ, જ્ઞાતિ, સગાસંબંધીઓ, પડોસ સમૂહ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે દ્વારા 'અસ્પૃશ્ય' જેવો દુર્વ્યવહાર કરવામાં આવી રહ્યો હોય તેવી ઘટનાઓ સાંભળવા મળે છે. આમ, તેઓની સમાજમાં બીજા લોકો દ્વારા ઉપેક્ષા અને અનાદાર થતો હોય છે. તેમને સમાજના બીજા વ્યવસાય કરનારાઓ કરતાં ઓછું માન મળે છે. તેથી પણ તેઓ આપણા ત્યાં વંચિત બને છે.

એવી જ રીતે ભવિષ્યમાં નવાં વંચિત જૂથો બને તેની પણ એટલી જ સંભાવના છે. અત્યારે કોલ સેન્ટરમાં કામ કરનારાઓને પૈસા વધુ મળે છે, તેમાં તેઓ સતત ઊભા રહીને કામ કરે છે, બાર-બાર કલાક કામ કરે છે. તેના લીધે તેમના શરીર પર અસર થાય છે, તેઓ રોગોનો ભોગ બની રહ્યા છે. આ કામને લીધે નાની વયે મૃત્યુ થવાની સંભાવના છે. આમ, આ કામ આજે ખૂબ પૈસા આપતું હોવાથી ઠીક લાગે છે, પરંતુ આગળ જતાં જો તેમાં કામ કરનારાઓ ઉપર શારીરિક, માનસિક અસર થાય તો આ જૂથ ભવિષ્યમાં વંચિત જૂથ બની શકે છે. આ જૂથ માટે પણ બીજાં જૂથો દ્વારા સમાજમાં નકારાત્મક ભાવ જોવા મળે તેવું બને.

**(૫) વંચિતતા નિવારણના પ્રયત્નો**

વંચિતતામાં એક બાબત એ ઉલ્લેખનીય છે કે આજે જે જૂથ વંચિત હોય તે જૂથ ભવિષ્યમાં વંચિત ન પણ રહે. એટલે કે વંચિતતા દૂર થઈ શકે છે, પરંતુ તે માટે સમાજે, સરકારે, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વંચિતોએ પોતે પણ પ્રયત્નો કરવાની જરૂર છે.

વંચિતતા નિવારણ વિષે લખવામાં કેટલીક મુશ્કેલીઓ છે. જેવી કે પહેલી, ભારતમાં વંચિતો કેટલા છે તેના આંકડા સંખ્યાત્મક સ્વરૂપે ઉપલબ્ધ નથી. બીજી, વંચિતો એટલે કયા વંચિતો? વંચિત વ્યક્તિ, વંચિત કુટુંબ કે વંચિત જૂથ તેમાંથી કોના વિશે લખવું કે જેથી તેમાં બધા જ વંચિતોનો સમાવેશ થઈ જાય. ત્રીજી, માત્ર વંચિતો વિશે લખવું કે તેમની વંચિતતાના પ્રકાર વિશે લખવું. જો આ ત્રણે બાબતો નક્કી હોય તો વંચિતતા નિવારણ વિશે લખવું મુશ્કેલ નથી. પરંતુ જ્યારે આવી મુશ્કેલી હોય ત્યારે તે વિશે સમગ્ર દૃષ્ટિએ એટલે કે અહીં વંચિત, વંચિતો, વંચિતજૂથો અને તેમની વંચિતતા વગેરે બધાને ધ્યાનમાં રાખી જ લખી શકાય. આ બધા વિષયો અંગે ઉપલબ્ધ સાહિત્યમાંથી, દેશ-પરદેશમાં થયેલા પ્રયત્નો જોઈ અને પોતાની નિરીક્ષણ શક્તિનો ઉપયોગ કરીને જ તે વિશે લખી શકાય છે.

ભારતમાં આ વિશે ગાંધીજીએ સૌપ્રથમ રચનાત્મક કાર્યક્રમો ઘડેલા. ગાંધીજીના મતે 'રચનાત્મક કાર્યક્રમ એટલે સત્ય અને અહિંસાના સાધન વડે સંપૂર્ણ સ્વતંત્રતાની રચનાનો કાર્યક્રમ' આવી સ્વતંત્રતા એટલે 'ન્યાત, જાત, વર્ણ કે ધર્મના ભેદ વિના રાષ્ટ્રના એક એક ઘટકની સિદ્ધિ' (રચનાત્મક કાર્યક્રમ, ૨૦૦૫, ૫૧). ગાંધીજીએ આ વિભિન્ન રંક ઘટકો અને તદ્સંબંધિત અનેક કાર્યક્રમોની ચર્ચા કરી છે. ગાંધીજીએ ઘડેલ અને સૂચવેલ રચનાત્મક કાર્યક્રમોમાં સ્ત્રીઓને પણ અગ્રતા આપી હતી. ગાંધીજીએ સ્ત્રીઓને વિભિન્ન ક્ષેત્રે સમાનતા આપવા પર ભાર મૂક્યો હતો : જેમાં શિક્ષણ, જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિયતા, કામના ક્ષેત્રે વેતન, સહિતનાં પાસાંને આવરાયાં હતાં. તેમણે છૂટાછેડા, બાળલગ્ન જેવા સામાજિક પ્રશ્નો પર પણ છણાવટ કરી હતી.

સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ તમામ સ્તરે અને ક્ષેત્રોમાં ક્રમશઃ વધી રહ્યું છે. ૧૯મી સદીની તુલનામાં આજે સમાજમાં સ્ત્રીના દરજ્જામાં સુધારો થયો છે. આવેલ આ પરિવર્તન રમાબાઈ પંડિતા, જ્યોતિબા ફુલે, મહર્ષિ કર્વે, રમાબાઈ રાનડે, આનંદીબાઈ કર્વે વગેરેના પરિશ્રમ અને સંઘર્ષને આભારી છે. ઇન્દુ બંગા પોતાના લેખ 'Socio-Religious Reforms and Patriarchy'ના અંતે 'કમિટી ઓફ ધ સ્ટેટસ ઓફ વુમન ઇન ઇન્ડિયા'એ ડિસેમ્બર ૧૯૭૪માં કરેલ અવલોકનનો ઉલ્લેખ કરે છે. 'આ દેશમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓને બંધારણે બક્ષેલા અધિકારો અને સ્વતંત્રતા બાદ ઘડાયેલા કાયદાઓથી કોઈ લાભ પ્રાપ્ત થયો નથી' (૫વાર, ૨૫૪). 'આજે પણ સ્ત્રી સશક્તિકરણ માટેના પ્રયાસો થઈ રહ્યા છે (ગાંધી : ૨૦૧૧).'

જો ખરા અર્થમાં સ્ત્રીઓ માટે કંઈ કરવું હોય તો હવે સમાજમાં સ્ત્રીઓની વંચિતતા દૂર કરવા માટે સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપિત કરવાના સો ટકા પ્રયત્નો કરવા જોઈએ. પચાસ ટકા સ્ત્રીઓની વસતિની સામે એક-બે ક્ષેત્રે ૩૩ ટકા અનામત આપી દેવાથી સ્ત્રીઓની વંચિતતા ઘટવાને બદલે તે ઔર વધે છે. તેથી અનામતની વહેંચણીના ધોરણે સ્ત્રી-પુરુષ બંને માટે એક સમાન બનાવવાની જરૂર છે. નાણાનું બજેટીંગ જેન્ડર (લિંગ)ના પ્રમાણને ધ્યાનમાં રાખી કરવાની જરૂર છે. વર્તમાન સમયમાં જો સ્ત્રીઓના નામનો ઉલ્લેખ દરેક ઠેકાણે શાળામાં, પ્રોપર્ટીમાં, લાઈટબિલમાં, પાનકાર્ડ, ક્રેડિટ કાર્ડ, શેરસર્ટીફિકેટ, બચતપત્રો વગેરેમાં એમ દરેક જગ્યાએ થવા લાગે તો તેઓ વંચિતથી બિનવંચિત બનવા તરફ જાય છે. મહિલા નેતૃત્વનો વિકાસ થાય તે માટે મહિલાઓને દરેક તબક્કે સમાન તક આપવાની જરૂર છે.

સ્વતંત્રતા પૂર્વ બંગાળ, બિહાર, ઓરિસ્સા અને તમિલનાડુના કેટલાક ભાગોમાં બંધુઆ મજૂરની વ્યવસ્થા જાણીતી હતી. ગાંધીજીએ આ પ્રથા નાબૂદ કરવા માટે 'અંત્યોદય કાર્યક્રમ' આપ્યો હતો. આઝાદી પછી આપણે આ સમસ્યા અંગે કાયદો ઘડ્યો. કાનૂને ભલે તેમને વેઠ અને ગુલામીમાંથી મુક્ત કર્યા હોય, પણ તેઓ હજુ ગુલામીમાંથી બહાર આવ્યા નથી. હાલ કોઈ ખાસ પરિવર્તનો જોવા મળતાં નથી. તેમને સવર્ણોની ગુલામીમાંથી છોડાવવાનું કામ કઠિન છે. આ પરિસ્થિતિ બદલવાની જરૂર છે.

ગાંધીજીએ દક્ષિણ ગુજરાતના હળપતિ આદિવાસીઓને સત્યાગ્રહ દરમિયાન સલાહ આપી હતી કે તેઓએ બંધુઆ મજૂરી છોડી દેવી જોઈએ. હળપતિઓની દારુણ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીજીએ 'હળપતિ સેવા સંઘની' સ્થાપના કરી. જેમાં સરદાર પટેલ અને જુગતરામ દવે જેવા સંનિષ્ઠ કાર્યકરોએ હળપતિ-કલ્યાણ દ્વારા સર્વાંગી વિકાસ કરવાનો પ્રયાસ કર્યો છે. તેના પરિણામે હળપતિ લોકો પોતાનાં સંતાનોના શિક્ષણમાં રસ દાખવીને શાળામાં મોકલે છે. આરોગ્ય અને તબીબી સેવાનો લાભ લેતા થયા છે. કુટુંબકલ્યાણનાં કાર્યો અસરકારક બન્યાં છે. આ ઉપરાંત હળપતિ-સંગઠન, ખેતમજૂર સહકારી મંડળી, હળપતી શિક્ષણ પ્રચાર જેવી સંસ્થાઓ કલ્યાણ માટે કાર્ય કરે છે (હર્ષિદા દવે, 'ગુજરાતી વિશ્વકોષ' ખંડ નં-૧૫).

બાબાસાહેબ આંબેડકરે પછાતવર્ગો-ગરીબ વર્ગોને,

દલિત વર્ગને-સૌને માટે સોનેરી સુત્રો આપ્યાં છે : શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો. વંચિતતા નિવારણ વિશે તેમનાં આ સૂત્રો મહત્ત્વનાં છે.

ઠક્કરબાપાએ આદિવાસીઓના મુખ્યત્વે છ પ્રશ્નો દર્શાવ્યા હતા, જેમ કે નિરક્ષરતા, ગરીબાઈ, બિન-આરોગ્ય, વહીવટી માળખાની ખામી, નેતૃત્વનો અભાવ અને દુર્ગમ વિસ્તાર. જો કે આમાંના પહેલા પાંચ પ્રશ્નો આજના મોટાભાગના વંચિતોને સ્પર્શે છે. સરકારે વિવિધ યોજનાઓ દ્વારા વંચિતોને જીવનમાં સલામતી, સારી નોકરીઓ, મફત ઓજારો-સાધનો, સસ્તું ઘર, જરૂરી શિક્ષણ, કુટુંબના સ્વાસ્થ્યનો વીમો (મેડીક્લેઈમ), કુટુંબમાં જુદા જુદા સમયે જેવાકે - જન્મ, લગ્ન, મૃત્યુ, દેવુ અને બીમારી સમયે આર્થિક મદદ/લોન, ધંધો-વ્યવસાય શરૂ કરવો હોય તો જરૂરી તાલીમ અને નાણા સબસીડીથી મળી શકે તેવું આજીવન લાંબાગાળાનું આયોજન કરવું જોઈએ. જેથી તેમણે જીવનમાં કોઈ વસ્તુઓના અભાવમાં જીવન ગુજારવું પડે નહીં. તેના માટે કોઈ વાર્ષિક લાભાર્થીઓની સંખ્યા કે લક્ષ્યાંકો બાંધેલા હોવા જોઈએ નહીં. લાભો મેળવવાની પ્રક્રિયા સરળ હોવી જોઈએ. જો કોઈ વ્યક્તિ આધાર પુરાવાના અભાવમાં લાભથી વંચિત રહેવા પામતો હોય તો તેવી વ્યક્તિ માટે વિશેષ જોગવાઈઓ હોવી જોઈએ.

ભારતમાં સમાજનાં જૂથો, શ્રેણીઓ કે ભૂમિકાઓ વંચિત બનવા પાછળના સમાજના વિવિધ ખોટા ખ્યાલો જવાબદારી છે. આવા ખોટા ખ્યાલો, મૂલ્યોને બદલવાની જરૂર છે. લોકશાહી, સમાનતા, ન્યાય, વિકાસ, અધિકાર, નેતૃત્વ સંબંધિત નવાં આધુનિક મૂલ્યોનો પ્રચાર-પ્રસાર વ્યાપક બનાવવાથી સમાજની પરંપરાગત વ્યવસ્થામાં પરિવર્તન આવશે. પરંપરાગત મૂલ્યો કે ખોટા ખ્યાલોનું પાલન કરાવનારા લોકો કે જૂથોને દંડીત કરવા માટેના કાયદાઓ અસરકારક બનાવવા જોઈએ.

મહંમદ યુનુસ (૨૦૦૦)નો ઉલ્લેખ અહીં કરવો જરૂરી છે. તેમનું માનવું છે કે આતંકવાદ સામેનું યુદ્ધ લશ્કરી પગલાંથી લડી શકાય તેમ નથી. આપણે આતંકવાદના ફેલાવા પાછળનાં મૂળ કારણોનો ઉપાય કરવો જોઈએ. તેમણે જણાવેલું કે શસ્ત્રો પાછળ ખર્ચ કરવાને બદલે ગરીબોનું જીવન સુધારવા પાછળ આપણી શક્તિ લગાડીશું તો વિશ્વશાંતિ વહેલી હાંસલ કરી શકીશું. અમાનવીય પરિસ્થિતિ, અન્યાય, આર્થિક, સામાજિક, રાજકીય વ્યવસ્થા, ખોટાં સામાજિક મૂલ્યો, લોકતંત્રનો અભાવ, પર્યાવરણની હાનિ, માનવ અધિકારોની અવગણના આ બધાં અશાંતિ જન્માવનારાં પરિબળો છે. ત્રીસ વર્ષમાં ગ્રામીણ બાંગ્લાદેશનાં ૭૩,૦૨૨ ગામડાંઓના ૭૦ લાખ લોકોને લોન મળી અને ૬ લાખ ૪૦ હજાર કુટુંબોએ તેમાંથી પોતાનાં ઘર બાંધ્યાં. ૫૮ ટકા લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા. મહંમદ યુનુસનો આ સંદેશ દુનિયાભરમાં ફેલાઈ ચૂક્યો છે અને કરોડો ગરીબો બચત-ધિરાણ અને સ્વસહાય જૂથો દ્વારા પોતાની જાતને ગરીબીમાંથી બહાર લાવવા મથી રહ્યા છે. ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓને આ કામગીરી સોંપવાની જરૂર છે.

કેટલાંક વર્ષોથી શિક્ષણની મેડિકલ એંન્જિનિયરીંગની સંસ્થાઓમાં મેનેજમેન્ટ/એન.આર.આઈ.નો કોટા છે અને તેમાં વંચિતોના માટે અલગથી કોટા નિશ્ચિત કરવો જરૂરી લાગે છે. કારણ કે હાલમાં જે કોટા વ્યવસ્થા છે તેમાં પૈસાદાર બાળકો જઈ શકે છે, પરંતુ ગરીબ વંચિતો ઊંચી ફીના ધોરણે કારણે ત્યાં સુધી પહોંચી શકતા નથી, જે વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે ઈર્ષ્યા ભાવ પેદા કરે છે. જ્યારે દેશની મોટાભાગની વસતિનો નિમ્ન, મધ્યમ વર્ગમાં સમાવેશ થતો હોય, વંચિતોમાં થતો હોય ત્યારે તે રીતે કોટા નિશ્ચિત કરવો જોઈએ. મેનજમેન્ટ કોટામાં આવાં વંચિત જૂથો માટેનો વિશેષ કોટા હોવો જોઈએ.

અનામત જૂથોને આપવામાં આવતં જાતિ પ્રમાણપત્ર મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે. તેમાં પણ આવકનં પ્રમાણપત્ર (ક્રીમીલેયર સર્ટિફીકેટ) મેળવવાની પ્રક્રિયા લાંબી, જટીલ અને નિરાશાજનક છે. ઘણીવાર તે સમયસર ન મળવાને કારણે કેટલાય લોકોને નોકરી ન મળી શકવાના કિસ્સા બનતા રહે છે. મહત્ત્વની બાબત એ છે કે આ પ્રમાણપત્રો

આપવાની જવાબદારી સરકારની હોવા છતાં આજ સુધી તેણે ક્યારેય આ બાબતે કોઈ વિચાર સુદ્ધ કર્યો નથી. ભારતનાં ગામડાંઓમાં વસતી બહુમતિ પ્રજા ગરીબ છે અને તેની મોટાભાગની સંસ્થાઓ તાલુકાઓ કે શહેરોમાં સ્થાપિત થઈ છે. અનામત જૂથોને પોતાનાં પ્રમાણપત્રો મેળવવા અનેકવાર આ તાલુકા કે શહેરો સુધી જવું પડે છે, જેમાં તેમને ત્યાં સુધી આવવા-જવાનું ભાડુ અને ખર્ચ થાય છે.

એવીજ રીતે ખેડૂતો, આદિવાસીઓ, માછીમારો વગેરે જૂથોની જમીન સંપાદિત કરતી વખતે જ તેની અસર તેમના વ્યવસાય પર પડતી હોય હોય તો તે રોકવી જોઈએ. તેમની જમીન સંપાદન કરતાં પહેલાં તેમની ઇચ્છા જાણવી જોઈએ. જો તેઓ પોતાની જમીન આપવા તૈયાર થાય તો તેમને આર્થિક વળતર ચૂકવવાની સાથે કાયમી રોજગારી, સગવડતાંવાળાં રહેઠાણો, તેમનાં બાળકો માટે શિક્ષણની સગવડ વગેરેને પ્રાથમિકતા આપવી કે જેથી તેમનું સાચું પુનર્વસન થઈ શકે એવા પ્રયત્નો કરવા જોઈએ. સ્થળાંતરિતો અને વિસ્થાપીતોનું પુનર્વસન પણ આવી રીતે જ કરવું જોઈએ કે જેથી તેમના જીવન અને સંસ્કૃતિને બાહ્ય વિસ્તારોની અસરથી બચાવી શકાય. વિવિધ જૂથોએ સ્થાપેલાં સ્વૈચ્છિક મંડળો (યુવા મંડળ, ખેડૂત મંડળ, મહિલા મંડળ, માછીમાર સહકારી મંડળ, આદિવાસી મંડળ વગેરે)ને પૂરતું પ્રોત્સાહન આપવું જોઈએ, કે જેથી તેમનો રાજકીય પ્રભાવ વધે, નેતૃત્વનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

એ દેખીતી રીતે સ્વીકાર્ય છે કે નબળાં જૂથો (vulnerable groups) ના રક્ષણ અર્થે માનવ અધિકારોનું સર્જન કરાયું છે. નબળાં જૂથોમાં બાળકો, મહિલાઓ, કેદીઓ, વૃદ્ધો, દર્દીઓ, આરોપીઓ, લઘુમતીઓ વગેરેનો સમાવેશ થાય છે. યુનોએ બાળકોના અધિકારો અંગે ૧૯૮૯માં એક ઘોષણાપત્ર પ્રગટ કરેલ છે. આ ઘોષણાપત્રના અનુસંધાને જ ભારતીય સંસદે 'કિશોર ન્યાય (બાળકોની કાળજી અને રક્ષણ) ધારો, ૨૦૦૦' પસાર કરેલ છે (કારીઆ : ૨૦૧૧, ૨૧-૨૨).

વર્તમાન સમયમાં સફાઈ કામદાર, સેક્સ વર્કર વંચિત સમૂહ છે. સફાઈ કામમાં અમુક જ્ઞાતિઓ જ આ કામ કરી શકે તેવું અત્યારે છે, પરંતુ જો આ કામ માટે વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ થવા લાગે, હાથથી સફાઈ કરવાને બદલે મશીનોથી સફાઈ થાય તો પછી ભવિષ્યમાં સફાઈ કામદાર વંચિત સમૂહ ન પણ રહે. એવી જ રીતે સેક્સ વર્કરને સમાજમાં માનથી જોવામાં આવે, તેમના વ્યવસાયને હલકુ ન ગણવામાં આવે, તેમનો આર્થિક દરજ્જો સુધરે તો તે ભવિષ્યમાં વંચિત સમૂહ તરીકે નહીં રહે. આમ સમાજમાં જો અમુક મૂલ્યોનો આગ્રહ રાખવામાં આવે તો તેમની વંચિતતા દૂર થઈ શકે છે.

આમ, ભવિષ્યમાં વંચિતતા દૂર પણ થઈ શકે છે.

**સંદર્ભસૂચિ :**


૧. આહુજા, રામ (૨૦૦૦) : 'સામાજિક સમસ્યાએ', રાવત પબ્લિકેશન્સ, જયપુર અને નઈ દિલ્હી. (હિન્દી)

૨. કરંજીઆ, યઝદી (૨૦૧૦), 'ગુજરાતની અસ્મિતા ઘડવામાં પારસીઓનું પ્રદાન' (ગુજરાતની અસ્મિતા : મારી નજરે, સંપાદક - ઉત્તમ પરમાર) કીમ એજ્યુકેશન સોસાયટી, કીમ, સુરત.

૩. કારીઆ, અશ્વિન (૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૧) : 'માનવ અધિકારના ઇતિહાસમાં અનોખી ભાત પાડતો ચુકાદો', નયા માર્ગ, અમદાવાદ.

૪. ગાંધી, બી.એન. (જાન્યુઆરી-માર્ચ, ૨૦૧૧) : 'પંડિતા રમાબાઈ સરસ્વતી ૧૮૫૨-૧૯૨૨' અર્થાત્, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ, સુરત.

૫. ગાંધી, મોહનદાસ, કરમચંદ, (૨૦૦૨) 'રચનાત્મક કાર્યક્રમ-તેનું રહસ્ય અને સ્થાન', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, (સાતમું પુનઃમુદ્રણ)

૬. ચાર્લ્સ, લેમર્ટ (Ed.), Social Theory, Westview press, 1993.

૭. ચૌહાણ, પરેશ (૧ મે, ૨૦૦૭) : 'ભારતમાં માછીમારો – કેટલાંક નિરીક્ષણો' યોજના, અમદાવાદ.
૮. દવે, હર્ષિદા : 'હળપતિ', ગુજરાતી વિશ્વકોષ, ખંડ નંબર-૧૫, પાના નંબર ૧૮૦-૧૮૧
૯. દાસ, બિસ્વરૂપ, (જા-મા. અને એ.-જૂન, ૨૦૦૭) : 'શહેરી ઝુંપડપટ્ટીઓમાં મુખ્ય સામાજિક અને ધાર્મિક સમૂહોમાં સામાજિક-આર્થિક તફાવદ સૂચક લાક્ષણિકતાઓ', અર્થાત્, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ, સુરત.
૧૦. દોષી, એસ. એલ. (૨૨૦) : 'આધુનિકતા, ઉત્તર આધુનિકતા એવમ નવ સમાજશાસ્ત્રીય સિદ્ધાંત.' રાવત પબ્લિકેશન્સ, જયપુર અને નઈ દિલ્લી. (હિન્દી)
૧૧. દોષી, એસ. એલ. અને જૈન, પી. સી. (૨૦૦૩) : 'ભારતીય સમાજ : સંરચના અને પરિવર્તન', નેશનલ પબ્લિશિંગ હાઉસ, જયપુર અને નઈ દિલ્લી. (હિન્દી)
૧૨. પટેલ, જયંતિ (૧૯૮૬) : 'સમુદાયિક રાજકીય હિંસા : પ્રક્રિયા-વિશ્લેષણ', નૈનિ પ્રકાશન, અમદાવાદ
૧૩. પરમાર, વામ. એ. (૧૯૯૪) : 'સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૧૪. પાઠક, ઈલા (ફેબ્રુઆરી, ૨૦૦૯) : 'સ્ત્રીઓની સમસ્યાઓ અને નાગરિક સમાજના પ્રતિસાદનાં સો વર્ષ', સમાજકારણ, ગુજરાત સામાજિક સેવા મંડળ, અમદાવાદ.
૧૫. યુનુસ, મુહંમદ (૨૦૦૦) : 'વંચિતોના વાણોતર,' ઉત્તમ સાહિત્ય સહકારી મંડળી લિ. સુરેન્દ્રનગર.
૧૬. યોગી, શંભુભાઈ (૧૬ માર્ચ, ૨૦૧૦) : 'એક નજર આ તરફ', નયામાર્ગ, અમદાવાદ.
૧૭. શ્રીનિવાસ, એમ.એન. (૧૯૯૩) : 'આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ (અનુવાદકો - મધુસૂદન પારેખ અને પુરુષોત્તમદાસ શાહ)

•

મોટાભાગની સફળ વ્યક્તિ એવી છે જે ઓછું બોલે છે અને વધુ સાંભળે છે.

•

કોઈ પણ કાર્ય તમે ખુશ થઈને કરો તેનું પરિણામ પણ તમને આનંદ આપશે.

•

ઈચ્છા સફળતાનું પ્રારંભિક બિંદુ છે. જે રીતે તણખો ઓછી ગરમી આપે છે
તેમ નાની ઈચ્છા નાના પરિણામો આપે છે.

•

જો આપણે નિષ્ફળતામાંથી પાક મેળવીએ છીએ તો સફળતા જ છે.

•

ખાલી મગજને ખુલ્લુ મગજ બનાવી દેવું તે જ શિક્ષણનો હેતુ છે.

•

નિષ્ફળતાનો અર્થ એ નથી કે તમે નિષ્ફળ છો. તેનો મતલબ માત્ર એટલો જ છે કે તમે હજુ સુધી સફળ થઈ શક્યા નથી.

•

# શિપ બ્રેકિંગ યાર્ડ અલંગના સ્થળાંતરિતો પર થયેલ સાંસ્કૃતિક અસરો એક અભ્યાસ – ડૉ. બાદર કુરેશી*

**પ્રસ્તાવના :**

સમાજ વિકાસનો ઈતિહાસ તપાસીએ તો જોઈ શકાય છે કે શિકારી સમાજ અવસ્થામાંથી સેવાકીય સમાજ અવસ્થા સુધીની સફરમાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની ગતિશીલતા ઔદ્યોગિક ક્રાંતિ પછીથી વધી છે. ઈંગ્લેન્ડમાં લગભગ 1760માં થયેલી ઔદ્યોગિક ક્રાંતિના પગલે યુરોપમાં ઔદ્યોગિક સમાજના ઉદ્‌ભવ-વિકાસની પ્રક્રિયાનો આરંભ થયો. ત્યારબાદ લગભગ એક સદી પછી ભારતમાં બ્રિટીશ શાસન દરમિયાન ઔદ્યોગિક સમાજનાં બીજ વવાયાં. અક્ષયકુમાર દેસાઈ નોંધે છે તેમ, ભારતમાં 1850 થી 1855ની સાલના વર્ષોમાં સુતરાઉ કાપડની પહેલી મિલ, શણની થોડી મિલો અને કોલસાની ખાણોનો આરંભ થયો. એકવીસમી સદીમાં આ ઔદ્યોગિક ગતિશીલતા જાણે કે ચરમ સીમા ઉપર પહોંચી હોય તેવો ભાસ થાય છે. આધુનિક સમાજવિદો અને સામાજિક ચિંતકોને આ ગતિશીલતાની દિશા અને સ્વરૂપ સમાજના ટકાઉ વિકાસ તરફ જ લઈ જશે તેવું લાગતું નથી.

ભારતમાં ઔદ્યોગીકરણની પ્રક્રિયાએ સામાજિક સંસ્થાઓ અને તેનાં મૂલ્યોમાં પરિવર્તન સર્જ્યું છે. ઉદ્યોગીકરણે શ્રમ વિભાજનનું સ્વરૂપ બદલ્યું છે. કૃષિ આધારિત ગ્રામીણ અર્થવ્યવસ્થા કુટુંબ આધારિત હતી. ઉદ્યોગીકરણ વ્યક્તિ આધારિત અર્થવ્યવસ્થા છે. સેવાઓના સંબંધોને બદલે કરારી સંબંધો ઉપર અને અર્પિત દરજ્જાને બદલે પ્રાપ્ત દરજ્જા ઉપર તેની અર્થવ્યવસ્થા છે. આ નવી અર્થવ્યવસ્થાએ ભારતીય સંસ્કૃતિ પર ઘેરી અસર નીપજાવી છે.

ઔદ્યોગીકરણ દ્વારા સ્થળાંતરને પ્રોત્સાહન મળે છે. પરિણામે સંયુક્ત કુટુંબથી અલગ વસવાટ કરવાનું વ્યક્તિ માટે જરૂરી બને છે. વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધે છે. ઉદ્યોગીકરણ વ્યક્તિ સ્વાતંત્ર્ય પ્રેરે છે. નવી પેઢી વધુ શિક્ષિત બને છે. શિક્ષિત બનતાં અને બાહ્ય સંપર્કો વધતાં વિચારોમાં પરિવર્તન ઉદ્‌ભવે છે. આ વિચારોનું પરિવર્તન પોતાની ભાષા, રહેણી-કરણી, વર્તન, ખોરાક તથા પોશાકની ઢબ અને મનોરંજન જેવી સાંસ્કૃતિક બાબતોમાં પણ પરિવર્તન લાવે છે. પ્રસ્તુત અધ્યયનમાં ઉપરોક્ત એવી બાબતોને ધ્યાને લઈ, એવા જ એક વિષય ‘શિપ બ્રેકિંગ યાર્ડ-અલંગ ઉદ્યોગના સ્થળાંતરીતો પર થયેલ સાંસ્કૃતિક અસરો’ ચકાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસના હેતુઓ :**

મુખ્ય હેતુ : અલંગ ઉદ્યોગથી સ્થળાંતરીતોમાં સાંસ્કૃતિક પરિવર્તનની ચકાસણી

ગૌણ હેતુઓ : અલંગ ઉદ્યોગમાં કામ કરતા સ્થળાંતરીતોમાં

(1) રહેણી-કરણીમાં આવેલ પરિવર્તન જાણવું.

(2) ખોરાક અને પોશાકની ઢબમાં આવેલ ફેરફારો તપાસવા.

(3) મનોરંજનની પ્રવૃત્તિમાં થયેલ પરિવર્તન ચકાસવું.

**અભ્યાસનું ક્ષેત્ર અને નમૂના પસંદગી**

**શિપ બ્રેકિંગ યાર્ડ - અલંગ**

અભ્યાસનું ક્ષેત્ર એ શિપ બ્રેકિંગ યાર્ડ - અલંગ અને તેમાં કામ કરતા સ્થળાંતરીતો છે. આપણા ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના ત્રાપજ ગામથી અંદર 10 કિ.મી. દક્ષિણે દરિયા કિનારા પર આવેલા અલંગમાં 1982ની સાલમાં શિપ બ્રેકિંગ યાર્ડનો ઉદ્‌ભવ થયો. ગુજરાત રાજ્યના તત્કાલીન નાણામંત્રીશ્રી સનત મહેતાએ ગુજરાતના દરિયા કિનારે શિપ બ્રેકિંગ યાર્ડ બની શકે તેવી સંભાવના જોઈ અને અલંગ ખાતે શિપ બ્રેકિંગ યાર્ડ પ્રસ્થાપિત કરાવ્યું. આ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડનો ઉદ્‌ભવ અને તેની આસપાસના ગ્રામીણ સમાજ માટે એક નવીન ઘટના બની રહ્યું. આ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં તા.13

* અધ્યાપક મ.દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, જિ. ગાંધીનગર.

ડિસેમ્બર 1983 એ સૌથી પહેલું જહાજ ભાંગવા માટે લાંગરવામાં આવ્યું અને અલંગમાં જહાજ ભાંગવાના આ ઉદ્યોગની વિકાસયાત્રા શરૂ થઈ. આ યાર્ડમાં વિવિધ માપના પ્લોટ બનાવવામાં આવ્યા છે. આ પ્લોટોની ફાળવણી જહાજોના કદ પ્રમાણે કરી છે. આ યાર્ડની શરૂઆત (1982)માં મેટલ સ્ક્રેપ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (MSTC) દ્વારા વહેલા તે પહેલાના ધોરણે ફાળવણી કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ બ્રેકર્સના અસંતોષને કારણે 1994માં વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરીને પ્લોટ્સ ફાળવણીના ટેન્ડર મંગાવીને હરાજી કરીને વધુ ભાવ આપનારને પ્લોટો 10 વર્ષની લીઝ પર ફાળવવામાં આવેલ છે. અલંગ યાર્ડના વિકાસ સાથે વધતી જતી પ્લોટ્સની જરૂરિયાતોને કારણે અલંગ સાથે જોડાયેલ 'સોંસીયા' શિપ બ્રેકિંગ યાર્ડની શરૂઆત પણ થઈ છે. આ જહાજ ભાંગવાની પ્રવૃત્તિ અવિરત વિકસતી જાય છે જે નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે. (માહિતી દર 5 વર્ષની સ્થિતિએ)

| ક્રમ | વર્ષ | શીપની સંખ્યા | વજન મે.ટન |
|---|---|---|---|
| 1 | 1982-83 | 5 | 24716 |
| 2 | 1987-88 | 61 | 395139 |
| 3 | 1992-93 | 104 | 563568 |
| 4 | 1997-98 | 188 | 1252830 |
| 5 | 2002-03 | 261 | 2122220 |
| 6 | 2007-08 | 333 | 2727223 |
| 7 | 2012-13 | 374 | 3037882 |

આમ, આ અલંગ યાર્ડમાં જહાજો ભાંગવાની પ્રવૃત્તિ સતત વધતી રહી હોવાને કારણે હાલમાં આ પ્રવૃત્તિમાં સીધી કામગીરીમાં અંદાજે 25000 લોકો રોકાયેલા છે. જે અલંગની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી ઉપરાંત આસપાસના જિલ્લાઓ અને સમગ્ર દેશના અમુક રાજ્યોમાંથી સ્થળાંતરિત થઈ આ જહાજ ભાંગવાની પ્રવૃત્તિમાંથી રોજગારી પ્રાપ્ત કરી રહ્યા છે.

**નમૂના પસંદગી**

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં કામ કરતા સ્થળાંતરીતોમાંથી માહિતી એકત્રીકરણની પ્રયુક્તિ 'મુલાકાત અનુસૂચિ' દ્વારા જવાબ આપવા સંમત થાય તેવા ઉત્તરદાતાઓને ધ્યાને લઈ સંશોધન માટેના ઉત્તરદાતાઓની નમૂના પસંદગી બિન યદ્દચ્છ નિદર્શન પદ્ધતિ અંતર્ગત 80 ઉત્તરદાતાઓનું હેતુપૂર્વક નિદર્શન કરવામાં આવ્યું છે.

આ ઉત્તરદાતાઓ ક્યાંથી સ્થળાંતરિત થયા તે માહિતી નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

| ક્રમ | રાજ્ય | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | ગુજરાતમાંથી | 62 | 77.50 |
| 2 | ગુજરાતની બાજુનાં રાજ્યોમાંથી | 10 | 12.50 |
| 3 | ગુજરાતથી ખૂબ દૂરનાં રાજ્યોમાંથી | 08 | 10.00 |
| | **કુલ** | **80** | 100.00 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસ હેઠળના મોટાભાગના એટલે કે 77.50 ટકા અલંગમાં કામ કરતા ઉત્તરદાતા સ્થળાંતરિતો ગુજરાત રાજ્યના અલગ અલગ વિસ્તારોમાંથી જ આવેલ છે. જ્યારે બીજા નંબરે એટલે કે 12.50 ટકા સ્થળાંતરીતો ગુજરાત રાજ્યની બાજુના રાજ્યોમાંથી તો સૌથી ઓછા એટલે કે 10 ટકા સ્થળાંતરિતો ખૂબ દૂરનાં રાજ્યોમાંથી રોજગારી મેળવવા અત્રે આવેલા છે.

માનવી સામાજિક પ્રાણી છે એને પોતાના સમાજ કે કુટુંબથી દૂર થવું ગમતું ન હોઈ, ઉપરોક્ત વિગત પરથી સ્પષ્ટ થાય છે કે અલંગમાં કામ કરતા સ્થળાંતરિતોમાંથી ખૂબ દૂરથી આવી રોજગારી મેળવતા સ્થળાંતરિતો ખૂબ ઓછા છે. જ્યારે ગુજરાત રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાંથી અને ખાસ કરીને નજીકના વિસ્તારના સ્થળાંતરિતો વધુ પ્રમાણમાં છે. આ અલંગ ઉદ્યોગમાં કામ કરતા સ્થળાંતરિતો કેવા-કેવા સમુદાયો

કે જ્ઞાતિઓમાંથી આવેલ છે? તે જાણવા માટે નીચેની માહિતી મદદરૂપ થશે.

| ક્રમ | જ્ઞાતિ/સમુદાય | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | સવર્ણ | 16 | 20.00 |
| 2 | બક્ષીપંચ | 32 | 40.00 |
| 3 | દલિત | 18 | 22.50 |
| 4 | આદિવાસી | 14 | 17.50 |
| | **કુલ** | **80** | **100.00** |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે આ ઉદ્યોગમાં કામ કરતા સ્થળાંતરિતોમાં સૌથી વધુ બક્ષીપંચ જ્ઞાતિ-સમુદાયના લોકો છે. ત્યારબાદ અનુક્રમે દલિતો, સવર્ણો અને આદિવાસીઓ છે. દરેક જ્ઞાતિ-સમુદાયની એક અલંગ સંસ્કૃતિ હોય છે. સ્થળાંતર થતાં દરેક જ્ઞાતિ-સમુદાયના લોકોને અન્ય સમુદાયની સંસ્કૃતિ, વાતાવરણ અસર કરતાં મૂળ સંસ્કૃતિમાં લાંબે ગાળે પરિવર્તન થતા રહે છે.

**શિપ બ્રેકિંગ યાર્ડ - અલંગ ઉદ્યોગ અને સાંસ્કૃતિક પરિવર્તનો :**

પ્રત્યેક ઐતિહાસિક યુગમાં આપણા માનવ સમાજમાં પરિવર્તન લાવતાં પરિબળોનું અસ્તિત્વ રહેલું છે. આપણા દેશમાં મુસ્લિમ અને મોગલયુગ દરમિયાન કેટલાંક રાજકીય અને સાંસ્કૃતિક પરિબળોએ આપણા સમાજ પર અસર ઉપજાવી, તો બ્રિટિશ યુગ દરમિયાન બ્રિટિશ શાસન અને સ્વાતંત્ર્ય માટેની રાષ્ટ્રીય ચળવળ જેવાં પરિબળોએ પરંપરાગત ભારતીય ગ્રામીણ સમાજ પર દીર્ઘકાલીન અને ક્રાંતિકારી અસરો ઉપજાવી. જેને લીધે ગ્રામીણ સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનવા ઉપરાંત પરિવર્તનની દિશા નક્કી થવા પામી. સ્વાતંત્ર્યોત્તર ભારતમાં માનવ સમાજમાં સામાજિક વિકાસ અને પરિવર્તનો ઝડપી અને હેતુપૂર્વકના બનવા લાગ્યાં. ભૂમિ સુધારણા, સહકાર, પંચાયતી રાજ, હરિયાળી ક્રાંતિ, સંપર્ક વ્યવહાર, શિક્ષણ અને ઔદ્યોગીકરણ જેવાં અનેકવિધ પરિબળોએ માનવ સંસ્કૃતિના પરિવર્તનને ઝડપી બનાવ્યા છે.

પ્રસ્તુત અભ્યાસ શિપ બ્રેકિંગ યાર્ડ-અલંગ ઉદ્યોગના સ્થળાંતરીતોમાં સાંસ્કૃતિક પરિવર્તનો કેવા પ્રકારનાં થયાં હશે? તે જાણવા માટે નીચેની માહિતીઓ પરથી ખ્યાલ આવી શકશે.

**રહેણી-કરણીમાં આવેલ પરિવર્તન દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | રહેણી-કરણી | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત રહેણીકરણી | 22 | 27.50 |
| 2 | આધુનિક રહેણીકરણી | 58 | 72.50 |
| | **કુલ** | **80** | **100.00** |

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવે છે કે સ્થળાંતરિતોમાંથી લગભગ ચોથા ભાગના એટલે કે 27.50 ટકા સ્થળાંતરિતો આજે પણ પરંપરાગત એટલે કે પોતાના ગામ, કુટુંબ કે સમુદાયમાં જેવું જીવન જીવતા હતા એવી જ રહેણી કરણીથી જીવન જીવે છે. પરંતુ મોટાભાગના સ્થળાંતરિતો એટલે કે 72.50 ટકાના જીવનની રહેણીકરણીમાં બદલાવ આવેલ છે. આ સ્થળાંતરિતોના જીવનમાં આધુનિક પરિવર્તન જેવા કે ઘરમાં ભૌતિક સુવિધાઓથી સજ્જ જીવન જીવતા થયા છે જે સુધારાત્મક પરિવર્તન જોવા મળે છે.

**પોષાકની ઢબ સંબંધી માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | પોષાકની ઢબ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત પોષાક | 12 | 15.00 |
| 2 | આધુનિક પોષાક | 68 | 85.00 |
| | **કુલ** | **80** | **100.00** |

પોષાક દ્વારા જે તે સમુદાયની સંસ્કૃતિનાં દર્શન થાય છે. અત્રેના સ્થળાંતરિતોના પરંપરાગત પોષાક ફક્ત 15 ટકા લોકો જ પહેરે છે. મોટાભાગના સ્થળાંતરિતો એટલે કે 85 ટકા લોકો પોતાનો મૂળ

પોષાક ત્યજી આધુનિક/ફેશન પ્રમાણેના પોષાકો પહેરતા થયા છે જે મોટું સાંસ્કૃતિક પરિવર્તન દર્શાવે છે.

**ખોરાકની પરંપરા સંબંધી માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | ખોરાકની પરંપરા | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | પરંપરાગત ખોરાક | 55 | 68.75 |
| 2 | વધુ ખર્ચાળ ખોરાક | 25 | 31.25 |
| | **કુલ** | **80** | **100.00** |

અત્રેના સ્થળાંતરીતોમાં તેમની ખોરાકની ટેવો જાળવી રાખતા એવા 68.75 ટકા જે મોટાભાગના ઉત્તરદાતા છે. પરંતુ આ સ્થળાંતરીતોમાં ત્રીજા ભાગના એટલે કે લગભગ 31.25 ટકા ઉત્તરદાતાઓ પોતાના પરંપરાગત ખોરાકમાં વધુ ખર્ચ કરી અદ્યતન ખોરાક પદ્ધતિ તરફ વધતા જોવા મળેલ છે.

**મનોરંજન-ધાર્મિક તહેવારોની ઉજવણી, રતમ-ગમત પ્રવૃત્તિ વગેરેમાં થતા ફેરફાર સંબંધી માહિતી દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | પ્રવૃત્તિ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | મનોરંજન | | |
| | - પારંપરીક | 10 | 12.50 |
| | - આધુનિક પ્રવાસ પિક્ચર જોવા, મોબાઈલ વગેરે | 70 | 87.50 |
| 2 | ધાર્મિક તહેવારોની ઉજવણી | | |
| | - પરંપરાગત રીતે | 08 | 10.00 |
| | - આધુનિક રીતે | 72 | 90.00 |
| 3 | રમતગમત | | |
| | - પરંપરાગત રીતે | 12 | 15.00 |
| | - આધુનિક રમતો | 68 | 85.00 |

ઉપરોક્ત ત્રણે બાબતો સંસ્કૃતિનું વિશેષ પ્રતિનિધિત્વ કરે છે. એ અનુસંધાને જોઈ શકાય છે કે મનોરંજનના પારસ્પરિક સ્રોતોનો ઉપયોગ કરતા અભ્યાસ હેઠળના ફક્ત 12.5 ટકા સ્થળાંતરીતો છે જેની સામે 87.5 ટકા સ્થળાંતરીતો મનોરંજન માટે પ્રવાસે જવું, પિક્ચર જોવા જવું કે મોબાઈલ અને ટીવીનો ઉપયોગ કરે છે. જેથી જીવન જીવવાની દ્રષ્ટિમાં ઝડપી બદલાવ જોઈ શકાય છે. એ જ રીતે ધાર્મિક તહેવારોની ઉજવણીમાં મોટે ભાગે એટલે કે 90 ટકા સ્થળાંતરીતો આધુનિક સાધનો/પદ્ધતિઓનો ઉપયોગ કરતા થયા છે. તો રમત-ગમતમાં પણ કુલ સ્થળાંતરીતોમાંથી મોટાભાગના એટલે કે 85 ટકા ઉત્તરદાતાઓ ક્રિકેટ જેવી આધુનિક રમતો તરફ વળ્યા છે.

**તારણો :**

શિપ બ્રેકિંગ યાર્ડ-અલંગ ઉદ્યોગની સ્થળાંતરીતો પર થયેલ સાંસ્કૃતિક અસરનો અભ્યાસ કરતાં નીચે મુજબની અસરો દ્રશ્યમાન થઈ છે.

1. 1982-83માં સ્થપાયેલ શિપ બ્રેકિંગ યાર્ડ ઉદ્યોગ-અલંગ (ભાવનગર)નો વિકાસ છેલ્લા 32 વર્ષમાં ખૂબ ઝડપી થયો હોઈ તેના વધુ વિકાસ માટે તેની બાજુની 'સોંસીયા' યાર્ડમાં આ ઉદ્યોગની પ્રવૃત્તિઓ ચાલુ કરવી પડી છે.
2. આ ઉદ્યોગમાં કામ કરતા મોટાભાગના સ્થળાંતરીતો ગુજરાત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી આવેલ છે.
3. અલંગ ઉદ્યોગના મોટાભાગના સ્થળાંતરીતોની રહેણી-કરણીમાં આધુનિક પરિવર્તન જોવા મળે છે. જેમાં ભૌતિક સુવિધાઓથી સજ્જ રહેણી કરણી વધતી જાય છે.
4. અભ્યાસ હેઠળના સ્થળાંતરીતોની નવી પેઢીના યુવાનોનાં પોષાકો પણ મોટે ભાગે આધુનિકતાથી સભર જોવા મળે છે.
5. આ સ્થળાંતરીતોના ખોરાકની ઢબમાં પરિવર્તન ઓછું જોવા મળ્યું. મોટાભાગના એટલે કે 69 ટકા સ્થળાંતરીતો પોતાનો પરંપરાગત ખોરાક લે છે, જ્યારે 31 ટકા સ્થળાંતરીતો પોતાના ખોરાકની બાબતોમાં વધુ ખર્ચ કરી, ખોરાકમાં સુધારાત્મક પરિવર્તન કરી જીવન જીવતા થયા છે.

6. અભ્યાસ હેઠળના સ્થળાંતરિતો પોતાના મનોરંજન માટે પારંપરિક મનોરંજન છોડી પ્રવાસ, મૂવી તથા ટીવી અને મોબાઈલના ઉપયોગ દ્વારા મોટેભાગે મનોરંજન મેળવતા થયા છે. આ ઉપરાંત ધાર્મિક ઉજવણીમાં પણ ખૂબ ખર્ચ કરી 90 ટકા ઉત્તરદાતાઓ જબરદસ્ત ઉત્સાહ સાથે ધાર્મિક ઉજવણી કરે છે. તો રમત-ગમતોમાં 85 ટકા એટલે કે મોટાભાગના ઉત્તરાદાતાઓ ક્રિકેટ જેવી આધુનિક રમતો તરફ વળ્યા છે.

આમ, આજના આ ઔદ્યોગીકરણને કારણે રોજગારી માટે થતા સ્થળાંતરો વધ્યા છે, ત્યારે સ્થળાંતરોને કારણે માનવ સંસ્કૃતિમાં જે પરિવર્તનો થતાં હોય છે તેમાં અત્રેના આ શિપ બ્રેકિંગ યાર્ડ-અલંગમાં કામ કરતા સ્થળાંતરિતોના અભ્યાસ પરથી જોવા મળતાં સાંસ્કૃતિક પરિવર્તનોમાં જોઈએ તો તેમની રહેણી-કરણીમાં આધુનિકતાની અસર જોવા મળી છે. પોષાક સંબંધી મોટું પરિવર્તન દ્રશ્યમાન થાય છે. આ પરિવર્તનથી મૂળ જ્ઞાતિ-સમુદાયની ઓળખ લુપ્ત થઈ ગઈ છે. સાથે ખોરાકની ઢબમાં ખૂબ ઓછું પરિવર્તન જોવા મળે છે, તો મનોરંજનનાં સાધનોમાં બદલાવ, ધાર્મિક તહેવારોની ઉજવણીમાં આધુનિકતા તથા રમત-ગમતની મેદાની રમતો પણ લુપ્ત થઈ છે.

આમ, ઔદ્યોગીકરણને કારણે થતા સ્થળાંતરને પરિણામે માનવ સંસ્કૃતિનાં જુદાં-જુદાં પાસાંઓ થોડા કે ઘણે અંશે જરૂરથી પ્રભાવિત થતાં રહે જ છે.

**સંદર્ભો :**


1. અભિયાન મેગેઝીન : લેખ : 'વહાણોના વિસર્જનથી સમૃદ્ધિનું સર્જન', 12 ઓક્ટોબર, 1992.
2. જાની ઈન્દ્રકુમાર : અલંગ શિપ બ્રેકિંગ ઉદ્યોગ અને તેના કામદારો, ખેતભવન, અમદાવાદ, 1994.
3. ઝવેરી મહેન્દ્ર કે. : સામાજિક પરિવર્તન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, 1977.
4. વાઘેલા અનિલ : ઉદ્યોગ અને સમાજ વચ્ચે સંબંધ, પીએચ.ડી. થીસીસ, 2002.
5. શાહ એ. જી. અને દવે જે. કે. : ઔદ્યોગિક સમાજશાસ્ત્ર, અનડા પ્રકાશન, આવૃત્તિ - 2008-09.
6. શાહ એ. જી. અને દવે જે. કે. : ગ્રામીણ સમાજશાસ્ત્ર, અનડા પ્રકાશન, આવૃત્તિ - 2000.
7. શાહ એ. જી. અને દવે જે. કે. : સામાજિક સ્તર રચના, સામાજિક ગતિશીલતા અને સામાજિક પરિવર્તન, આદર્શ પ્રકાશન, અમદાવાદ.
8. શાહ વી. પી. : સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, 1994.


●

તમે અજ્ઞાનતા અનુભવો એ જ જ્ઞાનની દિશામાં મોટું પગલું છે.

●

સફળતાનું એક જ સૂત્ર છે, જ્યારે અન્ય તમામ હિંમત હારી ચૂક્યા હોય તો પણ તમે મંડ્યા રહો.

●

જેવી રીતે સ્વચ્છ દર્પણમાં મુખ ચોખ્ખું દેખાય છે. તેવી જ રીતે શુદ્ધ મનમાં જ્ઞાન પ્રગટ થાય છે.

●

જે માણસ એવું સમજે છે કે દરેક વાત એની સમજમાં તરત આવી જાય છે. એ કશું જ શીખી શકતો નથી.

●

**(અનુસંધાન ટાઈટલ પેજ - ૪ નું ચાલુ)**

સામાજિક સેવામંડળનું મુખપત્ર એવું **'સમાજકારણ'** સામાજિક પરિવર્તન અને પ્રશ્નો પરત્વે વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રયત્નશીલ છે. તેમાં મહદ્‌અંશે સંશોધનલેખોનો આગ્રહ રાખવામાં આવે છે. સૌપ્રથમ તો જે લેખકોએ તેમના લેખ મોકલી આપ્યા છે તેમને અભિનંદન.

પ્રસ્તુત અંકમાં ૫ અધ્યાપકો અને ૧ Ph.d. વિદ્યાર્થીનો લેખ છે. સમાજકારણ પૂર્વસમિક્ષિત (referred) હોવાથી આવેલા લેખોનું વિદ્વાન પરામર્શકોએ પરામર્શન કરી સંપાદકનું કાર્ય હળવું કર્યું છે. તે માટે તેમનો આભાર માનું છું.

પ્રસ્તુત અંક પણ અગાઉના અંકોની જેમ વાચકોનો આવકાર મેળવશે. વિદ્વાનો અને વાચકોના અભિપ્રાય અને સૂચનો આવકાર્ય બની રહેશે.

**- ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

• • •

**શિક્ષણની દશા**

દુનિયાની પ્રથમ ૨૫૦ યુનિવર્સિટીમાં આપણા દેશની કોઈ યુનિવર્સિટી નથી. તેનો અર્થ એવો નથી કે કોઈ કામ થતું નથી. કેટલીક એવી સંસ્થાઓ છે જે ગહન સંશોધનકાર્યો કરે છે, શ્રેષ્ઠ શિક્ષણ આપે છે, પરંતુ તેવા અલ્પ જબકારથી આ દેશ પાટે ચઢે તેમ નથી. ઉભડક પ્રયાસોથી શિક્ષણની ગુણવત્તા સુધરી ના શકે. કઈ રીતે સુધરી ના શકે તેનો અનુભવ લેવા માટે જ શ્રીમતી ઈરાનીએ માનવસંશાધન ખાતાના પ્રધાનપદને જાણ્યું અને માણ્યું. હવે આ મંત્રાલય એ અનુભવ શ્રીમાન પ્રકાશ જાવડેકરને આપે છે. આજકાલ પાટનગર નવી દિલ્હી એક મોટી અવિધીસરની નિશાળમાં રૂપાંતર થઈ ગયું છે. સૌ ગોથા ખાતા-ખાતા શીખે છે. તેઓને બધું જ આવડી જાય અને આત્મભાન આવી જાય ત્યાં સુધી પ્રજાએ પ્રતિક્ષા કરવાની રહેશે. ચાલુ વર્ષે ચાલીસ હજારથી વધુ અધ્યાપકો રોડ પર આવી ગયા, તેમના હાથમાંથી ચૉક, ડસ્ટર અને કીબોર્ડ છિનવાઈ ગયા. આ સમાચાર ગઈ ગ્રીષ્મમાં આખા દેશમાં પ્રસારિત થયા. કેન્દ્ર સરકારના એક પણ નેતાએ તેના પર કંઈ ન બોલવાનું મુનાસિબ માન્યું. છતાં ભાજપનાં પૂજકોએ હાસ્યાસ્પદ રીતે કહ્યું કે વૈશ્વિક ટેક્નોલોજીકલ રિવોલ્યુશનમાં આ આઘાત સ્વાભાવિક હતો અને દેશની શૈક્ષણિક પ્રગતિનો સ્વાભાવિક ક્રમ છે!

કેન્દ્ર સરકાર નવી IIT અને અન્ય આંતરરાષ્ટ્રીય દરજ્જાની સંસ્થાઓની જાહેરાત કરતી રહે છે. પરંતુ પ્રવર્તમાન સરકારે આજ-કાલ કરતાં સાડા ત્રણ વર્ષ સુધી વિદ્યાક્ષેત્રની સંપૂર્ણ ઉપેક્ષા કરી છે. ન્યુ એજ્યુકેશન પોલિસીનાં કેટલાક ડ્રાફ્ટ પાટનગરમાં ફરે છે, પણ તેમાંથી એકેય હજુ 'ટેબલ્ડ' થયા નથી. દેશનાં વિદ્યાર્થી માટે આત્મબોધ એટલો જ છે કે 'સ્વમેવ પ્રગતિ વિના તેનો ઉદ્ધારક કોઈ નથી.'

સૌજન્ય : 'ગુજરાત સમાચાર'
તંત્રીલેખ
૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭

## સંપાદકીય

દેશની ટેક્નિકલ અને અન્ય વિદ્યાશાખાઓની હજારો કૉલેજોને તાળાં વાગી ગયાં છે અને આવતા વર્ષે તેટલી જ કૉલેજો બંધ થશે, જે દેશના ઉચ્ચ શિક્ષણ પ્રત્યે વધતી અશ્રદ્ધા અને નિરાશા અંગેનો ચિંતાજનક સંકેત છે. દેશમાં આજે ઉચ્ચશિક્ષણ પ્રત્યે ગંભીર કટોકટી ઊભી થઈ છે. આ કટોકટી ઉત્પન્ન થવાનું કારણ સરકારનું શિક્ષણ પ્રત્યે ઓરમાયું વલણ અને બિનજરૂરી હસ્તક્ષેપ છે. સરકારે આવું વલણ છોડીને શિક્ષણની પરિસ્થિતિ સુધારવા તાત્કાલિક સક્રિય થવું ખૂબ જરૂરી છે.

સરકાર આજે નક્કી કરે કે શિક્ષણને સર્વ સ્તરેથી ઊંચે લઈ જવું છે તો પણ બે દાયકા લાગે એટલા નીચેના પગથિયે વિદ્યાર્થી સમાજ ઊભો છે. મોબાઈલ મનોરંજનમાં સરસ્વતીના મોર, સિતાર અને પુસ્તકો તણાઈ રહ્યાં છે. ખરેખર તો દેશને શિક્ષણ અંગેના ‘સ્ટેટસ રિપોર્ટ’ની તાત્કાલિક જરૂર છે, જે દર્શાવી આપે કે વાસ્તવિકતા શું છે? દુનિયાના સૌથી નવયુવાન દેશ તરીકે ભારતનો પરિચય આપવામાં આવે છે, તે વિધાનમાં અપડેટ એટલું જ છે કે ‘સૌથી નવ યુવાન અને સૌથી બેરોજગાર!’

વૈશ્વિકીકરણને લીધે વિશ્વ નાનું બન્યું છે. ભારતમાં પણ વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ અનેક નવી માંગ ઊભી કરી છે ત્યારે ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને સેવાના પ્રભાવવાળા માહિતી સમાજ અને જ્ઞાનિક (knowledge) અર્થવ્યવસ્થામાં પરંપરાગત અભ્યાસક્રમો હવે ચાલે તેમ નથી. આવનારા દિવસોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટ ટેક્નોલોજીનો પ્રભાવ વધવાનો છે, ઓટોમેશન વધવાનું છે ત્યારે કેટલાક વ્યવસાય અને નોકરીઓ નાબૂદ થવાના છે. કાર્યનું સ્વરૂપ બદલાવાનું છે ત્યારે જ્ઞાની, કૌશલ્યયુક્ત અને સર્જનાત્મકતા ધરાવતી વ્યક્તિઓ તૈયાર કરવા માટે વિવિધ શાખામાં નવસંશોધિત અભ્યાસક્રમ ઘડવા એ તાતી જરૂરિયાત છે.

નવા અભ્યાસક્રમો સાથે નવી શિક્ષણ પદ્ધતિ અને પરીક્ષા પદ્ધતિમાં ધરમૂળથી બદલાવની જરૂર છે. નવી વ્યવસ્થા એવી થવી જોઈએ જેમાં વ્યવહારુ ઉપયોગિતા અને રોજગારલક્ષિતા વધુ હોય, એટલે કે લોકો પોતાના જીવનનો અર્થઉદ્દેશ પૂર્ણ કરી શકે. જો આમ થશે તો વિદ્યાર્થીઓને દેશ-વિદેશમાં જૉબ મળશે તેમ જ સમાજ અને રાજ્યની જરૂરિયાતો પૂર્ણ થશે. માટે આવી યોજના ઉપર વિના વિલંબે કામ શરૂ કરી દેવું જોઈએ.

**(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
**વર્ષ : ૧૨, જાન્યુઆરી-૨૦૧૮, અંક : ૧**
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.